અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૦ એપ્રિલ ૨૦૨૫, રવિવાર
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર વદ ૭
વર્ષ : ૧૬
અંક : ૨૮૭
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ઘરમાંથી અપહરણ કરી માર મારી મૃત્યુ નીપજાવ્યું

# બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુ નેતાની હત્યા કરવામાં આવી

### બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુ નેતાની હત્યા મામલે ભારતે ફટકાર લગાવતા કહ્યું હવે બહાના બંધ કરો : બાંગ્લાદેશની સરકાર પોતાની જવાબદારી નિભાવે







। (એજન્સી) ઢાકા, તા.૧૯ ।

બાંગ્લાદેશના દિનાજપુર જિલ્લામાં એક અગ્રણી હિન્દુ સમુદાયના નેતાનું કથિત રીતે તેમના ઘરેથી અપહરણ કરવામાં આવ્યું હતું અને માર મારવામાં આવ્યો હતો. ડેઈલી સ્ટારે પોલીસ અને પરિવારના સભ્યોને ટાંકીને જણાવ્યું હતું કે, ઢાકાથી લગભગ ૩૩૦ કિમી ઉત્તર-પશ્ચિમમાં આવેલા દિનાજપુરના બાસુદેવપુર ગામના રહેવાસી ભાવેશ ચંદ્ર રોય (ઉ.વ.૫૮)નું બાઈક પર સવાર શખસો દ્વારા તેમના ઘરેથી અપહરણ કરવામાં આવ્યું હતું અને તેની હત્યા કરી તેના મૃતદેહને ઘરે મોકલવામાં આવ્યો હતો.

આ ઘટના અંગે મૃતક ભાવેશની પત્ની શાંતાનાએ ડેઈલી સ્ટારને જણાવ્યું હતું કે તેમના પતિને સાંજે ૪:૩૦ વાગ્યાની આસપાસ ફોન આવ્યો હતો અને તેણે દાવો કર્યો હતો કે ગુનેગારોએ તેમના ઘરે તેમની હાજરીની પુષ્ટિ કરવા માટે કોલ કર્યો હતો. શાંતાનાએ વધુમાં જણાવ્યું હતું કે, લગભગ ૩૦ મિનિટ પછી, ચાર માણસો બે મોટરસાઈકલ પર આવ્યા અને કથિત રીતે ભાવેશનું તેના ઘરેથી અપહરણ કર્યું હતું. તેને નારબારી ગામમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેને નિર્દયતાથી મારવામાં આવ્યો હતો. જ્યારે તેને ઘરે પરત મોકલવામાં આવ્યો ત્યારે તે બેભાન હતો અને પરિવારના સભ્યો તેને દિનાજપુરની હોસ્પિટલમાં લઈ ગયા હતા. જોકે, ત્યાં પહોંચતા જ તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. ભાવેશ ચંદ્ર રોય બાંગ્લાદેશ પૂજા ઉદ્‌જાપન પરિષદના બિરલ એકમના ઉપ-પ્રમુખ અને વિસ્તારના હિન્દુ સમુદાયના અગ્રણી નેતા હતા.

ડેઈલી સ્ટારે બિરલ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારી અબ્દુસ સબૂરને ટાંકીને કહ્યું કે કેસ નોંધવાની તૈયારી ચાલી રહી છે. તેમણે કહ્યું કે પોલીસ શકમંદોને ઓળખવા અને ધરપકડ કરવા માટે કામ કરી રહી છે. દરમિયાન, ભારતે શુક્રવારે પશ્ચિમ બંગાળમાં હિંસા અંગે બાંગ્લાદેશી અધિકારીઓની ટિપ્પણીઓને નકારી કાઢી હતી અને ઢાકાને ઉપદેશ આપવાને બદલે દેશમાં લઘુમતીઓના અધિકારોની સુરક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરવા જણાવ્યું હતું. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, ‘અમે પશ્ચિમ બંગાળમાં બનેલી ઘટનાઓ અંગે બાંગ્લાદેશ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓને નકારી કાઢીએ છીએ.’ તેમણે કહ્યું કે, બાંગ્લાદેશ દ્વારા કરવામાં આવેલી આ ટિપ્પણી તેમના દેશમાં લઘુમતીઓ પર થતા અત્યાચાર અંગે ભારતની ચિંતાને લોકોની ચિંતાઓ સાથે સરખાવવાનો એક કપટપૂર્ણ પ્રયાસ છે જ્યાં આવા કૃત્યોના ગુનેગારો મુક્તપણે ફરતા હોય છે. બાંગ્લાદેશના દિનાજપુર જિલ્લામાં હિન્દુ સમુદાયના અગ્રણી નેતા ભાવેશ ચંદ્ર રોયની ક્રૂર હત્યા પર ભારતે આકરી પ્રતિક્રિયા આપી છે. ભારત સરકારે આ ઘટનાની સખત નિંદા કરી છે અને બાંગ્લાદેશની વચગાળાની સરકારને લઘુમતીઓના રક્ષણની જવાબદારીથી ભાગવા અને બહાના બનાવવાનું બંધ કરવા જણાવ્યું છે. ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા પર લખ્યું કે, ’બાંગ્લાદેશમાં હિન્દુ લઘુમતી નેતા ભાવેશ ચંદ્ર રોયના અપહરણ અને ક્રૂર હત્યાથી અમને દુઃખ થયું છે. આ ઘટના બાંગ્લાદેશમાં હિન્દુ લઘુમતીઓ પરના અત્યાચારોની શ્રેણીનો ભાગ લાગે છે, જ્યારે જૂના કેસોના ગુનેગારો હજુ પણ મુક્તપણે ફરે છે.’ તેમણે વધુમાં લખ્યું કે, ’અમે આ ક્રૂર હત્યાની નિંદા કરીએ છીએ અને ફરી એકવાર બાંગ્લાદેશની વચગાળાની સરકારને યાદ અપાવીએ છીએ કે તેઓ કોઈપણ બહાના કે ભેદભાવ વિના હિન્દુઓ સહિત તમામ લઘુમતીઓનું રક્ષણ કરવાની પોતાની જવાબદારી નિભાવે.’

### JEE મેઈનનું પરિણામ જાહેર

## ૨૪ વિદ્યાર્થીએ ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા જેમાં ૨ ગુજરાતી સામેલ

### આ વર્ષે JEE મેઈન ૨૦૨૫ બે રાઉન્ડમાં લેવામાં આવી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ શુક્રવારે મોડી રાત્રે એન્જિનિયરિંગ કોલેજોમાં પ્રવેશ માટે લેવામાં આવેલી જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામિનેશન (JEE) મેઈન ૨૦૨૫ના બીજા તબક્કાનું પરિણામ જાહેર કર્યું. JEE મુખ્ય સત્ર એક અને બીજા સત્રની પરીક્ષામાં કુલ ૨૪ ઉમેદવારોએ ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા છે. જેમાં રાજસ્થાનના ઓમ પ્રકાશ બેહેરા, સક્ષમ જિંદાલ, અર્ણવ સિંહ, રજિત ગુપ્તા, મોહમ્મદ અનસ, આયુષ સિંઘલ અને લક્ષ્ય શર્માએ ટોપ પર છે. જ્યારે ગુજરાતના શિવેન વિકાસ તોષનીવાલ અને અદિત પ્રકાશ ભગડે ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા છે. ગુજરાતમાં શિવેન વિકાસ તોસનીવાલ અને આદિત પ્રકાશ ભાગડેએ ૧૦૦ પર્સન્ટાઈલ રેક મેળવીને ટોપ કર્યું હતું. આ વર્ષે JEE મેઈન ૨૦૨૫ બે રાઉન્ડમાં લેવામાં આવી હતી. જો કોઈ ઉમેદવાર બંને સત્રોમાં હાજર રહ્યો હોય, તો અંતિમ મેરિટ યાદી તૈયાર કરતી વખતે JEE મેઈનમાં ઉમેદવારના શ્રેષ્ઠ સ્કોરને ધ્યાનમાં લેવામાં આવશે. આ વર્ષે પરીક્ષામાં કુલ ૯,૯૨,૩૫૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૬,૮૧,૮૭૧ મહિલા ઉમેદવારો અને ૩,૧૦,૪૭૯ પુરુષ વિદ્યાર્થીઓ હતા. પહેલા સત્રમાં ૧૪ વિદ્યાર્થીઓએ ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા હતા. ૨૪ ઉમેદવારોમાંથી, ૭ રાજસ્થાનના, ૩-૩ મહારાષ્ટ્ર, તેલંગાણા અને યુપીના, ૨-૨ પશ્ચિમ બંગાળ, ગુજરાત અને દિલ્હીના છે. એક-એક કર્ણાટક અને આંધ્રપ્રદેશનો છે. ૧૦૦ પર્સન્ટાઈલ મેળવનારાઓમાં ૨૧ ઉમેદવારો સામાન્ય શ્રેણીના છે.

## સદંતર ફ્લોપ જતાં કાંગારૂ બેટર પર ભડક્યો પૂજારા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

આઈપીએલ ૨૦૨૫ માં ખરાબ પ્રદર્શન બદલ ઓસ્ટ્રેલિયન વિસ્ફોટક બેટર ગ્લેન મેક્સવેલ પર ટીમ ઈન્ડિયાના સ્ટાર ટેસ્ટ ખેલાડી ચેતેશ્વર પૂજારાએ આકરા પ્રહારો કર્યા છે. મેક્સવેલ માટે આ આઈપીએલ સીઝન ખરાબ સ્વપ્ન જેવી રહી છે. ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે આરસીબી માટે તો આ વર્ષે પંજાબ માટે રમી રહ્યો છે. છેલ્લી ૧૬ આઈપીએલ મેચોમાં તે ૧૦૦ રનનો આંકડો પણ પાર કરી શક્યો નથી. ગયા વર્ષે તેણે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર માટે છ મેચમાં ફક્ત ૩૨ રન બનાવ્યા હતા અને પંજાબ કિંગ્સ માટે ચાર મેચમાં ૨૧ રન બનાવ્યા હતા. મેક્સવેલના આ નિરાશાજનક પ્રદર્શનને જોતા પૂજારાએ ESPNcricinfo T20 ટાઈમ આઉટ પર કહ્યું કે, જે રીતે તે બેટિંગ કરે છે, તેમાં બહુ ફેરફાર નથી થયો. તેણે IPLને લઈને પોતાનો અભિગમ પણ બદલ્યો નથી. ઘણીવાર એવુ લાગે કે, તેઓ થોડો બેદરકાર બની ગયો છે.

### ૧૧-૧૨ એપ્રિલે મુર્શિદાબાદમાં હિંસા થઈ હતી

## સીએમ મમતાની ના છતાં રાજ્યપાલ મુર્શિદાબાદ હિંસાના પીડિતોને મળ્યાં

### રાષ્ટ્રીય માનવાધિકાર, રાષ્ટ્રીય મહિલા પંચની ટીમો પણ માલ્દાના રાહત કેમ્પોમાં પહોંચી

। માલદા/કોલકાતા, તા.૧૯ ।



પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જીના અનુરોધની પરવા કર્યા વગર રાજ્યના રાજ્યપાલ સી વી આનંદ બોસ મુર્શિદાબાદ હિંસાથી વિસ્થાપિત થયેલા લોકોની મુલાકાત લીધી હતી. બીજી તરફ રાષ્ટ્રીય માનવાધિકાર પંચઅને રાષ્ટ્રીય મહિલા પંચની ટીમોએ પણ રમખાણોના પીડિતોને મળવા માટે માલદા રાહત કેમ્પોની મુલાકાત લીધી હતી. રાજ્યપાલ અને કેન્દ્રીય ટીમોની આ મુલાકાતોને ટીએમસીને રાજકીય ઉશ્કેરણી ગણાવીને તેની ટીકા કરી હતી. રાજ્યપાલની મુલાકાત દરમિયાન માલદાના વૈષ્ણવનગરમાં પરલાલપુર હાઈસ્કૂલ રાહત શિબિરમાં રહેતા લોકોએ ફરિયાદ કરી હતી કે પોલીસે સેન્સરશીપ લાદી છે અને પોલીસ મુલાકાતીઓને પ્રવેશ આપતી નથી. અમે અહીં અમાનીય જીવન જીવી રહ્યાં છે. આ શિબિર જેલ કરતાં પણ ખરાબ લાગે છે. પોલીસ અમારી સાથે ગુનેગારો જેવો વ્યવહાર કરી રહી છે. અમને સૂકી રોટલી, કેળા અને વાસી ભાત આપવામાં આવે છે. અમે શરણાર્થી કેમ્પમાં છીએ કે અટકાયત સેન્ટરમાં તે કહેવું મુશ્કેલ છે. ૧૧-૧૨ એપ્રિલની મુર્શિદાબાદની હિંસા પછી આ રાહત કેમ્પમાં સેંકડો લોકોએ શરણ લીધું છે. કેમ્પમાં રાજ્યપાલે બાળકો સાથે વાતચીત કરી હતી અને વિસ્થાપિત પરિવારોની ફરિયાદો સાંભળી હતી. યાત્રા મુલતવી રાખવાનો મમતાએ અનુરોધ કર્યો હોવા છતાં માલદા જવા નીકળેલા રાજ્યપાલે જણાવ્યું હતું કે તેઓ સ્વતંત્ર રીતે ગ્રાઉન્ડ રિપોર્ટ્સની ચકાસણી કરવા માગે છે. પીડિતોને મળ્યા પછી હું મારી ભલામણો રજૂ કરીશ.

## દિલ્હીના મુસ્તફાબાદમાં બિલ્ડિંગ ધરાશાયી થયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।



ઉત્તર પૂર્વ દિલ્હીના મુસ્તફાબાદ વિસ્તારમાં દયાલપુર પોલીસ સ્ટેશનની હદમાં આવેલી એક ચાર માળની ઈમારત ગત મોડી રાત્રે ધરાશાયી થઈ જતાં સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૧ લોકોએ જીવ ગુમાવ્યા છે જ્યારે ચાર ઈજાગ્રસ્ત લોકોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ દુર્ઘટના રાત્રે ૩ વાગ્યાની આજુબાજુ સર્જાઈ હતી. શક્તિ વિહાર વિસ્તારમાં આ ઈમારત પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ હતી. ઘટનાની જાણ થતાં એડિશનલ ડીસીપી સંદીપ લાંબા ઘટનાસ્થળે ધસી ગયા હતા. એનડીઆરએફ, ડૉગ સ્કવૉડ અને દિલ્હી પોલીસ તથા ફાયર વિભાગની ટીમને રાહત બચાવની કામગીરી માટે તહેનાત કરી દેવામાં આવી રહી છે. રેસ્ક્યૂ ઓપરેશનમાં સ્થાનિક નાગરિકો પણ મદદ માટે આગળ આવ્યા છે.

### અફઘાનિસ્તાનમાં ધરતી ધ્રુજી

## ધરતીકંપ કાશ્મીર અને દિલ્હી સુધી અનુભવાયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

થોડા દિવસના ગાળામાં વધુ એક વખત ધરતીકંપને કારણે ગભરાટ ફેલાયો છે. આજે શનિવારે બપોરે અફઘાનિસ્તાનમાં ધરતીકંપ થયો હતો જેના કંપનો છેક કાશ્મીર અને રાજધાની દિલ્હી સુધી અનુભવાયા હતા. અફઘાનિસ્તાનમાં આવેલા ૫.૯ની તીવ્રતાના ભૂકંપની અસર જમ્મુ-કાશ્મીરમાં પણ જોવા મળી હતી. જમ્મુ-કાશ્મીરમાં ભૂકંપના કારણે લોકોમાં ગભરાટ ફેલાયો અને લોકો ઘરોમાંથી બહાર નીકળી ગયા. મળેલી માહિતી અનુસાર, ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાન-તાજિકિસ્તાન સરહદ પર હતું. ભૂકંપની ઊંડાઈ જમીનની નીચે ૮૬ કિલોમીટરની હતી. હાલમાં ભૂકંપથી જાનમાલના નુકસાનની કોઈ માહિતી પ્રાપ્ત થઈ નથી. ભૂકંપના આંચકા અનુભવાતાં જ લોકો ઘરોમાંથી બહાર ખુલ્લી જગ્યાઓ પર દોડી આવ્યા. લોકોના ચહેરા પર ભૂકંપનો ડર સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો. અફઘાનિસ્તાન અને પાકિસ્તાનથી લઈને જમ્મુ-કાશ્મીર સુધીની ધરતી ભૂકંપના તીવ્ર આંચકાથી હચમચી ગઈ હતી. પાકિસ્તાનમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ઉલ્લેખનીય છે કે, આ પહેલાં પણ આ વિસ્તારોમાં મોટા ભૂકંપ આવી ચૂક્યા છે, જેના કારણે જાનમાલનું મોટા પાયે નુકસાન થયું હતું.



## ભગતપરા વિસ્તારના સ્થાનિકો દૂષિત પાણી પીવા મજબૂર બન્યા

। (એજન્સી) જસદણ, તા.૧૯ ।

ભગતપરા વિસ્તારના સ્થાનિકો દૂષિત પાણી પીવા મજબૂર બન્યારાજકોટના જસદણ નગરપાલિકામાં આવતો વિસ્તાર એટલે ભગતપરા વિસ્તાર અને આ વિસ્તારમાં દૂષિત પાણી આવે છે તેવી ફરિયાદ સ્થાનિકો તરફથી ઉઠી છે,ચિતલીયા રોડ ભગવાન પરા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી લોકો દૂષિત પાણી પીવા મજબૂર બન્યા હતા અનેકવાર નગરપાલિકામાં રજૂઆત કરી પણ નગરપાલિકા કોઈ જાણે આ બાબતને લઈ કોઈ રસ જ દાખવતી નથી તેવું લાગી રહ્યું છે. જસદણમાં ગટરના પાણી રહેણાંક ચીતલીયા રોડ પર આવેલ ભગવાન પરા વિસ્તારમાં ફરી વળતા લોકોમાં ભયંકર રોષ અને ગટરની સમસ્યાથી લોકો પરેશાન થયા છે. અનેક જગ્યાએ રેહણાંક વિસ્તારમાં ગટરના પાણી છેલ્લા ઘણા સમયથી આ ભૂગોળ ગટરના પાણીની પાઈપલાઈનનું માપ મળી જતા નગરપાલિકામાં સ્થાનિક લોકોએ અનેકવાર રજૂઆતો કરી પણ તંત્ર આખ ખાડા કાન કરી રહ્યું છે,આવનારા દિવસોમાં આ સમસ્યાનું નિરાકરણ નહી આવે તો સ્થાનિકોએ હલ્બાબોલની ચિમકી ઉચ્ચારી છે.

## વંથલીની ગાઠીલા પ્રાથમિક શાળા બિસ્માર હાલતમાં

। (એજન્સી) જુનાગઢ, તા.૧૯ ।

જુનાગઢ જિલ્લાના વંથલી તાલુકામાં પ્રાથમિક શાળા બિસ્માર હાલતમાં છે. વિદ્યાર્થીઓ શાળાના જ્ર્જરીત બિલ્ડીંગમાં જીવના જોખમે અભ્યાસ કરવા મજબૂર થયા છે. વંથલીની તાલુકાની ગાઠીલા પ્રાથમિક શાળાનું બિલ્ડીંગ છેલ્લા ઘણા સમયથી કથળી ગયું છે. શાળાના પરિસરમાં છ ઓરડાઓ આવેલા છે પરંતુ તેમાંથી ચાર ઓરડાઓમાં બેસી શકાય તેવી પરિસ્થિતિ જ નથી. નળિયાવાળા બિલ્ડિંગમાં બાળકો અભ્યાસ કરી રહ્યા છે અને દીવાલો ઉપર તિરાડો પડી ગઈ છે તેમજ બિલ્ડીંગના પાયામાંથી પણ તિરાડો જોવા મળે છે. ૭૦ વર્ષ કરતાં પણ જૂની આ પ્રાથમિક શાળામાં ૬ રૂમ ઉપલબ્ધ છે. શાળાના બિલ્ડીંગ જર્જરીત હોવાથી બે કલાસ ભેગા કરીને બાળકોને બેસાડીને અભ્યાસ કરાવવામાં આવે છે તે રૂમ પણ ખૂબ જ જર્જરીત હાલતમાં છે. શાળા દ્વારા ડિમોલિશન માટેની મંજૂરી માંગવામાં આવી છે.

# અમદાવાદ મંડળે પ્રતિષ્ઠિત સ્ટીમ એન્જિન પ્રદર્શનની સાથે વિશ્વ વિરાસત દિવસ મનાવ્યો









। અમદાવાદ, તા.૧૯ ।

વિશ્વ વિરાસત દિવસ ના અવસર પર પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળે તેના સૌથી કિંમતી પ્રતીકોમાંના એક હેરિટેજ સ્ટીમ એન્જિન અને સ્ટીમ ક્રેન ને જનતા સમક્ષ પ્રદર્શિત કરીને તેના ભવ્ય ભૂતકાળના સમૃદ્ધ વિરાસત ની ગર્વથી ઉજવણી કરી. આ ખાસ કાર્યક્રમમાં ભારતની રેલ્વે વિરાસત માં રેલ્વેના ગહન યોગદાન પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

ઐતિહાસિક સ્ટીમ લોકોમોટિવ, જેને પ્રેમથી સંરક્ષિત અને જાળવણી કરવામાં આવ્યું હતું, તેને ડિવિઝનલ ઓફિસ અમદાવાદ, સાબરમતી અને ગાંધીધામ રેલ્વે સ્ટેશન જેવા વિવિધ સ્થળોએ પ્રદર્શિત કરવામાં આવ્યું હતું, જેણે તમામ વય જૂથોના મુલાકાતીઓ, રેલ્વે ઉત્સાહીઓ અને વિરાસત પ્રેમીઓના આગન્તુકો નું ધ્યાન આકર્ષિત કર્યું હતું. રેલ મુસાફરીના સુવર્ણ યુગનું પ્રતીક, આ એન્જિન ભારતના એન્જિનિયરિંગ વિરાસત અને ભારતીય રેલ્વેની અગ્રણી ભાવનાનું પ્રમાણ છે. પશ્ચિમ રેલ્વે આધુનિક મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરની તરફ આગળ વધીને તેની વિરાસત સંપત્તિઓનું સંરક્ષણ અને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે. સ્ટીમ એન્જિન નું પ્રદર્શન ભૂતકાળની યાદ અપાવે છે અને ભારતીય રેલ્વેના કાલાતીત ભાવના ને શ્રદ્ધાંજલિ આપવાના રૂપ માં કાર્ય કરે છે.

અમદાવાદ મંડળ કાર્યાલય ખાતે હેરિટેજ સ્ટીમ એન્જિન પ્રદર્શિત કરવામાં આવ્યું હતું અને ગાંધીધામ રેલ્વે સ્ટેશન ખાતે હેરિટેજ સ્ટીમ ક્રેન પ્રદર્શિત કરવામાં આવી હતી.

# કપડવંજ લાયન્સ કલબ ખાતે ડો. બાબાસાહેબ આંબેડકર ની જન્મ જયંતિ નિમિત્તે પ્રબુધ્ધ નાગરિક સંમેલન યોજાયું

### અમદાવાદ પશ્ચિમના સાંસદ દિનેશભાઈ મકવાણા અને પૂર્વ પ્રદેશ ભાજપ મંત્રી રાજેશભાઈ પટેલ ધર્મજની પ્રેરક ઉપસ્થિતિ



તસ્વીર : રાજેશ શર્મા, આતરસુંબા

। (પ્રતિનિધી) આતરસુંબા, તા.૧૯ ।

કપડવંજ શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની જન્મ જયંતિ નિમિતે સન્માન અભિયાન કાર્યક્રમ અંતર્ગત કપડવંજ લાયન્સ ક્લબ ખાતે "પ્રબુધ્ધ નાગરિક સંમેલન" અમદાવાદ પશ્ચિમના માન. સાંસદ અને અમદાવાદ મહાનગરના પૂર્વ ડે. મેયર શ્રી દિનેશભાઈ મકવાણા અને પૂર્વ પ્રદેશ ભાજપ મંત્રી શ્રી અને આણંદ જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ શ્રી રાજેશભાઈ પટેલ ધર્મજવાળાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયું હતું.

આ પ્રસંગે બન્ને મહાનુભાવોએ ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની જીવનીના પ્રેરક પ્રસંગો વર્ણવી, દેશ માટે તેમના બહુમુલ્ય યગદાનની ભારોભાર પ્રસંશા કરી સાથે સાથે બાબાસાહેબ સાથે કોગ્રેંસે કરેલા અન્યાયની વાત પણ પ્રસ્તુત કરી પ્રેરક ઉદબોધન કર્યા હતા.

આ પ્રસંગે ખેડા જિલ્લા અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ શ્રી અશોકભાઈ રોહિત, પ્રભારીશ્રી અશ્વિનભાઈ સોનેરી, ખેડા જિલ્લા બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી કિરણસિંહ ડાભી, ખેડા જિલ્લા ભાજપના ઉપ પ્રમુખ શ્રી સેજલબેન બ્રહ્મભટ્ટ, કપડવંજ શહેર ભાજપ સંગઠન પ્રમુખશ્રી નયનભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ શ્રીમતિ વર્ષાબેન પંચાલ, કપડવંજ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ પટેલ, કપડવંજ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી જે. કે. પરમાર, કઠલાલ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ શ્રી કિરણસિંહ રાઠોડ, પૂર્વ જિલ્લા ઉપ પ્રમુખ શ્રી ગોપાલભાઈ શાહ, પૂર્વ જિલ્લા મહામંત્રી શ્રી દશરથભાઈ પટેલ, પૂર્વ જિલ્લા મંત્રી શ્રી ગોપીભાઈ પટેલ, એપીએમસી પૂર્વ ચેરમેનશ્રી નિલેશભાઈ પટેલ, ખેડા જિલ્લા ભાજપ બક્ષીપંચ મોર્ચાના કોષાધ્યક્ષ શ્રી રાજેશભાઈ શર્મા, શહેર મહામંત્રી શ્રી સુરેશભાઈ પારેખ, કઠલાલ મહામંત્રી શ્રી દલપતસિંહ ડાભી, શ્રી વિજયભાઈ પટેલ, પૂર્વ ચેરમેન શ્રી ગિરીશભાઈ મહારાજ, શ્રી નિમેષસિંહ જામ, શ્રી અલ્પેશભાઈ પંડ્યા, શ્રી નિરવભાઈ પટેલ, શ્રી ચિન્ટુભાઈ પટેલ સહિતના આગેવાનો, નગરપાલિકા સદસ્યો, સંગઠનના હોદ્દેદારો, સમાજ શ્રેષ્ઠીઓ અને પ્રબુધ્ધ નાગરિકો, સર્વે વડીલ ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ખેડા જિલ્લા અનુસૂચિત જાતિ મોરચાના પ્રભારી સિનિયર એડવોકેટ શ્રી અશ્વિનભાઈ સોનેરીએ કર્યું હતું.

### અસલી નોટોની વચ્ચે નકલી નોટનો ખેલ

## રાજકોટમાં નકલી ચલણી નોટોની હેરાફેરી કરતી ટોળકી ઝડપાઇ

। (એજન્સી) રાજકોટ, તા.૧૯ ।

ગુજરાતના રાજકોટમાં નકલી ચલણી નોટોની હેરાફેરી કરતી ટોળકીને શહેર પોલીસ ઝડપી પાડી છે. આરોપી દ્વારા રૂ.૫૦૦ નોટોના બંડલમાં અસલી નોટોની વચ્ચે નકલી નોટો મૂકીને જેતપુર સહિતના વિસ્તારમાં આગાડીયા પેઢીઓમાં આંગડીયું કરાવતા હતા. પોલીસે રૂ.૫૦૦ની ૧૨ નકલી નોટો, મોબાઈલ જપ્ત કરીને ત્રણેય આરોપી વિરૂદ્ધ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, જેતપુરની એક આંગડીયા પેઢીના નીકેશ ચંદનાણી નામના વ્યક્તિએ જેતપુર સિટી પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી કે, ગત ૧૩ એપ્રિલના રોજ અમારી પેઢીમાં રવિ નામના વ્યક્તિએ ૧૦ લાખનું આંગડીયુ કરાવ્યું હતું. રવિએ આપેલા રૂ. ૫૦૦ની નોટોના બંડલમાં કુલ ૧૨ નોટો ખોટી હોવાનું જણાઈ આવ્યું હતું. જોકે, આ મામલે નીકેશે રવિ ડોબરીયાને વાત કરતા તેને પૈસા બદલવા મિત્રને મોકલશે તેમ કહ્યું હતું. સમગ્ર મામલે પોલીસને જાણ થતાં આંગડીયા પેઢી આગળ વૉચ ગોઠવી હતી. આ દરમિયાન રવિ ડોબરીયા જ્યારે નકલી નોટો લેવા માટે જાય છે, ત્યારે પોલીસ દ્વારા તેને ઝડપી પાડવામાં આવે છે. પોલીસે નકલી નોટો અંગે પૂછતાં રવિએ જણાવ્યું હતું કે, 'ધોરાજીના મારા મિત્રએ ૧૦ લાખ રૂપિયાના બંડલમાં રૂ.૫૦૦ની નકલી નોટો ઉમેરી હતી અને પછી આંગડીયુ કર્યું હતું. તેણે મને નકલી નોટો બદલવા માટે મોકલો હતો.' સમગ્ર મામલે જેતપુર સિટી પોલીસે તપાસ કરીને મુખ્ય સૂત્રધાર ધોરાજીના શખ્સ સહિત ત્રણેય આરોપીને ઝડપી પાડીને આગળની કાર્યવાહ હાથ ધરવામાં આવી છે.

# સેલવિન ટ્રેડર્સ લિમિટેડે એ ભારતના રસોઈ રિટેલ ઉત્ક્રાંતિમાં એક નવું પ્રકરણ 'માજઘર' લોન્ચ કર્યું

### કંપની એક વર્ષમાં ૧૨ આઉટલેટ ખોલવાની યોજના ધરાવે છે; વિસ્તરણમાં રૂ. ૧૫ કરોડનું રોકાણ કરશે અને રૂ. ૨૩.૫ કરોડની આવકની અપેક્ષા રાખે છે

### યુરોપ અને મધ્ય પૂર્વ જેવા મુખ્ય બજારો સહિત ૭ ખંડોમાં વૈશ્વિક નિકાસનો વિસ્તાર થશે



### ૧૯ જુલાઈ, ૨૦૨૪ ના રોજ, સેલવિન બોર્ડે SDF પ્રોડક્શન્સ પ્રાઇવેટ લિમિટેડમાં ૫૧% હિસ્સો ખરીદવાની મંજૂરી આપી

। અમદાવાદ, તા.૧૯ ।

ભારતના રાંધણ રિટેલ લેન્ડસ્કેપ માં પરિવર્તન લાવવા તરફ એક સાહસિક પગલું ભરતા, સેલવિન ટ્રેડર્સ લિમિટેડે, SDF સાથે મળીને, અમદાવાદના સોલા રોડ, મેમનગરમાં આઈકોનિક સન એન સ્ટેપ ક્લબ ખાતે 'માજઘર' બ્રાન્ડ નામ હેઠળ તેનું પ્રથમ સ્થાનિક આઉટલેટ સત્તાવાર રીતે શરૂ કર્યું છે. આ લોન્ચ માજઘરના મહત્વાકાંક્ષી રાષ્ટ્રીય વિસ્તરણની શરૂઆત દર્શાવે છે. આધુનિક રિટેલ લેન્સ દ્વારા પ્રાદેશિક સ્વાદને પુનર્જીવિત કરવાના વિઝન સાથે, સેલવિન ટ્રેડર્સ લિમિટેડ આગામી ૧૨ મહિનામાં ફ્રેન્ચાઈઝ મોડેલ હેઠળ મુખ્ય ભારતીય શહેરોમાં ૧૨ નવા આઉટલેટ ખોલવાની યોજના ધરાવે છે. ૧૫ કરોડ રૂપિયાના વ્યૂહાત્મક રોકાણ દ્વારા સમર્થિત, આ વિસ્તરણથી વારસાથી સમૃદ્ધ, ઉચ્ચ-ગુણવત્તાવાળા ખાદ્ય ઉત્પાદનોની વધતી માંગને કારણે ૨૩.૫ કરોડ રૂપિયાની આવક થવાનો અંદાજ છે.

## સિવિલ હોસ્પિટલોના ઓપીડી અને જનરલ વોર્ડમાં કૂલર આપવા સૂચના

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

ગુજરાતમાં ગરમીની અસર સતત વધી રહી છે. કાળઝાળ ગરમીમાં લોકો શેકાઈ રહ્યાં છે. ત્યારે રાજ્યની તમામ સરકારી હોસ્પિટલોમાં દાખલ થતાં દર્દીઓ અને સગાંઓને ગરમીમાં રાહત મળે તે માટે હોસ્પિટલોને કૂલર આપવા નો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યની તમામ સરકારી હોસ્પિટલોમાં ઓપીડી અને જનરલ વોર્ડમાં કૂલર આપવા નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન ગાંધીનગર દ્વારા એક પરિપત્ર કરીને જાહેરાત કરવામાં આવી છે. જેમાં રાજ્યમા સતત અનુભવાઈ રહેલા હીટવેવને કારણે રાજ્યની તમામ સરકારી હોસ્પિટલોમાં દાખલ થતાં દર્દીઓ અને સગાંઓને ગરમીમાં રાહત મળે તે માટે હોસ્પિટલોને કૂલર આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યની તમામ સરકારી હોસ્પિટલોમાં ઓપીડી અને જનરલ વોર્ડમાં કૂલર આપવા નિર્ણય લેવામાં આવ્યો છે.

## ગરમીમાં લોકોને પાણીની સમસ્યાનો સામનો કરવો પડ્યો

। (એજન્સી) ભાવનગર, તા.૧૯ ।

ભાવનગરમાં ઉનાળાની કાળઝાળ ગરમીમાં લોકોને પાણીની સમસ્યાનો સામનો કરવો પડ્યો છે. પીવાના પાણી અને ડ્રેનેજ અંગે મહાનગર પાલિકામાં અનેક રજૂઆતો કર્યા બાદ પણ કોઈ નિરાકરણ નહીં આવતા લોકો રોષે ભરાયા હતાં.

ગઈ કાલે શહેરના કુંભારવાડા વિસ્તારમાં આયોજિત એક કાર્યક્રમમાં ઉપ સ્થિત રહેલા ધારાસભ્ય જીતુ વાઘાણીને લોકોએ ઘેરી લીધા હતાં અને પાણી તથા ડ્રેનેજ અંગેની રજૂઆતો કરી હતી. લોકોએ જીતુ વાઘાણીને ઘેરીને રજૂઆતો કરી. ભાવનગરના કુંભારવાડામાં આયોજિત એક કાર્યક્રમમાં ગઈકાલે ધારાસભ્ય જીતુ વાઘાણી ઉપસ્થિત રહ્યાં હતાં.

આ દરમિયાન સ્થાનિક લોકોનું ટોળુ આ કાર્યક્રમમાં પહોંચીને ધારાસભ્યને ઘેરી વળ્યું હતું. આ દરમિયાન સ્થાનિકોએ જીતુ વાઘાણી સમક્ષ પીવાના પાણી અને ડ્રેનેજ લાઈન સહિત પાયાની સુવિધાઓ નહીં મળતી હોવાની રજૂઆતો કરી હતી. આ દરમિયાન લોકોએ આકરી રીતે રજૂઆતો કરતાં જીતુ વાઘાણીએ મીડિયાના કેમેરા બંધ કરવાનો ઈશારો કરતાં તેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. કાર્યક્રમમાં રજૂઆત માટે પહોંચેલા સ્થાનિક રહીશોની માંગ હતી કે છેલ્લા એક વર્ષથી પીવાના પાણીની સમસ્યા, ડ્રેનેજ સહિતની પ્રાથમિક સુવિધાઓનો અભાવ છે. આ બાબતે અનેક રજુઆત બાદ પણ નિરાકરણ આવતું નથી. મહાનગરપાલિકા તમામ પ્રકારના ટેક્સ વસુલે છે પરંતુ સુવિધાઓના નામે કશું જ મળતુ નથી. જો કે ચાલુ કાર્યક્રમમાં જીતુભાઈને રજુઆત કરવા સ્થાનિક રહીશો પહોંચતા તેમણે મીડિયાના કેમેરા બંધ કરવા માટે ઈશારો કર્યો હતો જેનો વીડિયો પણ વાયરલ થયો હતો.

## ગુજરાતમાં ૨૪ જિલ્લામાં ધૂળની ડમરી સાથે પવન ફૂંકાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાતભરમાં કાળઝાળ ગરમી પડી રહી છે, ત્યારે હવામાન વિભાગે આજે શુક્રવારે (૧૮ એપ્રિલ, ૨૦૨૫) કચ્છ અને રાજકોટ જિલ્લામાં હીટવેવનું યલો ઍલર્ટ જાહેર કર્યું છે. રાજ્યમાં આગામી ૭ દિવસ ગરમી અને ભારે પવનને લઈને આગાહી કરી છે. જેમાં આવતીકાલે શનિવાર અને રવિવારે કચ્છ-સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના ૨૪ જિલ્લામાં ધૂળની ડમરી ઉડે તેવો પવન ફૂંકાવવાની આગાહી કરી છે. તેવામાં રાજ્યભરના માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. રાજ્યમાં આગામી ૨૪ કલાક બાદ ૨ દિવસમાં ૨-૩ ડિગ્રી તાપમાનમાં ઘટાડો નોંધાશે. જ્યારે આવતીકાલે શનિવારે અમદાવાદમાં ૪૩ ડિગ્રી મહત્તમ તાપમાન રહેવાની શક્યતા છે. ગુજરાતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાતાવરણમાં બદલાવ જોવા મળી શકે છે, ત્યારે હવામાન વિભાગે આગામી બે દિવસ ધૂળની ડમરી સાથે પવન ફૂંકાશે. જેમાં ૧૯-૨૦ એપ્રિલના રોજ કચ્છ, બનાસકાંઠા, પાટણ, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, બોટાદ, ગીર સોમનાથ, રાજકોટ, અમરેલી, ભાવનગર, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, પંચમહાલ, આણંદ, ખેડા, મહીસાગર, દાહોદ, અરવલ્લી જિલ્લાના ધૂળની ડમરી ઉડે તેવો પવન રહેશે. જ્યારે ૨૧ એપ્રિલના રોજ રાજ્યમાં હવામાન શુષ્ક રહેવાની આગાહી છે. આ પછી ૨૨ એપ્રિલથી ૨૪ એપ્રિલ સુધી ગુજરાતના કચ્છ-સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળુ હવામાન રહેશે. જ્યારે આવતીકાલથી બે દિવસ પવન ફૂંકાવવાની આગાહી છે, ત્યારે માછીમારોને દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

**વિશેષ** આગામી ડિસેમ્બર-૨૦૨૫ સુધીમાં વાપી તાલુકાને ૧૨૫ બેડની સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલની સુવિધા મળશે : મંત્રી કનુભાઇ દેસાઇ

# ૧.૧ કરોડના અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાપીના નવર્નિમિત મકાનનું લોકાર્પણ કરતા રાજયના નાણાંમંત્રી કનુભાઇ દેસાઇ

। (માહિતી) વાપી ।



મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ ભારત સરકારની આયુષ્યમાન યોજના અંતર્ગત રૂા. ૫ લાખની સહાયમાં રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલે રૂા. ૫ લાખનો ઉમેરો કરી રાજયના નાગરિકો માટે પરિવારદીઠ રૂા. ૧૦ લાખની સહાય આપી. રાજયના નાણાં, ઊર્જા અને પ્રેટોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ વાપી તાલુકાના વાપી શહેરના વાલ્મિકી આવાસના રૂા. ૧.૧ કરોડના ખર્ચે તૈયાર થયેલા અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરી વાપી તાલુકાની જનતા માટે ખુલ્લું મૂકયું હતું. આ પ્રસંગે વાપી નોટીફાઈડના પૂર્વ પ્રમુખ હેંમતભાઈ પટેલ, વી. આઈ. એ. ના માજી પ્રમુખ કમલેશભાઈ પટેલ, વાપી ન. પા. ના પૂર્વ ઉપપ્રમુખ શ્રીમતી દેવલ દેસાઈ, વાપી શહેર સંગઠન પ્રમુખ મનીષ દેસાઈ અને વાપી મહાનગરપાલિકાના નાયબ કમિશનરશ્રી અશ્વિનભાઈ પાઠક હાજર રહ્યા હતા. વાપીના અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના લોકાર્પણ પ્રસંગે રાજયના નાણાંમંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતુ કે, દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાતના લોકોને સારી આરોગ્ય સુવિધા મળી રહે તે માટે અનેકવિધ પ્રયત્નો કર્યા હતા. દેશના વડાપ્રધાન બન્યા પછી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોરોના કાળમાં આયુષ્યમાન યોજના અંતર્ગત દેશના નાનામાં નાના માણસને પરિવારદીઠ રૂા. ૫ લાખની મફત તબીબી સારવાર આપવાની શરૂઆત કરી છે. આ યોજનામાં રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા રાજય સરકાર તરફથી આયુષ્યમાન યોજનામાં પરિવારદીઠ રૂા. ૫ લાખનો ઉમેરો કરી રૂા. ૧૦ લાખની મફત તબીબી સહાય આપવામાં આવી રહી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના લોકોને આરોગ્યની સુવિધા અને દવા સસ્તી મળે એ માટે જેનેરીક દવા કે જે ૭૦ ટકા ઓછા દરે મળી રહે તે માટે દેશભરમાં જેનેરીક દવાના સેન્ટરો શરૂ કરાવ્યા છે. દેશના નાગરિકોનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે મેદસ્વીતા એટલે કે જાડાપણું ઘટાડવા માટે અને તેલમાં ૧૦ ટકાનો વપરાશનો ઘટાડો કરવા માટેનો આયામ પણ રજૂ કર્યો અને તે માટે દરેક જગ્યાએ ફીટનેસ સેન્ટરો શરૂ કરાવ્યા છે. મંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આગામી ડિસેમ્બર- ૨૫ સુધીમાં વાપી તાલુકાની જનતાને ૧૨૫ બેડની વાપી મામલતદાર કચેરીની બાજુમાં સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ તૈયાર થનાર છે જેમાં સુપર સ્પેશયાલિટી સારવાર અને એના ટેસ્ટ નિ:શુલ્ક થશે. આ કાર્યક્રમમાં અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.હરજીતપાલ સિંગ, તાલુકા હેલ્થ ઓફિસર મૌનિક પટેલ, અર્બન હેલ્થ સેન્ટર વાપીના મેડીકલ ઓફિસર ડૉ. અક્ષય પટેલ, જિલ્લા આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ વાપીના નગરજનો ઉપસ્થિત રહયા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ઉનાળામાં તમારા આહારમાં કરો આ મહત્વપૂર્ણ ફેરફાર, રહેશો એકદમ ફીટ-ફાઈન

**વધતા તાપમાન સાથે રસદાર ફળ શરીરમાં પાણીની માત્રા જાળવવામાં મદદ કરે છે**



મોસંબી, સંત્રા, તરબૂચ, ખરબૂચા, દ્રાક્ષ, લીચી જેવા ફળો આ ઋતુમાં આવવા લાગે છે. આ ફળોને તમારા આહારનો ભાગ બનાવો. દરેક ૧.૫ કલાકના અંતરે પાણી પીતા રહો. વધતી ગરમી આરોગ્ય માટે સાવચેત રહેવાનો સમય છે. થોડી પણ બેદરકારી બીમાર બનાવી શકે છે. આ ઋતુમાં આહાર અને જીવનશૈલી બંને માટે સાવચેત રહેવું જરૂરી છે. શિયાળામાં ખાવા માટે પૌષ્ટિક ખોરાક પર હવે વિરામ મૂકીને ધીમે-ધીમે હલકા અને પાચક ખોરાક પર ધ્યાન આપવાનો સમય છે, નહીં તો પાચન શક્તિ પર ખરાબ અસર પડી શકે છે. કેટલાક સરળ ઉપાયો તમને ઋતુની અસરથી બચાવી શકે છે. આ ઋતુમાં બહારનું તાપમાન જેમ જેમ વધે છે, તેમ તેમ શરીરમાં ખોરાક પચાવવાની શક્તિ કમજોર પડે છે. જેમ શિયાળામાં આપણું શરીર ભારે, પૌષ્ટિક ખોરાક સરળતાથી પચાવી લે છે, તેમ ઉનાળામાં શક્ય નથી. તેથી વધતા તાપમાન સાથે ખોરાકમાં જરૂરી ફેરફાર કરવો જરૂરી છે. ખોરાક હલકો અને પાચક હોવો જોઈએ. વધતી ગરમી સાથે પૂરી, પરાઠા બદલે પાતળા ફુલકા અથવા ઓછા ઘી વાળી રોટલી ખાવું યોગ્ય છે. શિયાળામાં જો તમે અડદની દાળ ખાધી હોય, તો આ ઋતુમાં છીણવાળી મગની દાળ ખાઓ. લીલા શાકભાજી અને સલાડ ભરપૂર ખાઓ. કાકડી, કાકડી, ડુંગળી, ટમેટા, મૂળ જેવી વસ્તુઓને સલાડમાં સામેલ કરી શકો છો. વધતા તાપમાન સાથે રસદાર ફળો શરીરમાં પાણીની માત્રા જાળવવામાં મદદ કરે છે. મોસંબી, સંત્રા, તરબૂચ, ખરબૂચા, દ્રાક્ષ, લીચી જેવા ફળો આ ઋતુમાં આવવા લાગે છે. આ ફળોને તમારા આહારનો ભાગ બનાવો. દરેક ૧.૫ કલાકના અંતરે પાણી પીતા રહો. દિવસભરમાં ૮-૧૦ ગ્લાસ પાણી જરૂર પીવો. પ્રવાહી પદાર્થો ભરપૂર માત્રામાં સેવન કરો, જેથી શરીરમાં પાણીની કમી ન થાય. લીંબુની શિકંજી, શેરડીનો રસ, પુદીનાનો શરબત જેવા પેય ફાયદાકારક છે. નાળિયેર પાણી પણ પીવો. ચણા, જૌ વગેરે અનાજોથી બનેલા સત્તુનું સેવન કરો. આથી પેટમાં ગરમી વધતી નથી. તેને નમકીન અથવા મીઠો, બંને રીતે લઈ શકો છો. દહીં, છાસ આહારમાં સામેલ કરો. છાસમાં મીઠું, ભુંજેલું જીરું મિક્સ કરીને સ્વાદિષ્ટ બનાવી શકો છો. દહીંની મીઠી લસ્સી પણ લઈ શકો છો. ખાવા પછી એક ગ્લાસ છાસ ખોરાકને સરળતાથી પચાવી દે છે. આમળા અને બેલનું મુરબ્બો, પેઠા જેવી વસ્તુઓને ઉનાળાની મીઠાઈ તરીકે સેવન કરી શકો છો. વધારે તળેલું-ભુન્નેલું, બાસી વસ્તુઓ ઓછું ખાઓ. મસાલા અને ખટ્ટી વસ્તુઓનો ઉપયોગ ઓછો કરો. આથી પાચન પર ખરાબ અસર પડી શકે છે. ફૂડ પોઈઝનિંગનો ભોગ પણ બની શકો છો. કોબી, ફૂલકોબી, જિમીકંદ, રીંગણ જેવી શાકભાજીનું સેવન ઓછું કરવું જોઈએ. તેલ, ઘીનું પ્રમાણ વધતી ગરમી સાથે ઓછું કરો. તેલિયું ખોરાક શરીરમાં ગરમી વધારતું હોય છે અને પાચન તંત્ર પર ખરાબ અસર પાડે છે. પિઝા, બર્ગર, ચાટ, ટિક્કી વગેરેથી હંમેશા બચવાનો પ્રયાસ કરો. ચા, કૉફી શરીરમાં ગરમી પેદા કરે છે અને ડિહાઈડ્રેશનની સમસ્યા ઊભી કરી શકે છે.

# Ghibli ઈમેજથી ફોટો બનાવવો પડી શકે છે ભારે? સાયબર ઠગનો શિકાર

એઆઈ આર્ટ્સના આકર્ષણોથી દૂર રહીને આપણને પોતાની પ્રાઈવસી વિશે પણ વિચારવું જોઈએ, કારણ કે, આપણે છેંને પોતાનો ફોટો આપી રહ્યા છીએ, જે ક્યાંક પણ જઈ શકે છે. આજકાલ લોકો જાપાની ફોટોના અવતારમાં પોતાને જોઈને ખૂબ ખુશ છે. સોશિયલ મીડિયા પર ગિબ્લી ઈમેજનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. ચેટ જીપીટીના આ નવા ટૂલ્સના કારણે દરેક વ્યક્તિ પોતાની અને પોતાના પાર્ટનરની ફોટોને ગિબ્લી ઈમેજમાં કન્વર્ટ કરી રહ્યો છે. જો તમે પણ આ રીતે ગિબ્લી ઈમેજ જનરેટ કરી રહ્યા છો, તો થોડી વાર રોકાઈ જાઓ, કારણ કે આ તમારા માટે જોખમી સાબિત થઈ શકે છે. આ ફોટો તમારા પર ભારે પડી શકે છે. સોશિયલ મીડિયા પર ચાલી રહેલા આ ટ્રેન્ડમાં દરેક વ્યક્તિ જોડાવા માગે છે, પરંતુ આ ડેટા લીકનું કારણ બની શકે છે. ઉત્તરાખંડ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના સીઓ અંકુશ મિશ્રાએ માહિતી આપતા કહ્યું કે, ચેટ જીપીટી એ આઈ જનિત પ્લેટફોર્મ છે, જેમાં ગિબ્લી ઈમેજનો નવો ફીચર આવ્યો છે. દરેક વ્યક્તિ તેનો ઉપયોગ કરી રહ્યો છે, પરંતુ આ આવનારા સમયમાં સાયબર ક્રાઈમનું માધ્યમ પણ બની શકે છે. એઆઈ આર્ટ્સના આકર્ષણોથી દૂર રહીને આપણે પોતાની પ્રાઈવસી વિશે પણ વિચારવું જોઈએ, કારણ કે આપણે એઆઈને પોતાની ફોટો આપી રહ્યા છીએ જે ક્યાંક પણ જઈ શકે છે. એઆઈની પોતાની બુદ્ધિ નથી હોતી. આ કૃત્રિમતા પર આધારિત છે. આવનારા સમયમાં તમારી લીધી ગયેલી ફોટોનો ખોટો ઉપયોગ પણ થઈ શકે છે. તમે તમારો ડેટા અજાણ્યામાં ચેટ જીપીટી પર અપલોડ કરી રહ્યા છો, જે ક્યાંક સ્ટોર થઈ શકે છે. તેમણે કહ્યું કે, જ્યાં વેબ સ્ક્રેપડ ડેટા કાયદાના દાયરા હેઠળ સુરક્ષિત રહે છે ત્યાં સાચી રીતે ફોટો શેર કરી શકાય છે, પરંતુ અહીં કોઈ મોનિટરિંગ નથી અને ન તો કંટ્રોલ છે. આવા સમયે ફેશિયલ ડેટા ક્યાં પહોંચે છે તેની પણ જાણકારી નથી મળતી. ઈન્ટરનેટના માધ્યમથી હેકિંગ કરનારા સાયબર ઠગો માટે આ એક તક બની શકે છે, તેથી તમે આથી વધુ રોમાંચિત ન થાઓ અને સાયબર ઠગોથી સાવચેત રહો. ''જીબ્લી'' શબ્દનું મૂળ કોઈ ચોક્કસ ટર્મ કે બ્રાન્ડ સાથે સંકળાયેલ નથી, પણ ઘણીવાર તેનું ઉપયોગ એક એવી વ્યક્તિ માટે થાય છે જે શાતિર અને હાઈ-ટેક રીતે સાયબર જગતમાં ઠગાઈ કરે છે. આવા ઠગો ઈન્ટરનેટ, સોશિયલ મીડિયા, ફેક એપ્લિકેશન્સ અને હેકિંગ ટેક્નિકનો ઉપયોગ કરીને લોકોની વ્યક્તિગત માહિતી, પૈસા કે ઓળખ ચોરી કરે છે. ઓટલા પ્રકારની ઠગાઈ થાય છે? ફિશિંગ : ઈમેલ, વોટ્સએપ કે **SMS** દ્વારા લિંક મોકલીને યુઝરની વ્યક્તિગત માહિતી મેળવાનો પ્રયાસ. ફેક લોટરી કે ઑફર સ્કેમ, ''તમારા નામે લોટરી લાગી છે'', ''શું તમે ૫૦,૦૦૦ જીત્યા છો?'' જેવી ફેક સૂચનાઓ મોકલીને યુઝરથી પૈસા પડાવવાનો પ્રયાસ.




# આ વિટામિન્સ ઓછા હોવાને કારણે ખરવા લાગે છે વાળ, ડાયટમાં એડ કરો આ ફૂડ



આજકાલ યુવાનોમાં એક બીમારીનો કહેર જોવા મળી રહ્યો છે. આ બીમારીમાં લોકોને આંખો લાલ થઈ જાય છે અને સતત માથામાં દુખાવો રહે છે. આજકાલ લોકોને ખૂબ જ ઓછી ઉંમરે જ ગ્લૂકોમા જેવી બીમારી થઈ રહી છે, જેના કારણે આંખની રોશની જતી રહે છે. દરેક વ્યક્તિ માટે આંખો સ્વસ્થ રહેવી ખૂબ જ જરૂરી છે, કારણ કે તેના વિના લોકોની જિંદગી સારી રીતે ચાલી શકતી નથી. ગ્લૂકોમા બીમારી કેમ વધી રહી છે અને સમયસર તેનો ઉપચાર કેવી રીતે કરવો. સાથે જ તમારી આંખોને ગુમાવવાથી પણ બચાવી શકો છો. આજના સમયમાં ભારતમાં ગ્લૂકોમા બીમારી ખૂબ જ ઝડપથી વધી રહી છે, જેના વિશે લોકો હજુ સુધી જાગૃત નથી થયા. તેમણે જણાવ્યું કે જે લોકો વધુ સ્મોકિંગ કરે છે અથવા લાંબા સમય સુધી સ્ક્રીન પર કામ કરે છે, તેમને ગ્લૂકોમા બીમારી ઝડપથી થાય છે. તો ચાલો ડૉક્ટર દ્વારા જાણીએ કે ગ્લૂકોમા બીમારી કેવી રીતે આંખની રોશની છીનવી લે છે. આપણી આંખની નસ જે બ્રેન સાથે જોડવાનું કામ કરે છે, જેને ઓપ્ટિક નર્વ કહેવામાં આવે છે, જો આ નર્વ પર કોઈ પ્રકારનો દબાણ પડે છે અથવા તેમાં સોજો આવે છે, તો ગ્લૂકોમા બીમારી થાય છે. આમાં આંખની રોશની ધીમે-ધીમે જતી રહે છે. આ બીમારી પહેલા વૃદ્ધોને થતી હતી, પરંતુ હવે ૩૫ વર્ષ પછી યુવાનોમાં પણ ઝડપથી વધી રહી છે. કારણ કે ખોટી ખોરાકની આદતોથી ડાયાબિટીસની સમસ્યા થાય છે, જેનો પ્રભાવ આંખ અને મગજ પર પણ પડે છે. જેના કારણે લોકો ઝડપથી ગ્લૂકોમાનો શિકાર બની રહ્યા છે અને પોતાની આંખની રોશની ગુમાવી રહ્યા છે. ગ્લૂકોમા લક્ષણોમાં તમારી આંખો હંમેશા લાલ રહેશે અને દરેક સમયે આંખ ભારે લાગશે. સાથે જ માથાનો દુખાવો પણ હંમેશા રહેશે. આ ઉપરાંત તમને ધીમે-ધીમે ઓછું દેખાશે અને આંખોની આસપાસ ઈન્દ્રધનુષ જેવા દેખાશે. આ માટે જો તમને આ સમસ્યા લાંબા સમયથી છે, તો તરત જ કોઈ સારા આંખના નિષ્ણાતને બતાવવું જોઈએ. લોકો દર ૧ વર્ષમાં પોતાની આંખોની સ્ક્રીનિંગ અને પ્રેશરની તપાસ કરાવવી જોઈએ. જેથી ખબર પડી શકે કે તમારી આંખો કેટલી ડેમેજ થઈ રહી છે. જેમના પરિવારમાં માતા-પિતા ગ્લૂકોમા બીમારીથી પીડિત છે, તો આ જેનેટિક કારણોસર બાળકોમાં પણ આવી શકે છે. આ માટે તેમને પહેલા પોતાની આંખોની સારી રીતે તપાસ કરાવવી જોઈએ. સ્ક્રીન પર વધુ સમયઃ સાવચેતી અને અસર આજના ડિજિટલ યુગમાં સ્માર્ટફોન, ટેબલેટ, લેપટોપ અને ટીવી જેવા ઉપકરણો આપણા જીવનનો ભાગ બની ગયા છે.

# સ્ક્રીન પર વધુ સમય વિતાવતા લોકો સાવધાન! આ બીમારીનો બની જશો શિકાર

**આજકાલ લોકોને ખૂબ જ ઓછી ઉંમરે જ ગ્લૂકોમા જેવી બીમારી થઈ રહી છે, જેના કારણે આંખની રોશની જતી રહે છે, દરેક વ્યક્તિ માટે આંખો સ્વસ્થ રહેવી ખૂબ જ જરૂરી છે**

આજકાલ યુવાનોમાં એક બીમારીનો કહેર જોવા મળી રહ્યો છે. આ બીમારીમાં લોકોને આંખો લાલ થઈ જાય છે અને સતત માથામાં દુખાવો રહે છે. આજકાલ લોકોને ખૂબ જ ઓછી ઉંમરે જ ગ્લૂકોમા જેવી બીમારી થઈ રહી છે, જેના કારણે આંખની રોશની જતી રહે છે. દરેક વ્યક્તિ માટે આંખો સ્વસ્થ રહેવી ખૂબ જ જરૂરી છે, કારણ કે તેના વિના લોકોની જિંદગી સારી રીતે ચાલી શકતી નથી. ગ્લૂકોમા બીમારી કેમ વધી રહી છે અને સમયસર તેનો ઉપચાર કેવી રીતે કરવો. સાથે જ તમારી આંખોને ગુમાવવાથી પણ બચાવી શકો છો. આજના સમયમાં ભારતમાં ગ્લૂકોમા બીમારી ખૂબ જ ઝડપથી વધી રહી છે, જેના વિશે લોકો હજુ સુધી જાગૃત નથી થયા. તેમણે જણાવ્યું કે જે લોકો વધુ સ્મોકિંગ કરે છે અથવા લાંબા સમય સુધી સ્ક્રીન પર કામ કરે છે, તેમને ગ્લૂકોમા બીમારી ઝડપથી થાય છે. તો ચાલો ડૉક્ટર દ્વારા જાણીએ કે ગ્લૂકોમા બીમારી કેવી રીતે આંખની રોશની છીનવી લે છે.

આપણી આંખની નસ જે બ્રેન સાથે જોડવાનું કામ કરે છે, જેને ઓપ્ટિક નર્વ કહેવામાં આવે છે, જો આ નર્વ પર કોઈ પ્રકારનો દબાણ પડે છે અથવા તેમાં સોજો આવે છે, તો ગ્લૂકોમા બીમારી થાય છે. આમાં આંખની રોશની ધીમે-ધીમે જતી રહે છે. આ બીમારી પહેલા વૃદ્ધોને થતી હતી, પરંતુ હવે ૩૫ વર્ષ પછી યુવાનોમાં પણ ઝડપથી વધી રહી છે. કારણ કે ખોટી ખોરાકની આદતોથી ડાયાબિટીસની સમસ્યા થાય છે, જેનો પ્રભાવ આંખ અને મગજ પર પણ પડે છે. જેના કારણે લોકો ઝડપથી ગ્લૂકોમાનો શિકાર બની રહ્યા છે અને પોતાની આંખની રોશની ગુમાવી રહ્યા છે. ગ્લૂકોમા લક્ષણોમાં તમારી આંખો હંમેશા લાલ રહેશે અને દરેક સમયે આંખ ભારે લાગશે. સાથે જ માથાનો દુખાવો પણ



હંમેશા રહેશે. આ ઉપરાંત તમને ધીમે-ધીમે ઓછું દેખાશે અને આંખોની આસપાસ ઈન્દ્રધનુષ જેવા દેખાશે. આ માટે જો તમને આ સમસ્યા લાંબા સમયથી છે, તો તરત જ કોઈ સારા આંખના નિષ્ણાતને બતાવવું જોઈએ. લોકો દર ૧ વર્ષમાં પોતાની આંખોની સ્ક્રીનિંગ અને પ્રેશરની તપાસ કરાવવી જોઈએ. જેથી ખબર પડી શકે કે તમારી આંખો કેટલી ડેમેજ થઈ રહી છે.

જેમના પરિવારમાં માતા-પિતા ગ્લૂકોમા બીમારીથી પીડિત છે, તો આ જેનેટિક કારણોસર બાળકોમાં પણ આવી શકે છે. આ માટે તેમને પહેલા પોતાની આંખોની સારી રીતે તપાસ કરાવવી જોઈએ. સ્ક્રીન પર વધુ સમયઃ સાવચેતી અને અસર આજના ડિજિટલ યુગમાં સ્માર્ટફોન, ટેબલેટ, લેપટોપ અને ટીવી જેવા ઉપકરણો આપણા જીવનનો ભાગ બની ગયા છે. ખાસ કરીને બાળકો, કિશોરો અને કાર્યરત વ્યક્તિઓમાં સ્ક્રીન સમય સતત વધી રહ્યો છે. જો કે સ્ક્રીનનો યોગ્ય ઉપયોગ ઉપયોગી હોઈ શકે, વધુ સમય સુધી સ્ક્રીન સામે રહેવું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે નુકસાનકારક બની શકે છે. વધુ સ્ક્રીન સમયની અસર, આંખો પર અસર, સતત સ્ક્રીન સામે રહેવાને કારણે આંખોમાં દુખાવો, લાલાશ, સૂકાઈ જવું (ડ્રાય આઈ) અને દૃષ્ટિ ધૂંધળી થવા લાગતી હોય છે. ''ડિજિટલ આઈ સ્ટ્રેઈન'' એટલે કે આંખોની થાક જેવી સ્થિતિ ઉભી થાય છે. ઊંઘમાં ખલેલ, સ્ક્રીનથી નીકળતું બ્લૂ લાઈટ શરીરના નેચરલ સૂતી જવાની રિધમને બગાડે છે. ખાસ કરીને રાત્રે મોબાઈલ કે લેપટોપ વાપરવાથી ઊંઘની ગુણવત્તા ઘટે છે. માનસિક અસર, વધુ સમય સોશિયલ મીડિયા કે રમતગમત એપ્લિકેશન્સમાં વ્યસ્ત રહેવું તણાવ, ચિંતાને વધારી શકે છે. ધ્યાન એકાગ્રતા ઘટવી, ચીડિયાપણું, ડિપ્રેશન જેવી પરિસ્થિતિઓનું જોખમ વધે છે. શારીરિક અસર, લાંબા સમય સુધી બેસી રહેવું, શરીરચર્ચાનો અભાવ, તથા ખોટા પોઝમાં સ્ક્રીન જોવાથી પીઠદર્દ, ગરદનનો દુખાવો તથા સ્થૂલતા (ઓબેસિટી) જેવા રોગ થઈ શકે છે. સાવચેતી અને સમાધાન, ૨૦-૨૦-૨૦ નિયમ અપનાવો, દરેક ૨૦ મિનિટે, ૨૦ ફૂટ દૂર કોઈ વસ્તુને ૨૦ સેકન્ડ માટે જુઓ. આથી આંખોને આરામ મળે છે. સ્ક્રીન સમય મર્યાદિત કરો બાળકો માટે દરરોજના સ્ક્રીન સમયને નિયંત્રિત કરો. મોટા લોકો માટે પણ સમયનું આયોજન કરો. નિલંબિત ઉપકરણોનો ઉપયોગ કરો, લેપટોપ કે ટેબલેટને આંખોની સપાટી સુધી ઉંચાઈ પર રાખો જેથી ગરદન પર ભાર ન પડે. બ્લૂ લાઈટ ફિલ્ટરનો ઉપયોગ કરો મોબાઈલ અને લેપટોપમાં બ્લૂ લાઈટ ફીલ્ટર અથવા નાઈટ મોડ ચાલુ રાખો. શારીરિક કસરત અને ઓફલાઈન પ્રવૃત્તિઓ, રોજબરોજ થોડીવાર માટે યોગ, વોકિંગ અથવા કોઈ શોખ ધરાવતી પ્રવૃત્તિમાં સમય પસાર કરો.

# વારંવાર એડી ફાટે છે? ગુલાબજળમાં મિક્સ કરીને લગાવો

જો તમારી એડી વારંવાર ફાટતી રહે છે અને તમને તેના કારણે શરમ આવે છે, તો આ ઘરેલું ઉપાયની મદદથી તમારા પગ અને એડીઓની સ્કિનની સંભાળ રાખો. જે તમારી સ્કિન પણ સારી કરશે અને ગુલાબી નિખાર આવશે. ગરમીની ઋતુમાં ટેનિંગ અને ડ્રાયનેસની સમસ્યા ઘણી પરેશાન કરે છે. ફક્ત એટલું જ નહીં, પગની એડીઓ પણ ફાટવા લાગે છે. ફાટેલી એડીઓ દેખાવમાં ખરાબ લાગે છે અને તેમાં દુખાવો પણ થાય છે. પરંતુ લોકો ચહેરા અને હાથની સ્કિન માટે સ્કિન કેર રૂટિન તો ફોલો કરે છે, પરંતુ પગ અને એડીઓની સ્કિનને અવગણતા હોય છે. આવા સમયે, મોંઘા પ્રોડક્ટ્સ ખરીદીને એડીઓ પર લગાવવાને બદલે, ઘરેલુ નુસખા અજમાવવું વધુ સારું છે. ઘરમાં ઉપલબ્ધ સરળ વસ્તુઓથી તમે તમારી ફાટેલી એડીઓને ફરીથી નરમ અને ગુલાબી બનાવી શકો છો. ચાલો જાણીએ કેવી રીતે. લીંબુમાં નેચરલ બ્લીચિંગ એજન્ટ હોય છે જે સ્કિનની ડેડ સ્કિનને દૂર કરવામાં મદદ કરે છે. આ માટે એક ટબમાં ગરમ પાણી લો, તેમાં અડધું લીંબુ નિચોવો અને તેમાં તમારા પગને ૧૦-૧૫ મિનિટ સુધી ડૂબાડીને રાખો. આ પ્રક્રિયા એડીઓની ઊંડાણથી સફાઈ કરવામાં મદદ કરશે. કેળાનું કરો મોઈશ્ચર ટ્રીટમેન્ટ, પાકેલું કેળું ત્વચાને નેચરલી રીતે મોઈશ્ચરાઈઝ કરવા માટે ઉપયોગી છે. એક પાકેલા કેળાને મેશ કરો અને તેને તમારી ફાટેલી એડીઓ પર લગાવો. ૧૫-૨૦ મિનિટ પછી હૂંફાળા પાણીથી ધોઈ લો. આ નુસખો ત્વચાને નરમ અને હેલ્ધી બનાવશે. ગ્લિસરીન અને ગુલાબજળનો કમાલ, ગ્લિસરીન એક ઉત્તમ મોઈશ્ચરાઈઝર છે અને જ્યારે તેને ગુલાબજળ સાથે મિક્સ કરવામાં આવે, તો તે ફાટેલી એડીઓને જાદુની જેમ ઠીક કરવામાં મદદ કરે છે. રાત્રે સૂતા ૫ હેલા બંનેને મિક્સ કરીને ફાટેલી એડીઓ પર લગાવો અને મોજા પહેરી લો. સવારે ઉઠીને પગને ધોઈ લો. એલોવેરા જેલનો ઉપયોગ, ગરમીમાં એલોવેરા જેલનો ઉપયોગ સ્કિનને ઠંડક આપવા અને તેને અંદરથી ભેજ જાળવી રાખવામાં મદદ કરે છે. તાજું એલોવેરા જેલ લો અને તેને સીધા ફાટેલી એડીઓ પર લગાવો. આથી જલન, ડ્રાયનેસ અને ક્રેક્સમાં આરામ મળશે. આ ઘરેલુ નુસખાઓનો અસર ત્યારે જ દેખાશે જ્યારે તમે તેમને નિયમિત રીતે સ્કિન કેર રૂટિનમાં સામેલ કરશો. જો તમારી પાસે સમય નથી તો આ બધી વસ્તુઓને મિક્સ કરીને પેસ્ટ બનાવો અને પગ પર લગાવીને ૨૦ મિનિટ સુધી રાખો.



## જો તમે આ સરળ ઘરેલુ ઉપાય અપનાવશો, તો તમારી એડીઓ ફક્ત ઠીક નહીં થાય

કેલમાં હાજર વિટામિન સી અને ફ્લેવોનોઈડ્સ કેન્સર જેવી ગંભીર બીમારીઓનું જોખમ ઘટાડે છે, ક્યાં લોકોએ કેલનું વધુ પડતું સેવન ન કરવું જોઈએ? ઘણા સંશોધનો અનુસાર, બીટા બ્લોકર લેનારા લોકોએ કેલનું સેવન ઓછું કરવું જોઈએ. આ દવાઓ સામાન્ય રીતે હૃદય રોગની સારવાર માટે આપવામાં આવે છે અને લોહીમાં પોટેશિયમનું સ્તર વધારી શકે છે. તેથી, બીટા બ્લોકર લેનારા લોકોએ પોટેશિયમ યુક્ત ખોરાક ઓછો ખાવો જોઈએ. કિડનીની બીમારીથી પીડિત લોકોએ પણ વધુ પડતા કેલ ખાવાનું ટાળવું જોઈએ. આ સિવાય બ્લડ થિનર લેનારા લોકોએ સાવધાની સાથે કેલનું સેવન કરવું જોઈએ. કેલમાં વિટામિન ન્ન ભરપૂર માત્રામાં હોય છે, જે લોહી ગંઠાઈ જવા માટે મદદ કરે છે.

# પાર્લર જવાની નહીં પડે જરૂર, ટેનિંગ દૂર કરવા માટે આ છે સૌથી અસરકારક જેલ!

આ યુવતીએ તડકામાં કામ કરનારા લોકોની ટેનિંગ સમસ્યાનો ઉકેલ શોધી કાઢ્યો છે. તેમણે એલોવેરા અને સ્ટ્રોબેરીથી એક ખાસ ટેનિંગ રિમૂવિંગ જેલ તૈયાર કર્યું છે, જે ત્વચાની કાળી પરત દૂર કરવા સાથે ડેડ સ્કિન પણ સાફ કરે છે. જેમને ફીલ્ડ વર્ક કરવું પડે છે અથવા જેમને લાંબા સમય સુધી તડકામાં રહેવું પડે છે, તેમના માટે ત્વચા કાળી પડી જવી એટલે કે ટેનિંગ એક સામાન્ય સમસ્યા છે. ખાસ કરીને જ્યારે કોઈ શર્ટ અથવા ટી-શર્ટ પહેરીને કામ કરે છે, ત્યારે ખુલ્લી ત્વચા પર કાળી પરત જામી જાય છે, જે દેખાવમાં પણ ખરાબ લાગે છે. આ સમસ્યાને ઉકેલવા માટે કાજલે એક ખાસ ટેનિંગ રિમૂવિંગ જેલ તૈયાર કર્યું છે. આ જેલ એલોવેરા અને સ્ટ્રોબેરી જેવા પ્રાકૃતિક તત્વોથી બનાવવામાં આવ્યું છે. તેને અઠવાડિયામાં માત્ર ૪ વખત લગાવવાથી અસર દેખાવા લાગે છે. આ જેલ માત્ર ટેનિંગ દૂર નથી કરતી, પણ ડેડ સ્કિન સેલ્સને પણ સાફ કરે છે. આ જેલના ૨ પીસ ૨૫૦ રૂપિયામાં મળે છે. આ સાથે એક ખાસ



એલોવેરા જેલ માસ્ક પણ બનાવ્યું છે, જેને રાત્રે અથવા ખાલી સમયે ચહેરા પર લગાવી શકાય છે. આ માસ્ક ઠંડક આપે છે, સ્કિનને ટાઈટ કરે છે અને ચહેરાને ગ્લોઈંગ બનાવે છે. આ જેલના ૨ પીસ ૨૫૦ રૂપિયામાં મળે છે. આ સાથે કાજલએ એક ખાસ એલોવેરા જેલ માસ્ક પણ બનાવ્યું છે, જેને રાત્રે અથવા ખાલી સમયે ચહેરા પર લગાવી શકાય છે. આ માસ્ક ઠંડક આપે છે, સ્કિનને ટાઈટ કરે છે અને ચહેરાને ગ્લોઈંગ બનાવે છે. તેમણે પોતાની આંખો સામે જ આ જેલનો અસર જોયો છે.

## તંત્રી લેખ...

# ટેરિફ વધારવાના અમેરિકાના નિર્ણય સામે ભારતે WTOમાં ફરિયાદ કરી

સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ટેરિફ વધારવાના યુએસના નિર્ણયને ભારતે WTO (વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન)માં રજૂઆત કરી હતી. ભારતે દાવો કર્યો હતો કે, અમેરિકાએ લીધેલું આ પગલું WTOના સેફગાર્ડ્સ એગ્રીમેન્ટ અંતર્ગત આવે છે. વળતા જવાબમાં અમેરિકાએ ખુલાસો કર્યો છે કે, ટ્રમ્પ સરકારે રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને રાખી સ્ટીલ અને એલ્યુમિનિયમમાં ટેરિફ વધારી છે. ભારત દ્વારા WTO સમક્ષ થયેલી રજૂઆત સંદર્ભે અમેરિકાએ ૧૭ એપ્રિલે ખુલાસો કર્યો હતો અને ભારતના દાવાને ફગાવી દીધો હતો. ટ્રમ્પ સરકારે WTO સમક્ષ રજૂ કરેલા ખુલાસા મુજબ, ભારતે કલમ ૧૨.૩ અંતર્ગત ટેરિફ મામલે ચર્ચા-વિચારણાની માગણી કરી છે. આ કલમ મુજબ ટેરિફને સેફગાર્ડ મેઝર ગણાવવામાં આવ્યું છે અને એગ્રીમેન્ટ ઓફ સેફગાર્ડ્સ અંતર્ગત તેનો ઉલ્લેખ થયો છે. જ્યારે ટ્રમ્પ સરકારે કલમ ૨૩૨ મુજબ સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ટેરિફ લાદી છે. આ કલમની જોગવાઈ મુજબ, યુએસ પ્રમુખને રાષ્ટ્રીય સુરક્ષાને સંતુલિત રાખવા માટે સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ટેરિફ વધારવાની જરૂરિયાત લાગી છે. WTOની કલમ ૨૩૨માં રાષ્ટ્રીય સુરક્ષાને લગતી જોગવાઈઓ છે અને આ કલમ મુજબ જનરલ એગ્રીમેન્ટ ઓન ટેરિફસ એન્ડ ટ્રેડ (GATT)ની જોગવાઈઓમાંથી રાષ્ટ્રીય સુરક્ષાને લગતી કાર્યવાહીને બાકાત રખાઈ છે. અમેરિકાના ખુલાસામાં જણાવાયું છે કે, ટ્રેડ એક્ટ ૧૯૭૪ની જોગવાઈ અન્વયે ટેરિફ લદાયા નથી અને સેફગાર્ડ મેઝરની જોગવાઈનો તેમાં સમાવેશ થાય છે. અમેરિકા સેફગાર્ડ તરીકે અથવા ઈમરજન્સી એક્શન તરીકે ટેરિફ વધારવાનો નિર્ણય લેતું નથી. તેથી એગ્રીમેન્ટ ઓફ સેફગાર્ડ્સ અંતર્ગત ટેરિફ બાબતે ચર્ચા-વાટાઘાટો કરવાની જરૂરિયાત ઉપસ્થિત થતી નથી.

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં વિશ્વ યકૃત દિવસ નિમિત્તે ઇન્સ્ટિટ્યૂટ ઓફ લિવર એન્ડ બિલિયરી સાયન્સિસ (આઇએલબીએસ) દ્વારા આયોજિત કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં વિશ્વ લીવર દિવસનાં પ્રસંગે ઈન્સ્ટિટ્યૂટ ઑફ લિવર એન્ડ બિલિયરી સાયન્સિસ (આઈએલબીએસ) દ્વારા આયોજિત કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. આ પ્રસંગે દિલ્હીનાં લેફ્ટનન્ટ ગવર્નર શ્રી વિનયકુમાર સક્સેના અને મુખ્યમંત્રી શ્રીમતી રેખા ગુપ્તા સહિત અનેક મહાનુભવો ઉપસ્થિત રહ્યાં હતાં. કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, લીવર આપણા શરીરમાં અને તેને સ્વસ્થ રાખવામાં ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આપણા શરીરના તમામ અવયવોમાં, યકૃતમાં પુનર્જીવિત કરવાની સૌથી મોટી ક્ષમતા હોય છે અને તંદુરસ્ત યકૃત એ તંદુરસ્ત શરીરનું પ્રવેશદ્વાર છે. તેમણે જણાવ્યું હતું કે, આજે 'વિશ્વ લીવર દિવસ' નિમિત્તે દરેક વ્યક્તિએ જાગૃતિ, ખંત અને સંપૂર્ણ માહિતી સાથે પોતાના 'લીવર'ને સ્વસ્થ રાખવાની પ્રતિજ્ઞા લેવી જોઈએ. સ્વસ્થ જીવનશૈલીનો પોતાનો અનુભવ જણાવતા ગૃહમંત્રીએ કહ્યું કે મે ૨૦૨૦ બાદ તેમના જીવનમાં ઘણું મોટું પરિવર્તન આવ્યું છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, યુવાનો શરીરની જરૂરિયાત મુજબ પાણી, આહાર, કસરત અને ઊંઘથી તેમનાં જીવનમાં ઘણું બધું હાંસલ કરી શકે છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૪૭માં ભારતને વિકસિત કરવાનું લક્ષ્ય દેશ સમક્ષ નિર્ધારિત કર્યું છે, જે વર્ષ ૨૦૪૭માં આઝાદીની શતાબ્દી સાથે સુસંગત છે, જ્યાં ભારત દરેક ક્ષેત્રમાં આત્મનિર્ભર બનશે અને દુનિયાનું નેતૃત્વ કરશે. તેમણે કહ્યું હતું કે, વિકસિત ભારતની વિભાવના બીમાર રહેવાથી સાકાર થઈ શકતી નથી અને એટલે જ દરેક નાગરિક સ્વસ્થ રહે એ અતિ મહત્ત્વપૂર્ણ છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, આજે આઈએલબીએસ દ્વારા હીલેડ યોજના શરૂ કરવામાં આવી છે અને આઈએલબીએસ દ્વારા સાજા કરવામાં આવેલી આ યોજનાની આ નવતર પહેલ 'લીવર'ને સ્વસ્થ રાખવા માટે દેશમાં જાગૃતિ ફેલાવવામાં સફળ રહેશે. તેમણે કહ્યું કે દરેક વ્યક્તિએ નિયમિત સ્વાસ્થ્ય તપાસ દરમિયાન વિટામિન ઈનું પરીક્ષણ પણ કરાવવું જોઈએ. શ્રી શાહે જણાવ્યું હતું કે, આજે આપણા વેદોમાં 'આહાર હી ઔષધિ હૈ' માં આપેલા મંત્રને સ્વીકારીને સમગ્ર વિશ્વ આગળ વધી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ છેલ્લાં ૧૦ વર્ષમાં ઘણાં કાર્યક્રમો શરૂ કર્યા છે, જેથી સમગ્રલક્ષી અભિગમ સાથે દેશવાસીઓને સ્વસ્થ રાખી શકાય. તેમણે કહ્યું હતું કે આયુષ મંત્રાલય એક એવી વ્યવસ્થા વિકસાવવા માટે કામ કરી રહ્યું છે કે જેથી આપણે બીમાર ન પડીએ. શ્રી શાહે જણાવ્યું હતું કે, આજે મોટી એલોપેથિક હોસ્પિટલો પણ આયુષ શાખા ખોલી રહી છે. વિશ્વ યોગ દિવસના વિચારમાં વ્યક્તિના માનસિક અને શારીરિક સ્વાસ્થ્યનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે, આજે મોદી સરકાર દેશના કરોડો લોકો માટે ૫ લાખ રૂપિયા સુધીની સારવારનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવી રહી છે. સરકાર ૭૦ વર્ષથી વધુ વયના નાગરિકોની સારવાર માટે ૫ લાખ રૂપિયા સુધીનો તમામ ખર્ચ પણ ઉઠાવી રહી છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, મોદી સરકારે દેશમાં સ્વાસ્થ્ય સાથે સંબંધિત માળખાગત સુવિધાઓનું નિર્માણ કરવા માટે ૬૫,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે તથા દરેક પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્ર (પીએચસી) અને સામુદાયિક સ્વાસ્થ્ય કેન્દ્ર (સીએચસી)ને સંપૂર્ણ એકમ બનાવવાની વ્યવસ્થા કરી છે. તેમણે કહ્યું હતું કે, જેનેરિક દવાઓ માટે દેશમાં ૧૫ હજારથી વધારે જન ઔષધિ કેન્દ્રોનું નેટવર્ક ઊભું કરવામાં આવ્યું છે અને આ કેન્દ્રો મારફતે દવાઓ ૮૦ ટકા સુધી સસ્તી મળે છે. મિશન ઈન્દ્રધનુષ અંતર્ગત જન્મથી લઈને ૧૫ વર્ષની ઉંમર સુધીના બાળકોના નિઃશુલ્ક રસીકરણની વ્યવસ્થા કરવામાં આવી છે અને ૧ કરોડ ૩૨ લાખ માતાઓને પણ રસી આપવામાં આવી હતી. શ્રી શાહે જણાવ્યું હતું કે, ઈ-સંજીવની એપ અંતર્ગત દેશભરમાં ગ્રામીણ વિસ્તારોમાં મોટી આરોગ્ય સંસ્થાઓ પાસેથી ૩૦ કરોડ ૯૦ લાખથી વધારે ડિજિટલ મેડિકલ કન્સલ્ટેશન આપવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪માં દેશમાં ૭ એઈમ્સ હતી, આજે આ સંખ્યા ૨૩ સુધી પહોંચી છે, ૨૦૧૪માં ૩૮૭ મેડિકલ કોલેજો હતી, આજે તે ૭૮૦ છે, એમબીબીએસની ૫૧ હજાર બેઠકો હતી જે આજે વધીને ૧ લાખ ૧૮ હજાર થઈ ગઈ છે અને હવે વધુ ૭૫ હજાર બેઠકો વધવાની છે. આ સાથે ૩૧ હજાર પીજી બેઠકો હતી જે આજે વધીને ૭૪ હજાર થઈ ગઈ છે. તેમણે કહ્યું કે ૨૦૧૪માં દેશનું સ્વાસ્થ્ય બજેટ ૩૭ હજાર કરોડ રૂપિયા હતું.

### આપણાં યુવાનોને સૌથી વધુ આકર્ષિત કરનારું તત્વ હોય તો એ છે ત્યાંનું વર્ક કલ્ચર !

# યુરોપિયન દેશોની કરન્સીનું મુલ્ય આપણી કરન્સી કરતાં આટલું ઊંચું કેમ છે?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**જોકે પ્રદૂષણ મુક્ત વાતાવરણ હોવાથી વસંતનો અદભુત જાદુ જોવા મળે! એટલે કે નવેમ્બરથી માર્ચ સુધી કાળા ભઠ્ઠ પડી ગયેલા વૃક્ષો એપ્રિલ આવતાં એકદમ સીધા લીલાંછમ થઈ જાય. કેસુડા જેમ ચેરી બ્લોસમનાં ફૂલથી તો આખાં વૃક્ષો લચી પડે, અને થોડા સમયમાં ખરી પણ જાય.**

આપ સૌ જાણો છો એમ મારી માટે મેરા ભારત મહાન! એ સૌથી ઉપરનું સત્ય છે, અને સાથોસાથ સબ ભૂમિ ગોપાલ કી ! એટલે કોઈની નીંદા કુથલી પણ નહીં! છતાં ત્રણ મહિના જેવો સમય વિદેશમાં રહી, તો હું સતત વિચારતી હતી, કે એવી તો શું ખાસિયત છે, આ યુરોપ ના દેશની! કે એની કરન્સી ક્યારેય નીચે જતી જ નથી? ઘણા ભાઈ બહેનો એ પુછ્યુ પણ ખરું કે ત્યાં તો તમને સ્વર્ગ જેવું લાગતું હતું? આમ તો મારે બહુ ખાસ બહાર જવાનું થયું નહોતું, છતાં કુદરતની રીતે ત્યાં ખૂબ સૌંદર્ય છે, પણ એ તો આપણે ત્યાં પણ કંઈ ઓછું નથી! એટલે કે હિમાચલ, કાશ્મીર, આસામ, દાર્જિલિંગ, સિક્કીમ, અરુણાચલ વગેરે રાજ્યો અદભુત કુદરતી સૌંદર્ય ધરાવે છે! આપણે ત્યાં પણ ક્યાંક દરિયો તો ક્યાંક પહાડ અને ક્યાંક પૂરાતની સંસ્કૃતિની રીતે મંદિરોની કલાકૃતિ અદભૂત છે. હા એ વાત અલગ છે કે, આપણને તેનું એટલું મુલ્ય નથી, એટલે આપણે એની જાણવણી બહુ કરતાં નથી, ઉપરથી વિદેશ જઈએ તો જ સ્ટેટ્સ વધે એવું પણ ખરું! પણ એમની કરન્સી તો આપણી કરતાં ઉંચી છે જ, એમાં કોઈ બેમત નથી! તો આજે આપણે આપણું અર્થતંત્ર મજબૂત કરવું હોય તો એમનાં સ્પષ્ટ દ્રષ્ટિકોણને મુદા વાર જરા તટસ્થતાથી તપાસીએ.

*નાનકડા દેશો નો સમુહ અને વસ્તી પણ નિયંત્રિત.

* સૌનો એક જ ઈશ્વર અને એક જ ધર્મ! એટલે કે બધા જ ક્રિશ્ચયન.

*રાષ્ટ્ર પ્રેમ નહીં પણ રાષ્ટ્ર વાદનું ઝનૂન ખરું! એટલે કે પોતાની પ્રજા અને પોતાની પ્રોડક્ટ ને વધુ મહત્વ આપવું અને મહત્વના પદ પર પોતાના જ માણસો ને નિયુક્ત કરીને ઈકોનોમી મજબૂત બનાવવી.

*બુદ્ધિની રીતે કદાચ ન્હોય પણ ત્યાંની પ્રજા ખૂબ જ મહેનતુ છે, અને શરીર સ્વાસ્થ્ય માટે અત્યંત જાગૃત પણ ખરી. કાચાં શાકભાજી અને પત્થરા જેવી બ્રેડ ખાઈ ખાઈને પણ લાલ ગલોળા જેવા.

*દૂધ બ્રેડ તથા અન્ય જીવન જરૂરિયાતની પ્રાથમિક વસ્તુઓનો ભાવ ગમે ત્યાંથી ખરીદો નિશ્ચિત. એટલે ઓછી આવક વાળાની પણ પ્રાથમિક જરૂરિયાતમાં બાધા ન આવે! અને કુપોષણનો પ્રશ્ન ન રહે.

*મોટેભાગે સૌ માટે ટેક્સનું ધોરણ સરખું અને એ મુજબ ૩૦/૩૫% કાપીને જ પગાર હાથમાં આવે એટલે છટકું ગોતવુ કે એવી કોઈ ચાલ કામ ન આવે.

*ત્યાંનું નાગરિકત્વ ધરાવનાર નાં દરેક સંતાનો નાં ઉછેર માટે ત્યાંની સરકાર તરફથી મળતી નિશ્ચિત રકમ, એટલે બાળ ઉછેર વ્યવસ્થિત થાય.

*શિક્ષણ અને આરોગ્યની તમામ સુવિધાઓ માટે અલગથી કોઈ ચાર્જ નહીં!

* આપણાં યુવાનોને સૌથી વધુ આકર્ષિત કરનારું તત્વ હોય તો એ છે ત્યાંનું વર્ક કલ્ચર ! કામ ના કલાક પ્રમાણે નું વળતર. યુવાનો ના મતે કોઈ એક્સ્ટ્રા વર્ક લોડ નહીં, આપણે ત્યાં તો તેલ પાઈને એરંડિયું કાઢે. ઉપરથી ફાઈવ ડે વીક અને હવે કોરોના પછી તો હોમ ઓફિસ પણ ખરું! ટૂંકમાં કામ પ્રત્યે બેઈમાની કરવાનું કોઈ કારણ ન મળે!

* આઠ થી દસ મહિના અતિશય ઠંડી રહે એટલે ટુરિઝમનો ધંધો પણ વ્યાપક રીતે વિકસેલો છે.

જોકે ત્યાંનું કલ્ચર પરિવાર પ્રથાનું નહીં, એટલે સંતાનો સ્વતંત્ર વિચાર ધરાવનારા. બહાર નીકળો એટલે ઠંડીને કારણે મોઢામાંથી ધૂમાડા નીકળે છે, કે સિગારેટનાં એ ખબર જ ન પડે! એટલી હદે ત્યાંની પ્રજા સ્મોકિંગ કરે છે, ઉપરથી દારુની છૂટ હોવાથી નાનપણથી સંતાનો એ જે જોયું હોય એ પોતે પણ કરે! અને મા બાપ વિરોધ પણ કરી શકે નહીં. ગમે તે વ્યસન હોય એ આગળ જતાં આદત બને, અને પછી તે ક્રાઈમ કરવા પ્રેરે! બસ એજ રીતે હવે ત્યાંના સમાજમાં પણ હિંસા, અને ઘરેલું અત્યાચાર જોવા મળે છે. તો કાયદો પણ ટીન એજ તરફી હોવાથી બિન્દાસ્ત ના નામે અશ્લીલતાનુ પ્રમાણ પણ વધ્યું છે, આધુનિક દેખાવા કે કહેવડાવવા નશો કરીને ગમે ત્યાં શરું થઈ જાય. સિગરેટ ઉપરાંત આપડી જેમ ડ્રગ્સ નું ચલણ પણ ત્યાં ખૂબ જ છે! ચૌદ કે સોળ વર્ષ પછી સ્મોકિંગની છૂટ હોવાથી, સ્કૂલ જતાં વિદ્યાર્થીઓ પણ ઈ સિગારેટથી ધૂમાડા કાઢતાં જોવા મળે. સ્ત્રીઓ તો ત્યાંની પણ સુરક્ષિત નથી. જો કે સ્વતંત્ર ઉછેરને કારણે બંને પક્ષે વિચાર ભેદ થાય, અને તરત ડિવોર્સ! એટલે બે ત્રણ લગ્ન તો સામાન્ય કહેવાય. રેશીઝમ પણ ખતરનાક રીતે વ્યાપેલું છે, એટલે ઈન્ડિયન કે એશિયન પ્રજાને આસાનીથી સ્વીકારે નહીં, બસ કે ટ્રેનમાં ભૂલથી પણ કોઈ આપણું બેસી જાય, તો એ લોકો ઉભા થઈ જાય, અને એવું મોઢું કરે! જાણે આપણાથી બહુ મોટો અપરાધ થયો હોય! એટલે ગાંધીજીને જે અજૂગતું લાગ્યું હતું, એ હજી થોડેઘણે અંશે જોવા મળે, કોઈ કોઈ બહુ મદદરૂપ થાય એવાં પણ હોય,પણ એ તો અપવાદ. મૂળ ખુન્નસ તો એ કે, આપડી પાસે આટલી બૌદ્ધિકતા નથી! એટલે જો વધુ માન સન્માન આપીશું તો આ લોકો આપણને ગુલામ બનાવી આપણી પર રાજ કરશે. પરંતુ આપણાં જુવાનિયાઓને પિત્ઝા પાસ્તા અને બર્ગરનો સ્વાદ એટલો ભાવી ગયો છે, કે એ હવે ત્યાંથી પાછા આવવાનું નામ લે એમ નથી! આમ પણ અહીં રહેનારાનાં ઘરમાં રોટલીની બદલે બ્રેડ રસોડા સુધી પહોંચી જ ગઈ છે! બ્રેડ એ યુરોપની જ ખાસિયત છે! ત્યાંની બ્રેડ જોઈને એમ થાય કે આને કેમ ખાવી? એટલી એ કડક હોય! બે દિવસ પડી રહે અને પછી કોઈને મારીએ તો પથ્થરનું કામ કરે, એવી કડક! બ્રોચન અને ક્રોસો એ તેની વેરાયટી! ભેજની સખત કમીને કારણે ગમે તે ખાવાની વસ્તુમાંથી મોશચ્યર સુકાઈ જાય! અને આટલી કડક હોય એટલે ખાવા સાથે ખૂબ પાણી પીવું પડે! આપણે અહીં ઠંડી હોય ત્યારે પાણીની તરસ લાગે નહીં,પણ ત્યાં શિયાળામાં પણ ડિહાઈડ્રેડ થઈ જવાય એવું સુકું વાતાવરણ. જોકે પ્રદૂષણ મુક્ત વાતાવરણ હોવાથી વસંતનો અદભુત જાદુ જોવા મળે! એટલે કે નવેમ્બરથી માર્ચ સુધી કાળા ભઠ્ઠ પડી ગયેલા વૃક્ષો એપ્રિલ આવતાં એકદમ સીધા લીલાંછમ થઈ જાય. કેસુડા જેમ ચેરી બ્લોસમનાં ફૂલથી તો આખાં વૃક્ષો લચી પડે, અને થોડા સમયમાં ખરી પણ જાય.

સામાજિક રીતે ત્યાંની પ્રજામાં કોઈ એવો આત્મિયતાનો અનુબંધ જોવા મળતો નથી! બસ ઔપચારિક રીતે હાય હલ્લો નો વ્યવહાર! કારણકે સંતાનો મોટા થાય એટલે પોતાની રીતે જુદા થઈ જાય! સૌનો એક જ ધર્મ અને એક જ ઈશ્વર હોવાથી એવાં ઉત્સવો પણ ઉજવાતા નથી, અને એટલે ક્રિસમસ પર આંખો મહિનો ઉજવણી ચાલે! નાતાલ, ઈસ્ટર, ગુડ ફ્રાઈ ડે, કે જેને કોઈ બ્લેક ફ્રાઈ ડે પણ કહે, ખ્રિસ્ત રાજાનો તહેવાર એટલે કે બ્રિટાનિકા જેવા પ્રભુનાં તહેવારો ઉજવાય છે. ગુડ ફ્રાઈ ડે ને દિવસે ઈસુ ને વધ સ્તંભ પર લટકાવવામાં આવ્યાં હતાં એટલે લેન્ટ એટલે કે અંત ! ઈસુ પ્રભુ માનવતા માટે વધ સ્તંભ પર લટક્યા હતાં, એ માટે તપશ્ચર્યાની મોસમ કે ઋતુ શરૂ થાય છે અને ૪૦ દિવસ સુધીનાં ઉપવાસ કરવામાં આવે છે, જે ગુડ ફ્રાઈ ડે નાં ૪૦, દિવસ પહેલાં શરૂ થાય છે. અન્ય ધર્મની જેમ સાત મુખ્ય સંસ્કાર પાળવામાં આવે છે. જેમાં બાપ્તિસ્મા એટલે કે પાપ ધોવાની અને કન્ફેશન્સ એટલે કબુલાત મુખ્ય છે.

આપણે પણ આપણી અર્થ વ્યવસ્થા મજબૂત બનાવવી હોય તો, આપણી સંસ્કૃતિ અને જીવનશૈલી જ ઉત્તમ છે! એટલે આ રીતે દેશપ્રેમી કે રાષ્ટ્રવાદી બનીએ. જય હિન્દ.

### સુરજ ના બદલા ચાંદ ના બદલા,ના બદલા આસમાન, કિતના બદલ ગયા ઈન્સાન...

# મનને બદલી શકાય પણ મનમાં હોય તે નથી બદલી શકાતું



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ઘરનું માણસ બહુ નમે, સેવા કરે ત્યારે માનવું કે ખાડામાં ઉતારવાની તૈયારી છે. પાર્વતીએ શંકર પાસે માગણી કરી. કોઇપણ પ્રકારે અનસૂયાના પતિવ્રતનો ભંગ થાય તેવું કરો!આ બાજુ નારદજી વૈકુંઠ લોકમાં આવ્યા ને લક્ષ્મીજી મળ્યા. કહે, વૈકુંઠમાં મહિમા પહેલાં હતો, પણ હવે તો અનસૂયાના આશ્રમ જેવું ક્યાંય નહીં!**

ડીસામાં ચાલતી બિનકાયદેસર ફટાકડાની ફેક્ટરીમાં ધડાકો થતાં નિર્દોષ વીસથી પચ્ચીસ લોકોએ જીવ ગુમાવ્યા તો સમી પાસે રીક્ષા બસ, રાજકોટમાં બસ છ - ચાર લોકો મર્યા ત્યારે આવી ઘટનાઓ પાછળ ભ્રષ્ટ અધિકારીઓ તંત્રનો જ હાથ હોય છે પણ બોલેકોણ? આવા સમયે હૃદય કકળાટ કરે છે

દેખ તેરે સંસાર કી હાલત.ક્યા હો ગઈ ભગવાન, કિતના બદલ ગયા ઈન્સાન, કિતના બદલ ગયા...

સુરજ ના બદલા ચાંદ ના બદલા,ના બદલા આસમાન, કિતના બદલ ગયા ઈન્સાન...આયા સમય બડા બેઢંગા, આજ આદમી બના લફંગા કહીં પે ઝગડા, કહીં પે દંગા, નાચ રહા નર હોકર નંગા છલ ઔર કપટ કે હાથો અપના બેચ રહા ઈમાન... કિતના બદલ ગયા ઈન્સાન, કિતના બદલ ગયા ઈન્સાન...રામ કે ભક્ત રહિમ કે બંદે, રચતે આજ ફરેબ કે ફંદે, કિતના યે મક્કાર યે અંધે, દેખ લિયે ઈનકે ભી ધંધે ...ઈન્હી કી કાલી કરતુતો સે હુઆ યે મુલ્ક મશાન... કિતના બદલ ગયા ઈન્સાન,કિતના બદલ ગયા ઈન્સાન...જો હમ આપસ માં ન ઝગડતે,બને હુએ કયું ખેલ બિગડતે, કાહે લાખો ઘર યે ઉઝડતે, ક્યું યે બચ્ચેમાં સે બિછડતે,ફુટ ફુટ કર ક્યું રોતે પ્યારે બાપુ કે બાપા,કિતના બદલ ગયા ઈન્સાન,કિતના બદલ ગયા ઈન્સાન..

સત્કર્મ કરવામાં જો હેતુ શુદ્ધ ન હોય તો એ સત્કર્મ પણ પાપ બને છે. દક્ષ પ્રજાપતિએ શિવજી પ્રત્યે કુભાવ રાખ્યો તેથી દક્ષ પ્રજાપતિ નો ધર્મ પણ અધર્મ થયો. તેનો યજ્ઞ તેને મારનારો થયો. સર્વ પ્રત્યે સમભાવ રાખવાથી સત્કર્મ સફળ થાય છે. સર્વનું કલ્યાણ થાય એ જ સત્ય અને સત્કાર્ય,માટે ભૂત માત્રના હિતમાં રતુ રહેવું.

અનેકમાં એકના દર્શન કરે એ જ્ઞાન. એકમાં ઈશ્વરના દર્શન કરે એ સાધારણ. એક બ્રાહ્મણ રસ્તામાં કોઈ સ્ત્રીને જોશે તો તેમાં લક્ષ્મીની ભાવના કરશે. આ મહાલક્ષ્મી છે. તેથી તે સ્ત્રીમાં રહેલા અંતર્યામી ઈશ્વર તે બ્રાહ્મણને આશીર્વાદ આપશે, ત્યારે કામી પુરુષ કામભાવથી તે સ્ત્રીને જોશે. તેથી તે સ્ત્રીહૃદયમાં રહેલો ઈશ્વર તે પુરુષને શ્રાપ આપશે. તમે બીજામાં ઈશ્વરની ભાવના રાખશો તો બીજા તમારા માં ઈશ્વરની ભાવના રાખશે. સર્વમાં સમભાવ રાખવોએ ઉત્તમો ત્તમ ધર્મ છે.સર્વમાં સદભાવ રાખશો તો સુખી થશો. સદભાવ એટલે ઈશ્વરનો ભાવ. કોઈ જીવમાં કુભાવ રાખનારો ધર્મ સફળ થતો નથી. મહાભારતમાં જોઈએ છીએ કે, શ્રીકૃષ્ણ કેટલીકવાર અધર્મ કરે છે, પણ તેના મનમાં બધા પ્રત્યે સદભાવ છે. સદભાવ છે એટલે તેનો અધર્મ પણ ધર્મ બને છે.સર્વમાં સદભાવ રાખ. અધર્મ કરવામાં આવે તો તે અધર્મ પણ ધર્મ બને છે. મહાભારતનો કર્ણપર્વ અને દ્રોણપર્વ આનાં દૃષ્ટાંતો છે.કર્ણપર્વમાં આપેલું છે કે, કર્ણ નિઃશસ્ત્ર હતો અને રથનું પૈડું જમીનમાંથી કાઢતો હતો. તે વખતે ભગવાને અર્જુનને કહ્યું કે, તું આ કર્ણને માર.તે વખતે અર્જુન કહે છે યુદ્ધ શાસ્ત્રનો નિયમ છે કે, શત્રુ જ્યારે નિઃશસ્ત્ર હોય ત્યારે તેના ઉપર પ્રહાર ન કરવો, માટે અર્જુને મારા ઉપર પ્રહાર ન કરવો જોઈએ પણ ભગવાન કર્ણને કહે છે, કર્ણ, તેં આજ સુધી ધર્મનું પાલન કેટલું કરેલું છે? તેં ધર્મત્તું પાલન કરેલું નથી અને બીજાને ધર્મનું પાલન કરવા ઉપદેશ આપે છે.ભરી સભામાં દ્રોપદીનુંઅપમાન કરવામાં આવેલું,ત્યારે તારું ધર્મનું જ્ઞાન ક્યાં ગયું હતું?તે જ પ્રમાણે દ્રોણ પર્વમાં કથા આવે છે. દ્રોણાચાર્ય પાંડવસેનાનો કચ્ચર ઘાણ વાળે છે. શ્રીકૃષ્ણે વિચાર્યું કે, આ ડોસો નહીં મરે તો અનર્થ થશે. તેવામાં અશ્વત્થામા નામનો હાથી મરાયો. શ્રીકૃષ્ણે વિચાયું,જો દ્રોણાચાર્યને કહેવામાં આવે કે તમારો પુત્ર મરાયો છે તો પુત્રશોકને કારણે તે યુદ્ધ બંધ કરશે એટલે અશ્વત્થામા હણાયો તેમ કહેવામાં આવે છે.દ્રોણાચાર્ય સમજે છે, છોકરો મરી ગયો. છતાં ખાતરી કરવા તે ધર્મરાજાને પૂછે છે. યુધિષ્ઠિરને ભગવાન કહે છે કે, બોલો, અશ્વત્થામા હણાયો યુધિષ્ઠિર કહેછેકે,મારાથીઅસત્ય કેમ કહેવાય. ત્યારે ભગવાન કહે છે, સર્વનું કલ્યાણ થાય તે સત્ય. દ્રોણાચાર્ય બ્રાહ્મણ થઈ અધર્મી દુર્યોધનને મદદ કરી રહ્યા છે. તેઓ યુદ્ધ છોડી દે તો અધર્મ છૂટી જાય.માટે કહું છું,બોલો, અશ્વ સ્થામા હણાયો! ભગવાનના આગ્રહથી બોલવું પડયુંકે, અશ્વત્થામા હણાયો પણ આ ખોટું બોલવાનું પાપ ન લાગે એટલે ધીમેથી બોલ્યાં કાં નર,કાં હાથી!પણ છેલ્લા શબ્દો કોઈને ન સંભળાય એટલે પ્રભુએ જોરથી શંખનાદ કર્યો અને ખરેખર આ છેલ્લા શબ્દો કોઈને સંભળાયા નહીં.

દક્ષ પ્રજાપતિએ યજ્ઞ કર્યો પણ એ યજ્ઞધર્મ શિવજી પ્રત્યે કુભાવ રાખીને કરવાથી એ અધર્મરૂપ બની દક્ષને મારનારો થયો અને શ્રીકૃષ્ણનો અસત્ય ભાષણરૂપ સર્વનું કલ્યાણ કરવાની ભાવનાથી કરેલો હોવાથી ધર્મરૂપ ગણાયો.

સત્કર્મ કરતાં શુદ્ધ ભાવ રાખો. ભગવદ્ ભાવ રાખો. હૃદય શુદ્ધ રાખો એ મોટામાં મોટું તપ છે. તેથી સૌના અહંકારથી બ્રહ્મ કર્મનો આરંભ કરું છું. એ મંત્ર બોલીને દરેક સત્કાર્યની શરૂઆત કરવાની હોય છે.

મૈત્રેયજી પછી કર્દમની કન્યાઓના વંશનું વર્ણન કરે છે. મરીચિ અને કલાને ત્યાં કશ્યપ અને પૂર્ણિમા નામના બે પુત્રો થયેલા. અત્રિની પત્ની અનસૂયાથી દત્તાત્રેય, દુર્વાસા અને ચંદ્રમા નામના ત્રણ પુત્રો થયા છે.તે અનુક્રમે વિષ્ણુ, શંકર અને બ્રહ્માના અંશથી ઉત્પન્ન થયેલા.

દત્તાત્રેય અત્રિના ઘરે આવે છે. પુરુષ અત્રિ જેવો તપસ્વી બને અને સ્ત્રી અનસૂયા જેવી તપસ્વિની બને, તો આજે પણ દત્તાત્રેય આવવા તૈયાર છે.

અત્રિ એટલે નત્રિ. ત્રણ નથી તે અત્રિ. ત્રણ એટલે સત્ત્વ, રજ, તમ. એ ત્રિગુણનો નાશ કરી જે નિર્ગુણી બને તે અત્રિ, સત્ત્વ, રજ તમ—આ ત્રણ ગુણમાં જીવ મળી ગયો છે. આ ત્રણ ગુણોમાં જીવ મળે છે. આ ત્રણ ગુણને છોડીને બ્રહ્મસંબંધ કરવાનો છે. ત્રિગુણાતીત બ્રહ્મસ્વરૂપને માપ્ત થયો છે તે અત્રિ.તર્જની આંગળી જીવભાવ- અભિમાન બતાવે છે. જીવમાં અભિમાન પ્રધાન છે. ટચલી આંગળી સત્ત્વગુણ છે. અંગૂઠો એ બ્રહ્મ છે. તેથી પુષ્ટિ સંપ્રદાયમાં ઠાકોરજીને તિલક અંગૂઠાથી થાય છે.

શરીરમાં તમોગુણ છે તેને રજો ગુણથી મારો, દૂર કરો. રજોગુણને સત્ત્વગુણથી મારો એટલે કે નષ્ટ કરી. રજોગુણ કામ અને ક્રોધનો જનક છે. સત્કર્મથી સત્ત્વગુણ વધે છે. સત્ત્વગુણ પણ બંધન કરે છે. એમાં પણ થોડો અહંભાવ રહી જાય છે.માટે છેવટે સત્ત્વ ગુણને સત્ત્વગુણથી મારવાનો સત્ત્વગુણનો પણ ત્યાગ કરવાનો છે અને નિર્ગુણી થવાનું છે.જીવ અત્રિ થાય તો તેની બુદ્ધિઅનસૂયા બને. અનસૂયા વગરની બુદ્ધિએ જ અસૂયા.બુદ્ધિમાં મોટામાં મોટો દોષ અસૂયા છે, મત્સર છે. બીજાનું સારું જોઈ ઈર્ષ્યા કરે, બળેએ જ અસૂયા-મત્સર અસૂયા ઈશ્વરના માર્ગે જવામાં અવરોધક છે. પરદોષનો વિચાર એ શ્રીકૃષ્ણદર્શનમાં વિઘ્ન કરે છે. બુદ્ધિમાં જ્યાં સુધી અસૂયા મત્સર હશે ત્યાં સુધી તે ઈશ્વરનું ચિંતન કરી શકશે નહીં.જેની બુદ્ધિ અનસૂયા-અસૂયા વિનાની બને એ જ અત્રિ બને.પછી દત્તાત્રેય પધારે જીવ ત્રણ ગુણોનો ત્યાગ કરી નિર્ગુણી બને અને બુદ્ધિ અસૂયા વિનાની નિષ્કામ બને ત્યારે ભગવાન પ્રગટ થાય છે. તેથી અસૂયા-ઈર્ષ્યા કોઈની ન કરો. અનસૂયા મહાન પતિવ્રતા છે. એક વખત નારદજી કૈલાસમાં આવ્યા. તે વખતે શંકર સમાધિમાં હતા. પાર્વતીજી નારદ જીને પ્રસાદ આપે છે. નારદજી કહે છે, લાડુ બહુ સુંદર છે. પણ અનસૂયા નો લાડુ તમારા લાડુ કરતાં શ્રેષ્ઠછે પાર્વતીજી પૂછે છે, એ અનસૂયા કોણ છે? નારદજી કહે,અનસૂયા મહાન પતિવ્રતા છે.પાર્વતીના મનમાં ઈર્ષ્યા ઉત્પન્ન થઈ. મારાથી અનસૂયા વધે? શંકર સમાધિમાંથી જાગ્યા. પાર્વતી વંદન કરે છે. ઘરનું માણસ બહુ નમે, સેવા કરે ત્યારે માનવું કે ખાડામાં ઉતારવાની તૈયારી છે. પાર્વતીએ શંકર પાસે માગણી કરી. કોઈપણ પ્રકારે અનસૂયાના પતિવ્રતનો ભંગ થાય તેવું કરો!આ બાજુ નારદજી વૈકુંઠ લોકમાં આવ્યા ને લક્ષ્મીજી મળ્યા. કહે, વૈકુંઠમાં મહિમા પહેલાં હતો, પણ હવે તો અનસૂયાના આશ્રમ જેવું ક્યાંય નહીં! લક્ષ્મીજીએ વિષ્ણુને કહ્યું કે, આપ એવું કાંઈક કરો કે જેથી અનસૂયાના પતિવ્રત નો ભંગ થાય. પાર્વતી એટલે બુદ્ધિ. બુદ્ધિ-વિદ્યામાં મત્સર છે. લક્ષ્મી એટલે દ્રવ્ય. દ્રવ્યમાંઈર્ષ્યા-અસૂયા એલી છે. બ્રહ્માણીએ રજોગુણ છે,ત્યાં પણ ઈર્ષ્યા છે. સાવિત્રીજી એ પણ આ પ્રમાણે બ્રહ્માને વિનંતી કરી.

શંકર-વિષ્ણુ-બ્રહ્મા ત્રણ દેવો સાધુ વેશે ભિક્ષા માગવા અનસૂયાના આશ્રમમાં આવે છે. કહે છે, તમે નગ્ન થઈને ભિક્ષા આપો તો અમે લઈશું. અનસૂયા વિચારે છે કે, જો નગ્ન થઈને ભિક્ષા આપું તો મારા પતિવ્રતનો ભંગ થાય અને ભિક્ષા ન આપું તો આંગણે આવેલા અતિથિ પાછા જાય.મને પાપલાગે નગ્ન થઈ ભિક્ષા આપો એવી પ્રભુ માગણી કરે છે,એટલે વૈષ્ણવ પ્રભુને વાસનારહિત થઈ ભિક્ષા આપે.ઈશ્વરને વાસના રહિત થઈ, નિષ્કામ થઈ સર્વ વસ્તુ અર્પણ કરવાની છે. અનસૂયાના મનમાં કોઈ વાસના ન હતી. સૂક્ષ્મ વાસના પણ જો મનમાં હોય તો ત્રણ દેવો આવતા નથી. અનસૂયાએ ધ્યાન ધર્યું અને ત્રણ દેવો ઉપર પાણીની અંજલિ છાંટી. ત્રણ દેવો બાળક બની ગયા. પતિવ્રતામાં એવી શક્તિ છે.પાર્વતી, લક્ષ્મી અને સાવિત્રી પોતાના પતિઓને શોધવા નીકળી. ત્રણે દેવીઓ ચિત્રકૂટમાં આવી. એટલામાં નારદ ત્યાં આવ્યા. દેવીઓએ તેમને પૂછ્યું, અમારા પતિઓના કાંઈ સમાચાર જાણતા હોય તો કહો. નારદજી કહે, પહેલા કહો કોણ મોટું? તમે કે અનસૂયા? દેવીઓ કહે છે, અનસૂયા મોટાં! હવે નારદજી કહે છે,તમારા પતિ ઓ અનસૂયાના ઘરમાં ઘોડીએ હીંચે છે!

બીજા સાથે અનસૂયા કરનારને શાંતિ મળતી નથી. દેવીઓ ગભરાય છે. ત્યાં જઈએ અને અનસૂયા શ્રાપ આપે તો? નારદજી કહે છે, તમે ભલે મત્સર કહો પણ અનસૂયા મત્સર કરશે નહીં.દેવી ઓ આશ્રમમાં દેવી પાસે આવી. અનસૂયાએ પ્રતિજ્ઞા કરાવી કે, અમે કદી કોઈ પતિવ્રતા સ્ત્રીને નહીં પજવીએ. અત્રિ ઋષિ પૂછે છેકે,આ ત્રણ બાળકો કોણ? અન સૂયા કહે છે,આ ત્રણ મારા છોકરા ઓ છેઅને આ ત્રણે છોકરાઓની વહુઓ છે. પછી જળ છાંટ્યું ત્રણ દેવો પ્રગટ થયા. આ ત્રણે દેવોનું તેજ ભેગું થવાથી ગુરુ દત્તાત્રેય પ્રગટ થયા છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત, ડીસાની ફટાકડાની અગ્નિની ઘટનાથી હૃદય મન એકદમ વ્યથિત થઈ ગયું છે ને ઉહાપો કાઢે છે કે દેખ તેરે શાસન કી હાલત.ક્યા હો ગઈ સરકાર, કિતના બદલ ગયા ઈન્સાફ,કિતના બદલ ગયા... પરમ કૃપાળુ પરમાત્માએ ડીસા રાજકોટ સમીના મૃતકના પરિવાર જનોને સ્વજન ગુમાવ્યાનું દુઃખ સહન કરવાની શક્તિ અને દિવંગત આત્માઓને ચિર શાંતિ આપે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

### રણદીપ હુડ્ડા વહેલા લગ્ન કરવા માંગતા ન હતા

# પરિવારને લિન સાથેના લગ્ન સામે વાંધો હતો



રણદીપ તેની તાજેતરની રિલીત 'જાટ' માં તેના દમદાર અભિનયથી હેડલાઈન્સમાં છે. તેમના અંગત જીવનની વાત કરીએ તો, અભિનેતાએ લિન લૈશરામ સાથે લગ્ન કર્યા છે. તાજેતરમાં રણદીપ હુડ્ડાએ ખુલાસો કર્યો હતો કે તેનો પરિવાર મણિપુરની લિન સાથેના તેના લગ્નની વિરુદ્ધ હતો. રણદીપે આનું કારણ પણ જણાવ્યું છે. અભિનેતાએ કહ્યું, ''આમાં કેટલીક ગૂંચવણો હતી. અન્ય લોકોની જેમ, મારા માતા-પિતા પણ ઈચ્છતા હતા કે હું મારી જાતિમાં લગ્ન કરું. જાટોમાં આ ખૂબ જ પ્રચલિત છે. હકીકતમાં, હું મારા પરિવારમાં બિન-જાટો સાથે લગ્ન કરનારો પહેલો વ્યક્તિ છું. તેથી દરેકને આ સમસ્યા હતી, પરંતુ ધીમે ધીમે આ સમસ્યા દૂર થઈ ગઈ.આ જ ઈન્ટરવ્યુમાં, રણદીપ હુડ્ડાએ એ પણ જણાવ્યું કે શરૂઆતમાં તેમના લગ્નનું કોઈ આયોજન કેમ નહોતું. તેણે કહ્યું, ''હું શાળામાં ખૂબ જ હતાશ રહેતો હતો. મને લાગતું હતું કે હું એવી વ્યક્તિને આ દુનિયામાં લાવવા માંગતો નથી જેણે મારા જેવું શિક્ષણ મેળવ્યું હોય. તેથી મારો ક્યારેય એવો ઈરાદો નહોતો, પરંતુ કોઈક રીતે, અમારા રસ્તા મળ્યા, અને હું ખૂબ ખુશ છું કે તે થયું. રણદીપ હાલમાં તેની તાજેતરમાં રિલીજ થયેલી ફિલ્મ 'જાટ' ની સફળતાનો આનંદ માણી રહ્યો છે મારા લગ્ન થોડા મોડા થયા કારણ કે હું મજાક કરું છું કે મારી પાસે સરકારી નોકરી નથી. રણદીપ હુડ્ડાએ નવેમ્બર ૨૦૨૩ માં લિન લૈશરામ સાથે લગ્ન કર્યા હતા. તેમના લગ્ન ઈમ્ફાલમાં પરંપરાગત મણિપુરી વિધિઓ સાથે થયા હતા.રણદીપ હાલમાં તેની તાજેતરમાં રિલીત થયેલી ફિલ્મ 'જાટ' ની સફળતાનો આનંદ માણી રહ્યો છે. આ એક એક્શન થ્રિલર ફિલ્મ છે જે ગોપીચંદ માલીનેની દ્વારા લખાયેલી અને દિગ્દર્શિત છે. આ ફિલ્મનું નિર્માણ મૈત્રી મૂવી મેકર્સ અને પીપલ મીડિયા ફેક્ટરી દ્વારા કરવામાં આવ્યું છે. સની દેઓલે 'જાટ'માં મુખ્ય ભૂમિકા ભજવી છે જ્યારે રણદીપ હુડ્ડાએ એક ભયાનક ખલનાયકની ભૂમિકા ભજવી છે. જાટે અતયાર સુધીમાં ૫૦ કરોડ રૂપિયા ભેગા કર્યા છે.

# સંજય દત્ત અને આયુષ શર્મા સાથે કોમેડી ફિલ્મ બનાવશે સોહેલ ખાન

**સલમાન ખાન છેલ્લા કેટલાક વર્ષોથી તેમના ડ્રીમ પ્રોજેક્ટ શેર ખાનનું આયોજન કરી રહ્યા હતા**



સોહેલ ખાન હવે ફરીથી દિગ્દર્શન ક્ષેત્રે પાછા ફરી રહ્યા છે. સંજય દત્ત અને આયુષ શર્મા અભિનીત એક કોમેડી ફિલ્મ બનાવવામાં આવી રહી છે જેમાં તે બંને શાનદાર ભૂમિકાઓમાં જોવા મળશે. ફિલ્મનું શૂટિંગ ટૂંક સમયમાં શરૂ થશે.ફિલ્મોમાં અભિનય ઉપરાંત, સોહેલ ખાને દિગ્દર્શન પણ હાથ ધર્યું છે. તેણે સલમાન ખાનની આતાર, પ્યાર કિયા તો ડરના ક્યા, હેલો બ્રધર્સ, મૈને દિલ તુતકો દિયા અને ીકી અલી જેવી ફિલ્મોનું નિર્દેશન કર્યું છે. આ અભિનેતા ફરી એકવાર દિગ્દર્શનની દુનિયામાં પગ મૂકવા જઈ રહ્યો છે. સોહેલ ખાન અને ભાઈજાન સલમાન ખાન છેલ્લા કેટલાક વર્ષોથી તેમના ડ્રીમ પ્રોજેક્ટ શેર ખાનનું આયોજન કરી રહ્યા હતા. પરંતુ હવે એવું લાગે છે કે સોહેલ આ પ્રોજેક્ટને મુલતવી રાખી રહ્યો છે અને આગળ વધી રહ્યો છે.સોહેલ ખાન સંજય દત્ત અને તેના સાળા આયુષ શર્મા સાથે એક કોમેડી ફિલ્મમાં કામ કરવા જઈ રહ્યો છે. આ ફિલ્મમાં સંજય દત્ત અને આયુષ શર્મા મુખ્ય ભૂમિકામાં હશે. ફિલ્મમાં સંજય દત્તનું પાત્ર શાનદાર બનવાનું છે. જ્યારે આયુષ શર્મા આ ફિલ્મમાં તેના અતયાર સુધીના સૌથી અલગ અવતારમાં જોવા મળશે. સોહેલ અને તેની ટીમ જૂન-જુલાઈથી ફિલ્મનું શૂટિંગ શરૂ કરવાની યોજના બનાવી રહ્યા છે. હાલમાં આ ફિલ્મનું પ્રી-પ્રોડક્શન ચાલી રહ્યું છે. આ કોમેડી ફિલ્મ એક ગેંગસ્ટર ડ્રામા હશે જે પંજાબની પૃષ્ઠભૂમિ પર આધારિત હશે. ફિલ્મમાં ઘણા કલાકારો અને લોકો જોવા મળે છે જેમના નામ જાહેર કરવામાં આવ્યા નથી.

# વરુણ ધવન, દિલજિત દોસાંજ-અર્જૂન કપૂર સાથે 'નો એન્ટ્રી ૨'માં તમન્ના પણ જોડાઈ

**આ ફિલ્મ ૨૬ ઓક્ટોબર, ૨૦૨૫ એટલે કે દિવાળી પર રિલીઝ થશે, એવી જાહેરાત કરવામાં આવી છે**



બોલિવૂડની ઘણી લોકપ્રિય કોમેડી ફ્રન્ચાઈઝીમાં'નો એન્ટ્રી'નો પણ સમાવેશ થાય છે. તેની સિક્વલની ઘણા વર્ષોથી રાહ જોવાઈ રહી છે, ત્યારે અંતે આ સિક્વલની જાહેરાત થતાં જ તે ચર્ચામાં આવી ગઈ છે. હવે એવું લાગે છે, ફિલ્મનું કામ ધીરે ધીરે શરૂ થઈ ગયું છે. તેની સાથે કાસ્ટમાં મોટા નામ જોડાઈ રહ્યાં છે.છેલ્લાં કેટલાંક અહેવાલો અનુસાર, આ ફિલ્મની કાસ્ટમાં હવે તમન્ના ભાટિયા પણ જોડાઈ છે. તેણે લીડ રોલ માટે ફિલ્મ સાઈન કરી લીધી હોવાના અહેવાલો છે. આ ફિલ્મ સાથે તે કોમેડી જોનરમાં પાછી ફરી રહી છે, તેથી તે પણ ઉત્સાહમાં છે. આ ફિલ્મમાં તમન્નાનું પાત્ર જૂની ૨૦૦૫ની ફિલ્મમાં બિપાશાના પાત્ર જેવું જ હશે. આ ઉપરાંત તેણે હવે અજય દેવગન અને સંજય દત્તની ફિલ્મ 'રેન્જર'નું પણ શૂટ શરૂ કરી દીધું છે.એવી પણ ચર્ચા છે કે 'નો એન્ટ્રી ૨'માં તમન્ના સિવાય અદિતિ રાવ હૈદરી પણ જોડાઈ શકે છે. આ ફિલ્મ ૨૬ ઓક્ટોબર, ૨૦૨૫ એટલે કે દિવાળી પર રિલીઝ થશે, એવી જાહેરાત કરવામાં આવી છે. તેનો રોલ પણ મહત્વનો હશે, પરંતુ આ અંગે હજુ કોઈ જાહેરાત થઈ નથી. આ ફિલ્મમાં વરુણ ધવન, અર્જૂન કપૂર અને ફરદીન ખાન મહત્વના રોલમાં હશે, પરંતુ ઓરિજિનલ ફિલ્મની કાસ્ટ ફરી જોવા મળશે નહીં. જોકે, ફિલ્મના પ્રોડ્યુસર બોની કપૂરે ફિલ્મ અનાઉન્સ કરતી વખતે જ કહ્યું જુની કાસ્ટ ફરી ન લેવા અંગે કારણ આપ્યું હતું. અદિતિ રાવ હૈદરી પણ આ ફિલ્મની કાસ્ટમાં જોડાય તેવી શક્યતા છે, એક ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું હતું, ''કેટલાંક પ્રશ્નો હતા, તેથી અમે કમનસીબે એ કલાકારો સાથે ફરી ફિલ્મ બનાવી શકીએ તેમ નથી, ખાસ કરીને કોઈની તારીખો મેચ થતી નથી. અમારે એકસાથે બધાંનાં કમસેકમ ૨૦૦ દિવસો જોઈએ.'' આ ફિલ્મનું શૂટ જૂન-જુલાઈમાં શરૂ થાય એવી શક્યતા છે અને પછી તેનું પોસ્ટ પ્રોડક્ થશે. આ ફિલ્મ ૨૬ ઓક્ટોબર, ૨૦૨૫ એટલે કે દિવાળી પર રિલીઝ થશે.

### ૯૦ કિલો વજનના અનુભવ સાથે સમીરાએ શેર કરી પોતાની સફર

# સમીરા રેડ્ડીએ લાઇફ સ્ટાઇલ બદલીને વજન ઘટાડવાની ઝુંબેશ શરૂ કરી

સમીરા રેડ્ડી ફિલ્મ કરતાં તેના ઈસ્ટાગ્રામ અને સોશિયલ મીડિયા વીડિયોના કારણે છેલ્લાં ઘણા વખતથી વધુ જાણીતી અને લોકપ્રિય થઈ છે. ત્યારે તાજેતરમાં તેણે સોશિયલ મીડિયા પર વજન ઘટાડવાની ઝુંબેશ શરૂ કરીને તેનો વીડિયો શેર કર્યો છે. તેણે આ માટે પોતાની જીવનશૈલી બદલવાનો નિર્ણય લીધો છે અને આ સફર તે સોશિયલ મીડિયા પર શેર કરી રહી છે. તેણે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું,''૯૦કિલો અને ૪૩-૩૭.૫-૪૪ આ મેં કહી દીધું. મારા ૧ જાન્યુઆરી, ૨૦૨૫ના માપ. આ વર્ષે હું ભંગાર અનુભવ સાથે જાગી હતી. મને ખબર નથી કે ક્યાં અને કઈ રીતે મેં ગયું વર્ષ વિતાવ્યું. તેથી આ વર્ષે હું લાઈફસ્ટાઈલ બદલી નાંખવા માગું છું. ૨૦૨૫ પડકારરૂપ હશે પરંતુ દૃઢ નિશ્ચય, પોષણક્ષમ ખોરાક અને વજન માટેની કસરત, યોગા અને શ્રદ્ધા સાથે હું ત્યાં પહોંચી જઈશ.''સમીરા રેડ્ડીએ શેર કરેલાં વીડિયોમાં તેણે પોતાનાં કેટલાંક જીમના વીડિયો શેર કર્યા હતા, તેમાં તેણે પોતાના ફોલોવર્સને વિનંતિ કરી છે કે તેને સહકાર આપે, ''આ એક મૌલિક, ગંભીર, પ્રેરણાત્મક ફિટનેસની સફર હશે, ચલો શરૂ કરીએ.''લાંબો સમય મેદસ્વિતા સાથે વિતાવ્યા બાદ ફરી એક નવી જીવનશૈલી અપનાવવા માટે શારીરિક અને માનસિક બંને રીતે મજબૂત રહેવાની જરૂર પડે છે. તેના માટે નિયમિત કસરત કરવી પડે છે, યોગ્ય રીતે પોષણક્ષમ આહાર લેવો પડે છે, સાથે પૂરતો આરામ પણ કરવો પડે છે. આ સમગ્ર સફર દરમિયાન માનસિક રીતે મજબૂત રહેવું પડે છે, યોગ્ય આયોજનનો તમારી સફરમાં મહત્વનો ફાળો હોય છે.

**સમીરા રેડ્ડી ફિલ્મ કરતાં તેના ઇસ્ટાગ્રામ અને સોશિયલ મીડિયા વીડિયોના કારણે છેલ્લાં ઘણા વખતથી વધુ જાણીતી અને લોકપ્રિય થઈ છે**





ગયા વર્ષે તેણે આ ફ્રેન્ચ લક્ઝરી બ્રાન્ડના પેરિસ ખાતે યોજાયેલા ફેશન શોમાં પણ ભાગ લીધો હતો

# અનન્યાએ શેનેલની પ્રથમ ઇન્ડિયન બ્રાન્ડ એમ્બેસેડર બનીને ઇતિહાસ રચ્યો

**૧૯૧૦માં ગેબ્રિઅલ કોકો શેનેલ દ્વારા આ બ્રાન્ડની શરૂઆત કરાઈ હતી**

અનન્યા પાંડેને મંગળવારે ફ્રેન્ચ લક્ઝરી બ્રાન્ડ શેનેલની પહેલી ભારતીય બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જાહેર કરવામાં આવી છે. ૨૬ વર્ષની અનન્યા આ બ્રાન્ડની એક માત્ર બ્રાન્ડ એમ્બેસેડર છે. ૧૯૧૦માં ગેબ્રિઅલ કોકો શેનેલ દ્વારા આ બ્રાન્ડની શરૂઆત કરવામાં આવી હતી.આ બાબતે અનન્યાએ પણ એક નિવેદન જાહેર કર્યું હતું, ગયા વર્ષે તેણે આ ફ્રેન્ચ લકઝરી બ્રાન્ડના પેરિસ ખાતે યોજાયેલા ફેશન શોમાં પણ ભાગ લીધો હતો. જેમાં તેણે આ જાણીતી બ્રન્ડનો ચહેરો બનવા બદલ ખુશી વ્યક્ત કરી હતી. તેણે લખ્યું, ''વ્યક્તિગત રીતે આઝાદીનો અનુભવ કરાવે, વ્યક્તિને તેનાં વ્યક્તિત્વને હિંમતભેર કાલાતીત સુંદરતા સાથે સ્વીકારવા માટે સશક્ત બનાવે છે.'' આ સાથે અનન્યાએ શેનેલ સાથે પોતાનો નાતો કેટલો જૂનો છે, તે અંગે પણ પોતાની ઈસ્ટાગ્રામ પોસ્ટમાં વાત કરી હતી. પોતાની પોસ્ટની કૅપ્શનમાં તેણે લખ્યું, ''શેનેલ સાથેની મારી સફર માટે ઉત્સુક છું અને અતિ ઋણી છું. ભારત માટે અને ભારતમાંથી સૌ પ્રથમ બ્રાન્ડ એમ્બેસેડર. સપનાંઓ ખરેખર સાકાર થાય છે.''અનન્યા પાંડેને આવકારતાં શેનેલ દ્વારા પણ એક નિવેદન જાહેર કરવામાં આવ્યું છે. જેમાં તેમણે અનન્યા જે મુલ્યો ધરાવે છે, તેના મહત્વને પણ ભાર આપ્યો છે. આ નિવેદન મુજબ, ''અનન્યા એક એવી પેઢીનું પ્રતિનિધિત્વ કરે છે જે બદલાતા રસ-રુચિઓ અને પોતાની અલગ ઓળખ ધરાવે છે, જે પોતાની જિજ્ઞાસાઓ સાથે દુનિયામાં ફરે છે. તેનાં મૂલ્યો શેનેલ સાથે સુસંગત છે, જેનાં કારણે તે અમારા પરિવારનું પ્રતિનિધિત્વ કરવા માટે યોગ્ય પસંદ બની છે.''આ પહેલાં અનન્યા ગયા વર્ષે પેરિસ ફેશન શોમાં શેનેલ સ્પ્રિંગ સમર શોમાં હાજર રહી હતી. તેણે પેરિસ ફેશન વીકમાં રાહુલ મિશ્રાનાં સુપરહિરોઝ કલેક્શનનો ડ્રેસ પહેરીને રૅમ્પ વૉક કર્યું હતું. અનન્યાની ફિલ્મોની વાત કરવામાં આવે તો 'કેસરી ચેપ્ટર ૨' માં તે એક વકીલનો રોલ કરતી જોવા મળશે, તેમાં તે અક્ષય કુમાર અને આર.માધવન સાથે કામ કરી રહી છે.

**આવતા મહિને આ સિરીઝ નેટફ્લિક્સ પર રિલીઝ થશે**

# ધ રોયલ્સઃ ભૂમિ પેડનેકર અને ઇશાન ખટ્ટરની જોડી લાવી શકે રોમેન્ટિક કોમેડીનો ટ્વિસ્ટ

**મારા માટે આ શોની દુનિયા રોયલ્ટીની અલગ વ્યાખ્યા લઇને આવી, જેઓ આ યુનિકોર્ન અને સ્ટાર્ટર્સના સ્થાપક છે : ભૂમિ**

ભૂમિ પેડનેકર અને ઈશાન ખટ્ટર ઓટીટી પ્લેટફર્મ પર રોયલ અંદાજમાં જોડી જમાવવા જઈ રહ્યાં છે. મારા માટે આ શોની દુનિયા રોયલ્ટીની અલગ વ્યાખ્યા લઈને આવી, જેઓ આ યુનિકોર્ન અને સ્ટાર્ટર્સના સ્થાપક છે : ભૂમિ તે બંને એકબીજા સાથે પહેલી વથત કામ કરવા જઈ રહ્યાં છે. તેમાં ન્યૂ એજ કપલની ઓલ્ડ સ્કૂલ રોયલ્ટીની થીમ પરની સ્ટોરી જોવા મળશે. આ શો આ શોના લૉંચ પહેલાં ભૂમિ અને ઈશાને પોતાના અનુભવોની વાત કરી એક રાજકુમાર વાત છે, જે રોમેન્ટિક નવો ટ્વિસ્ટ છે. કહ્યું, ''ઘણી રીતે, અ એક બાળકને દેવાં જેવું છે, જાણે અને કશુંક નવું કરતાં અમારી પાસે એક અમે સાચા મહેલ સિટી પેસમાં શૂટ કર્યું પાત્રમાં ઘુસવામાં ત્યાંનો માહોલ એટલો અમારે જે ભજવવાનું અમારી આંખોની ભૂમિ માને છે કે આ રોયલ લોકો છે, માટે આ શોની




હતી. ધ રોયલ્સમાં અને આમકુમારીની કોમેડીનો એક ઈશાને આ અંગે એક કલાકાર હોવું મેદાનમાં રમતું મુકી તમે શીખતા રહો છો રહો છો. આ શોમાં વૈભવી મેદાન હતું. એટલે કે ઉદયપુરના હતું, તેનાથી અમને મદદ મળી હતી. વાસ્તવિક હતો. હતું એ બધું સામે હતું.''જ્યારે દેશમાં બે પ્રકારના તેણે કહ્યું, ''મારા દુનિયા રોયલ્ટીની અલગ વ્યાખ્યા લઈને આવી, જેઓ આ યુનિકોર્ન અને સ્ટાર્ટર્સના સ્થાપક છે, તેઓ આપણા અર્થતંત્રમાં મહત્વનો ફાળો આપે છે અને તંત્રને ઘણી રીતે બદલી રહ્યાં છે. આ શોમાં તેમને રોયલ્સની વિરુદ્ધમાં બતાવ્યા છે. મારું પાત્ર સોફિયા એવું છે, જે આ દુનિયા માટે બિલકુલ અજાણ્યું છે અને તેણે સફળતાનો અનુભવ કરી લીધો છે. તેણ સંઘર્ષથી આગળ વધીને પુરુષોની દુનિયામાં પોતાનું નામ કર્યું છે. પછી તે આ રોયલ્સની દુનિયામાં પ્રવેશે છે અને થોડી પાછી પડે છે.'' ભૂમિએ ઈશાન સાથેની જોડી અંગે કહ્યું, ''ઈશાન સાથે કામ કરવાનું મારા માટે પણ નવું હતું. મેં વર્ષોથી એનું કામ જોયું છે અને એ જોરદાર કલાકાર છે. આશા છે કે ઓડિયન્સને અમને સાથે જોવામાં મજા આવશે.''રોમેન્ટિક કોમેડી એ ઈન્ડિયન સિનેમાની ઓળખ છે, ત્યારે રોયન્સ તેમાં એક નવો અંદાજ લઈને આવે છે, શોના લેખિકા રંગિતા પ્રિતિશ નાંદીએ કહ્યું, ''તમે છેલ્લે ભારતની બહાર કોઈ રોમેન્ટિક કોમેડી સિરીઝ ક્યારે જોઈ હતી જે મોટા પાયે અને અલગ વિષય સાથે બની હોય, જેમાં મહેલો અને બોર્ડરૂમનું કોમ્બિનેશન હોય.'' આ સિરીઝ ૯ મેથી નેટફિલક્સ પર આવશે.આ શોમાં ભૂમિ અને ઈશાન સિવાય ઝીનત અમાન, સાક્ષી તંવર, નોરા ફતેહી, ડિનો મોરીયા, મિલિંદ સોમણ, ચંકી પાંડે, વિહાન સમત અને સુમુખી સુરેશ જેવા જાણીતા ચહેરા વિવિધ રોલમાં જોવા મળશે.

**સમંથા રુથ પ્રભુ અને વરુણ ધવન** | **પ્રિયંકા ચોપરાની સિટેડાલ ફ્રેન્ચાઇઝીનું ઇન્ડિયન એડપ્શાન છે**

# 'સિટાડેલઃહની બની' અને ડાયનાની આગામી સીઝન રદ

સમંથા રુથ પ્રભુ અને વરુણ ધવનની 'સિટાડેલઃ હની બની' એ પ્રિયંકા ચોપરાની સિટેડાલ ળેન્ચાઈઝીનું ઈન્ડિયન એડપ્શન છે. જેનું ડિરેક્શન રાજ અને ડિકે દ્વારા કરવામાં આવ્યું હતું. આ સિરીઝમાં પ્રિયંકાના બાળપણની સ્ટોરી છે, સામંથા પ્રિયંકાની માનો રોલ કરે છે. આ સિરીઝમાં સામંથા અને વરુણ નાદિયાના માતા-પિતા એટલે કે પ્રિયંકાના માતા-પિતા છે. તેમની પહેલી સીઝન એવા પડાવ પર અટકી હતી કે તેની બીજી સીઝનના રાહ જોવાતી હતી. પરંતુ હમણા તેની બીજી સીઝનની શક્યતા નહિવત લાગે છે. કેટલાંક અહેવાલો અનુસાર તેનું ઈટાલિયન વર્ઝન 'સિટાડેલઃ ડાયના' પણ રદ કરવામાં આવી છે. તેની પણ એક જ સીઝન આવી છે. આ પ્રકારની વિવિધ દેશની સ્પિન ઓપ સીઝન આવી હોવા છતાં મૂળ સિટાડેલની સ્ટોરી અકબંધ રહી છે. ત્યારે એમેઝોને કન્ફર્મ કર્યું છે કે પ્રિયંકા ચોપરા અને રિચર્ડ મેડનની સિરીઝની બીજી સીઝન ચોક્કસ આવશે. એમેઝોન એમજીએમ સ્ટુડિયોના ટેલિવિઝન વિભાગના હેડ વર્નન સેન્ડેર્સે જણાવ્યું હતું, ''ઈન્ડિયા અને ઈટાલીમાં પહોંચ્યા પછી સિટાડેલઃહની બની અને સિટાડેલ ડાયના બંનેની મૂળ સિટાડેલની સ્ટોરીમાં વણાયેલી હશે. આ




સિરીઝના ઈન્ટરનેશનલ ચેપ્ટર સફળ રહ્યાં હોવા છતાં તે આગળ વધારવામાં આવશે નહીં, પરંતુ સિટાડેલની બીજી સીઝન ચોક્કસ આવશે, જે પહેલી સીઝન કરતાં પણ વધુ ઉત્સાહજનક હશે. તેની બીજી સીઝન ૨૦૨૬ના બીજા ભાગમાં તે રિલીઝ થાય એવી શક્યતા છે.'' એવી પણ ચર્ચા છે કે એમેઝોન એમજીએમ સ્ટુડિયોના પૂર્વ હેડ જેનિફરે નોકરી છોડી દીધાં પછી આ ફેરફાર થયાં છે. તેમણે સિટેડાલ યુનિવર્સને મંજુરી આપી હતી, પરંતુ તેમનાં ગયાં પછી હવે ફેરફાર થઈ ગયાં છે.



# રૂ.૪૦ કરોડના ખર્ચે બુડિયાગામ ખાતે 'બુડિયા-ગભેણી જંક્શન નવનિર્મિત બે અંડરપાસનું લોકાર્પણ કરતા કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ

## અંડરપાસથી ટ્રાફિકની સમસ્યા ઉકેલાશે, અકસ્માતો ઘટશે અને સમય તથા ઇંધણની બચત થશેઃ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ



। (માહિતી) સુરત, તા.૧૯ ।

રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણ (NHAI) દ્વારા ચોર્યાસી તાલુકાના બુડિયાગામ ખાતે બુડિયા-ગભેણી જંક્શન પર રૂ.૪૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલા 'બુડિયા-ગભેણી પાસે બે અંડરપાસ'નું લોકાર્પણ કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર. પાટીલ હસ્તે કરાયું હતું. આ પ્રસંગે વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ, જિ.પંચાયત પ્રમુખ ભાવિનીબેન પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. અંડરપાસનું નિર્માણ થતા સ્થાનિક ગ્રામજનોની સાથે હજીરાની કંપનીઓ અને સચિન-પાંડેસરા જીઆઈડીસીમાં અવરજવર કરતા હજારો વાહનચાલકોને મોટી રાહત થશે.

આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગ્રામજનોએ હાઈવે પરની ચોકડી અંડરપાસ બનાવવા માટે અવારનવાર રજૂઆત કરી હતી. જે વડાપ્રધાનશ્રીના નેતૃત્વ અને કેન્દ્રીય મંત્રી નિતિનભાઈ ગડકરીના માર્ગદર્શન હેઠળ આ અંડરપાસનું નિર્માણ થતા ગ્રામજનોની માંગણી પૂર્ણ થઈ છે. અંડરપાસથી ટ્રાફિકની સમસ્યા ઘટશે, અકસ્માતો ટળશે અને સમય તથા ઈંધણની બચત થશે. ચોર્યાસી તાલુકાના દરેક ગામોમાં સેંકડો વિકાસકાર્યો થઈ રહ્યા છે એનો ઉલ્લેખ કરતા મંત્રીશ્રીએ ઉમેર્યું કે, રાજ્ય અને કેન્દ્રની ડબલ એન્જીનની સરકાર વિકાસકામો પણ ડબલ ગતિથી કરી રહી છે. વધુમાં તેમણે કહ્યું કે, દેશની સૌથી દુર્ગમ જગ્યાઓમાં જેવી કે જમ્મુ-કાશ્મીરમાં પણ બ્રિજો, રોડરસ્તાઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટસના નિર્માણથી ભારત પોતાની ક્ષમતા સિદ્ધ કરી રહ્યો છે. નવી ટેકનોલોજી સાથે અંગ્રેજોના સમયમાં બનેલા બ્રિજોની પણ સુધારણા કરી નવી ઓળખ ઉભી કરવામાં આવી છે. સોનેરી ભવિષ્ય માટે વરસાદી પાણીનો ભૂગર્ભ જળસંગ્રહ અને જળસંવર્ધન સુનિશ્ચિત કરવાનો અનુરોધ કરતા શ્રી પાટિલે જણાવ્યું કે, પાણી બચાવવું આપણી નૈતિક ફરજ છે.

વરસાદનું એક પણ ટીપું વ્યર્થ ન જાય અને તે ભૂગર્ભમાં સંગ્રહિત થાય, ખેતી તેમજ પીવાના પાણી રૂપે ઉપયોગી બને તે માટે 'કેચ ધ રેઈન' અભિયાન હવે જનઆંદોલનનું સ્વરૂપ લઈ રહ્યું છે. જ્યાં જ્યાં પાણી એકત્ર થાય, ત્યાં વોટર હાર્વેસ્ટિંગ દ્વારા તેનો ભૂગર્ભમાં સંગ્રહ થવો જરૂરી છે. આ પ્રસંગે ધારાસભ્યશ્રી સંદિપ દેસાઈએ જણાવ્યું હતું કે, રૂ.૪૦ કરોડના ખર્ચે બુડિયા-ગભેણી એમ બે જંક્શન પર અંડરપાસનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેના પરિણામે અકસ્માતની ઘટનાઓ અટકશે અને લોકોને સુરક્ષિત અને સરળ માર્ગવ્યવસ્થા ઉપલબ્ધ થશે. આગામી દિવસોમાં આભવા-ખજોદ ચોકડી નજીક રૂ. ૯૩ કરોડના ખર્ચે નવા બ્રિજનું નિર્માણ થશે. તેના ઉપરાંત કવાસ પાટીયા, રિલાયન્સ કંપનીના ગેટ નં.૧ પાસે પણ રૂ. ૧૫૨ કરોડના ખર્ચે મંજૂર થયેલા બ્રિજનું કામ શરૂ થવાનું છે. સચીનથી સાતવલ્લા સુધીનો બ્રિજ પણ રૂ. ૪૦ કરોડના ખર્ચે તૈયાર થઈ રહ્યો છે. સરકાર સતત વિકાસની દિશામાં કાર્યરત છે અને માર્ગ, પરિવહન તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ સાધી રહી છે, જેથી નાગરિકોને વધુ સગવડો મળી રહે અને સંકલિત વિકાસ શક્ય બને એમ શ્રી દેસાઈએ કહ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય સંગીતાબેન પાટીલ, મેયર દક્ષેશભાઈ માવાણી, ડે.મેયર ડો.નરેન્દ્ર પાટીલ, સ્થાયી સમિતિના ચેરમેન રાજન પટેલ, શાસક પક્ષના નેતા શશિકલા ત્રિપાઠી, કોર્પોરેટરો, અગ્રણીઓ, NHAI ના અધિકારીઓ સહિત શહેરીજનો ઉપસ્થિત રહ્યાં હતા.

# સુરત જિલ્લામાં 'PM-PVTG ડેવલપમેન્ટ મિશન' હેઠળ પીએમ જનમન આવાસ યોજના થકી આદિમ જૂથના પરિવારના બની રહેલા આવાસની મુલાકાત લેતા કુંવરજીભાઈ હળપતિ



। (માહિતી) સુરત, તા.૧૯ ।

આદિવાસીઓની પ્રકૃતિ અને પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખી આદિજાતિ વિસ્તારના વિકાસ માટે ગુજરાતે 'જ્યાં નાગરિક ત્યાં સુવિધા'નાં મંત્રને ચરિતાર્થ કર્યો છે. રાજ્યના વિકાસ માટે શહેરીજનથી લઈ છેવાડાના માનવી માટેની રાજ્ય સરકારની અનેકવિધ યોજનાઓ અમલી છે. કોલધા, કાથોડી, કોટવાળીયા, પઢાર તેમજ સિદ્દી જેવી આદિમજૂથની જાતિઓના વિકાસથી છેલ્લા બે દાયકામાં ૩૬૦ ડિગ્રીએ થયેલા વિકાસને અનુભવી શકાય છે, ત્યારે સુરત જિલ્લામાં 'PM-PVTG ડેવલપમેન્ટ મિશન' હેઠળ પીએમ જન મન આવાસ યોજના થકી આદિમ જૂથના પરિવારના બની રહેલા આવાસની મુલાકાત આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિએ લીધી હતી અને આવાસના બાંધકામની પ્રગતિથી વાકેફ થયા હતા. આદિજાતિ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે, ભારત સરકારની પીએમ જન મન આવાસ યોજના હેઠળ સમગ્ર ગુજરાતમાં એક વર્ષમાં કુલ ૧૧,૩૭૬ મકાનો કોટવાળીયા સમાજને મળ્યા છે. જેમાં સુરત જિલ્લામાં ૬૨૧ મકાનો મંજૂર થયા છે. તેમાં પણ માંડવી તાલુકામાં ૯૧ આવાસ પૈકી વલ્લારગઢમાં ૫૩ પીએમ જનમન આવાસ યોજના હેઠળ કોટવાળીયા સમાજના મકાન પાક્કા બની રહ્યા છે. માંડવી તાલુકાના વલ્લારગઢ ગામના ૪૦ વર્ષીય લાભાર્થી અશોકભાઈ કોટવાળીયા સાથે મંત્રીશ્રીએ સંવાદ કર્યો હતો. અશોકભાઈએ ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, વર્ષોથી વાંસની ટોપલી ટોપલા સહિતની ઉત્પાદનો તેમજ ખેત મજૂરી એ જઈને ઘર પરિવારનું ગુજરાન ચલાવીએ છીએ. વર્ષોથી જોયેલું સ્વપ્ન આજે સાકર થઈ રહ્યું છે. એક સાથે અમારી ત્રણ પેઢીના મકાન બનતા પરિવારની ખુશી બેવડી થઈ ગઈ હતી. સરકારની આદિમ જૂથો માટે અનેક યોજનાઓ અંતર્ગત ઘરઆંગણે નલ સે જલ યોજના થકી પીવાનું શુદ્ધ પાણી મળી રહ્યું છે. અંત્યોદય અન્ન યોજના હેઠળ દર મહિને રાશન મળી રહ્યું છે.

પીએમ જન મન આવાસમાં હેઠળ રૂ. બે લાખ સહાય તેમજ મનરેગા યોજના અંતર્ગત લેબર વર્કના એક કુટુંબને ૧૦૦ દિવસની રોજગારી પેટે રૂ. ૨૨ હજાર આપવામાં આવી રહ્યા હોવાનું અશોકભાઈએ કહ્યું હતું. 'સુખના સરનામા' સમાન પાકું આવાસ મળતા આનંદિત અશોકભાઈએ વધુમાં જણાવ્યું હતું કે, કેટલાય વર્ષો વિત્યા પણ પોતાનું પાકું ઘર બન્યુ ન હતું. વહીવટી તંત્રના માર્ગદર્શનથી ફોર્મ ભર્યું અને પ્રધાનમંત્રી જન મન આવાસ યોજનાની સહાય મળવાની એક આશા બંધાણી. આવાસ મંજૂર થતા સરકારની આ યોજનાએ અમારી ખુશીઓના દ્વાર ખોલ્યા છે.

# નવી સિવિલ હોસ્પિટલ ખાતે વિશ્વ હિમોફિલિયા દિવસની ઉત્સાહભેર ઉજવણી

## હિમોફિલિયાને એક બિમારી તરીકે નહીં, પણ પડકાર તરીકે લઈ દર્દીએ હંમેશા આનંદિત રહેવું જોઈએઃ અંગદાન પ્રવૃત્તિના પ્રણેતા દિલીપદાદા દેશમુખ



। (માહિતી) સુરત, તા.૧૯ ।

નવી સિવિલ હોસ્પિટલના હિમોફિલિયા કેર સેન્ટર-સુરત ચેપ્ટર દ્વારા વિશ્વ હિમોફિલિયા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અંગદાન પ્રવૃત્તિના પ્રણેતાશ્રી દિલીપ દાદા દેશમુખ, કોર્પોરેટર શ્રી વ્રજેશભાઈ ઉનડકટ, તબીબી અધિક્ષક ડો.ધારિત્રી પરમાર, આર. એમ.ઓ. ડો. કેતન નાયક, મેડિકલ ડાયરેક્ટર (હિમોફિલિયા સેન્ટર, નિર્મલ હોસ્પિ ટલ) ડો. વિજય શાહ તથા ગુજરાત નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલાની વિશેષ ઉપસ્થિતિમાં આયોજિત કાર્યક્રમમાં હિમોફિલિયાના ૧૦૦ જેટલા દર્દીઓ પણ જોડાયા હતા. દેશમાં અંગદાન પ્રત્યે મહત્તમ લોકો જાગૃત્ત થાય એ ઉદ્દેશથી અંગદાન મહાદાન જનજાગરણ અભિયાનના પ્રણેતા દિલીપદાદા દેશમુખે આ પ્રસંગે જણાવ્યું હતું કે, વિશ્વભરમાં લાખો લોકો દુર્લભ હિમોફિલિયાની બીમારીથી પીડાય છે. હિમોફિલિયા એ લોહીનો વારસાગત રોગ છે, જેમાં લોહી યોગ્ય રીતે ગંઠાતું ન હોવાથી રક્તસ્ત્રાવ થાય છે. આ રોગનો કાયમી ઈલાજ નથી એટલે તેને નિયંત્રણમાં રાખવો અને દર્દીઓને સમયસર સારવાર આપવી જરૂરી છે. શ્રી દેશમુખે જણાવ્યું કે, હિમોફિલિયાને એક બિમારી તરીકે નહીં, પણ પડકાર તરીકે લઈ દર્દીએ હંમેશા આનંદિત રહેવું જોઈએ. ખુશી અને ઉર્જા, જુસ્સો હિમોફિલિયાના દર્દી માટે કારગર અને અસરકારક દવા છે ઉપરાંત, યોગ, ધ્યાન અને પ્રાણાયામ પણ સંજીવની સમાન બની દર્દીને સ્વસ્થ રાખે છે. મેં લીવર ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યું છે, લીવર ટ્રાન્સપ્લાન્ટ બાદ છેલ્લા પાંચ વર્ષમાં અંગદાન તેમજ સામાજિક જનજાગૃત્તિ માટે દેશભરમાં અઢી લાખ કિલોમીટરનો પ્રવાસ કર્યો છે એમ ઉમેર્યું હતું. તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૨થી હિમોફિલિયાના દર્દીઓને વિનામૂલ્યે ઈન્જેક્શન આપવાની શરૂઆત કરી હતી, જેના કારણે હિમોફિલિયાના દર્દીઓ આજે વધુ સ્વસ્થ અને સક્રિય જીવન જીવી રહ્યા છે એનો ઉલ્લેખ તેમણે કર્યો હતો. મેડિકલ ડાયરેક્ટર (હિમોફિલિયા સેન્ટર,નિર્મલ હોસ્પિટલ) ડો. વિજય શાહે જણાવ્યું કે, હિમોફિલિયા બીમારીમાં ક્લોટિંગ ફેક્ટરની અછત હોય છે એટલે લોહી જલદી જામતું નથી. લોહીમાં કુલ ૧૩ પ્રકારના ક્લોટિંગ ફેક્ટર હોય છે જેમાંથી ફેક્ટર ૮ અને ૯ ફેક્ટર ખામીયુક્ત હોય તો હિમોફિલિયા થવાની શક્યતા રહે છે. હિમોફિલિયાના A, B અને C એમ ત્રણ પ્રકાર છે અને તેમાં ગંભીરતા પ્રમાણે સિવિઅર, મોડરેટ અને માઈલ્ડ એમ ત્રણ પ્રકારના દર્દીઓ જોવા મળે છે. સમગ્ર વિશ્વમાં દર ૧૦ હજાર વ્યક્તિમાંથી ૧ વ્યક્તિને હિમોફિલિયા થાય છે. તબીબી અધિક્ષક ડો.ધારિત્રી પરમારે જણાવ્યું કે, નવી સિવિલ સ્થિત હિમોફિલિયા કેર સેન્ટરમાં દક્ષિણ ગુજરાત સહિત અન્ય શહેરો અને રાજ્યોના દર્દીઓ પણ સારવાર લેવા આવતા હોવાથી આ સેન્ટરને આગામી દિવસોમાં વધુ અદ્યતન બનાવવા જઈ રહ્યા છીએ. જેમાં વધુમાં વધુ દર્દીઓને વધુ કાર્યક્ષમ અને ઝડપી સારવાર મળી શકશે. નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ શ્રી ઈકબાલ કડીવાલાએ કહ્યું કે, સુરતમાં હિમોફિલિયાના ૬૫૦ થી વધુ દર્દીઓ છે, ત્યારે નવી સિવિલમાં દસ વર્ષથી કાર્યરત હિમોફિલિયા કેર સેન્ટર હિમોફિલિયા પીડિત દર્દીઓ માટે આશીર્વાદરૂપ બન્યું છે. હિમોફિલિયા સારવાર માટે સુરત નવી સિવિલના સેન્ટરમાં ૩૦ હજારથી એક લાખ સુધીના ફેક્ટર ઈન્જેકશન વિનામૂલ્યે આપવામાં આવે છે. અહીં જરૂરી રક્ત પરીક્ષણો પણ વિનામૂલ્યે કરી આપવામાં આવે છે. આ સેન્ટરને દસ વર્ષ પૂર્ણ થવા બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા. કોર્પોરેટરશ્રી વ્રજેશ ઉનડકટે જણાવ્યું કે, વિશ્વ હિમોફિલિયા દિવસ આપણને સૌને એ વાતથી જાગૃત કરે છે કે સમયસર ઓળખ, યોગ્ય સારવાર અને સહાનુભૂતિથી જીવન સામાન્ય બની શકે છે.

# ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે તાપી જેટકો સબ સ્ટેશનના ૭૫ વર્ષ પૂર્ણ થતાં પ્લેટીનમ જ્યુબિલીની ઉજવણી નિમિત્તે પિનેકલ એવોર્ડ વિતરણ અને ઓપરેશન મેન્યુઅલનું વિમોચન



। (માહિતી) ગાંધીનગર, તા.૧૯ ।

તાપી જેટકો સબ સ્ટેશનના ૭૫ વર્ષ પૂર્ણ થતા પ્લેટીનમ જયુબિલીની ઉજવણી નિમિત્તે નાણા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી અને સુરત જિલ્લાના પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે વરાછા સ્થિત સરદાર સ્મૃતિ ભવન ખાતે પિનેકલ એવોર્ડવિતરણઅનેઓપરેશનમેન્યુઅલનુંવિમોચન કરાયું હતું. મહાનુભાવોના હસ્તે પસંદગી પામેલા સબસ્ટેશનોને પિનેકલ એવોર્ડ એનાયત કરાયા હતા. આ પ્રસંગે ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, "મા તાપી" નામ સાથે જોડાયેલા તાપી જેટકો સબસ્ટેશનના ૭૫ વર્ષ પૂર્ણ થવા એ મોટું સીમાચિહ્ન છે. તાપી સબસ્ટેશન માત્ર વીજ પુરવઠાનું કેન્દ્ર નથી, પરંતુ એ રાજ્યના વીજક્ષેત્રના વિકાસનું જીવંત સાક્ષી છે.

સબસ્ટેશનના કર્મચારીઓની સુઝબૂઝ અને અધિકારીઓના માર્ગદર્શનના પરિણામે ૬૬ કે.વી. તાપી સબસ્ટેશનમાં છેલ્લા ૭૫ વર્ષના સમયગાળામાં શ્રેષ્ઠ કામગીરી થઈ છે. આ સિદ્ધિ જેટકોની કાર્યક્ષમતા અને સલામતી પ્રત્યેની ઊંડી પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ છે. જેટકોના કર્મચારીઓની નિષ્ઠા ગુજરાતની વીજસફળતાના ૭૫ વર્ષની ઉજવણીનું જીવતું જાગતું ઉદાહરણ છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતનો ઊર્જા વિભાગ, ખાસ કરીને ટ્રાન્સમિશન ક્ષેત્ર, રાજ્યના સર્વાંગી વિકાસ માટે એક મજબૂત આધારશિલા બન્યા છે.

# બાવળા તાલુકા પંચાયત કચેરી ખાતે તલાટીશ્રીઓને વ્હાલી દીકરી યોજનાની જરૂરી માહિતી અને માર્ગદર્શન આપતો કાર્યક્રમ યોજાયો

## 'વ્હાલી દીકરી' યોજનાનો લાભ બાવળા તાલુકામાં વધુમાં વધુ દીકરીઓ સુધી પહોંચે તે માટે તલાટીશ્રીઓની તાલીમ યોજાઈ

। (માહિતી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીની કચેરી હેઠળ કાર્યરત 'સંકલ્પ' હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન યોજનાની ટીમ દ્વારા 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના અંતર્ગત બાવળા તાલુકા પંચાયત કચેરી ખાતે તલાટીશ્રીઓને રાજ્ય સરકારની વ્હાલી દીકરી યોજના વિશે જરૂરી માહિતી અને માર્ગદર્શન આપતો કાર્યક્રમ યોજાયો હતો.

વ્હાલી દીકરી યોજના અંતર્ગત લાભ મેળવવા માટે અગત્યના પુરાવા તરીકે લગ્નનોંધણીનું પ્રમાણપત્ર તેમજ અન્ય જરૂરી પુરાવા અરજદારને સમયસર મળી રહે અને બાવળા તાલુકામાં વધુમાં વધુ દીકરીઓના ફોર્મ આ યોજના અંતર્ગત ભરાવવામાં આવે તે સુનિશ્ચિત કરતો આ તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં વિસ્તરણ અધિકારી શ્રી ધર્મેશભાઈ તેમજ તાલુકા પંચાયત કચેરીનો અન્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદ ખાતે 'HCG આસ્થા' કેન્સર હોસ્પિટલના નવનિર્મિત કેન્સર સેન્ટરનું ઉદ્ઘાટન કરાયું

। (માહિતી) અમદાવાદ, તા.૧૯ ।

આ પ્રસંગે HCG આસ્થા કેન્સર હોસ્પિટલની ટીમને શુભેચ્છા પાઠવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, રાજ્યના પ્રત્યેક નાગરિકને સ્વાસ્થ્ય અંગેની સેવાઓ આપવા રાજ્ય સરકાર હંમેશાં તત્પર છે. સરકારને સહયોગ આપવા રાજ્યની અનેક હોસ્પિટલ દ્વારા પણ જરૂરિયાતમંદ દર્દીઓની મદદ માટે ટ્રસ્ટ ઊભું કરવામાં આવે છે એવું જ એક ટ્રસ્ટ HCG આસ્થા હોસ્પિટલમાં દ્વારા પણ ઊભું કરવામાં આવ્યું છે, જે કેન્સરના દર્દીઓ માટે ખૂબ ઉપયોગી સાબિત થશે, એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. HCG આસ્થા કેન્સર હોસ્પિટલની વાત કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, આ હોસ્પિટલ દ્વારા કેન્સરના દર્દીઓની સારવાર માટે અનુભવી ડોક્ટર્સની ટીમ કાર્યરત છે, જેનો લાભ કેન્સરના દર્દીઓએ મળશે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે 'HCG આસ્થા' હોસ્પિટલમાં કેન્સરના દર્દીઓ માટે ખૂબ સારી સુવિધાઓ પ્રદાન કરવામાં આવી રહી છે. સાથોસાથ કેન્સરની સારવાર માટે વિશ્વસ્તરનું ઓપરેશન થિએટર પણ અહીં ઊભું કરવામાં આવ્યું છે, જેનાથી કેન્સરની સારવાર વધુ અસરકારક રીતે કરી શકાશે. નાગરિકોની જીવનશૈલી અંગે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ યોગથી લઈને આયુષ્માન સુધીની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે. ત્યારે સૌ કોઈએ રોજિંદા વ્યવહારમાં પોતાની જીવનશૈલીનું અવશ્ય ધ્યાન રાખવું જોઈએ, જેનાથી શરીરની સ્વસ્થતા જળવાઈ રહે તેમ તેમણે ઉમેર્યું હતું. આ તકે હોસ્પિટલના રિજનલ ડાયરેક્ટર શ્રી ભરત ગઢવીએ જણાવ્યું કે HCG આસ્થા હોસ્પિટલ ખાતે ઉચ્ચ ગુણવત્તાયુક્ત ટેકનોલોજી આધારિત સર્વાંગી મોડલ છે. જેનાથી અમદાવાદ જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત અને આસપાસનાં રાજ્યોના દર્દીઓને ઉચ્ચ કક્ષાની અને અસરકારક કેન્સરની સારવાર મળી રહેશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે HCG આસ્થા કેન્સર હોસ્પિટલ ૨૧૭ બેડની ક્ષમતા ધરાવે છે. જેમાં ૨૩ સર્જિકલ ICU બેડ, ૧૦ મેડિકલ ICU બેડ, ૨૩ ડે-કેર બેડ, ૧૬ પ્રી અને પોસ્ટ-ઓપરેટિવ બેડ અને ૬ બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ (BMT) યુનિટનો સમાવેશ થાય છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારા પ્રેમ જીવનની બાબતમાં આજનો દિવસ અકલ્પ્ય છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ અત્તરની જેવું કામ કરશે. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. તમે દરકાર કરનાર તથા સમજુ મિત્રને મળશો. આજે તમારી નજીક ના લોકો તમારી નજીક આવવા નો પ્રયત્ન કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે કેમ કે તે તમારા ભાવિ બાળક માટે જોખમી પુરવાર થઈ શકે છે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે.

**કર્ક (ડ,હ) :**
આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશે પણ કામનું દબાણ તમને બેચેન કરી નાખે એવું જણાય છે. તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે.

**સિંહ (મ,ટ) :**
આજનો દિવસ એવો દિવસ છે જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે, જેને કારણે ઘરમાં બેચેનીનું વાતાવરણ જામશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમને વધુ સારા બનાવતા તમારી સુધારણાને લગતા પ્રૉજેક્ટ્સમાં શક્તિ લગાડો. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે. આજે તમારે તમારૂં શ્રેષ્ઠ વર્તન દાખવવું જોઈએ-કારણ કે આજે તમારા પ્રેમી-પ્રેમિકા આગાહી ન કરી યસક્યા એવા મૂડમાં હશે.

**તુલા (ર,ત) :**
આજે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લઈ ને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે. તમારે તમારૂં શ્રેષ્ઠ વર્તન દાખવવું જોઈએ-કેમ કે આજે તમારૂં પ્રિયપાત્ર જલ્દીથી નારાજ થઈ જશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં. એના કરતાં કશું અર્થપૂર્ણ કરવા માટે તમારી શક્તિ બચાવો. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? આજે તમને લાભ થશે-કેમ કે પરિવારના સભ્યો તમને હકારાત્મક રીતે પ્રતિસાદ આપશે. તમારો પ્રેમ અસ્વીકારને આમંત્રમ આપશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે અને પ્રેમનું સંગીત રેલાવશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો. રોમાન્સને આજે ઓછું મહત્વ મળે એવું લાગે છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે વ્યસ્તતા હોવા છતાં તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ? મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. માત્ર સ્પષ્ટ સમજદારીથી તમે તમારી પત્નીને લાગણીશીલ ટેકો આપી શકશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે ધ્યાન રાહત લાવશે. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ. તમે જો મિત્રો સાથે સાંજ બહાર જશો તો ઈન્સ્ટન્ટ રોમાન્સ તમારી તરફ આવી શકે છે.

# ૪૦ વર્ષ બાદ કોઈ ભારતીય અંતરિક્ષમાં ઉડાન ભરશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ભારત ૪૦ વર્ષ બાદ આગામી મહિને મેમાં સ્પેસમાં અંતરિક્ષયાત્રી મોકલવા જઈ રહ્યું છે. ૧૯૮૪માં સોવિયેત સોયુઝ અંતરિક્ષયાનમાં રાકેશ શર્માએ અંતરિક્ષની મુસાફરી કરી હતી. કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી રાજ્યમંત્રી જિતેન્દ્ર સિંહે આ અંગે માહિતી આપી હતી. જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે, ભારતીય વાયુસેનાના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા એક્સિઓમ સ્પેસના એક્સ-૪ મિશનના ભાગ રૂપે આવતા મહિને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) જવા માટે તૈયાર છે. ભારતની આ નોંધનીય સફળતા છે. જે આગામી સમયમાં માનવીની અંતરિક્ષમાં ઉડાનના ISRO ના મિશનને વેગ આપશે. સિંહે નોંધ્યું હતું કે, ISSમાં પ્રથમ ભારતીય અંતરિક્ષયાત્રી જઈ રહ્યા હોવાથી આ મિશન મહત્ત્વનું છે. રાકેશ શર્મા બાદ શુક્લા પ્રથમ ભારતીય અંતરિક્ષયાત્રી છે કે, જે ચાર દાયકા બાદ અંતરિક્ષમાં ઉડાન ભરશે.જે આંતરરાષ્ટ્રીય ભાગીદારો સાથે સહયોગ અને ગગનયાન જેવા પ્રોજેક્ટ્સની વ્યૂહાત્મક ગતિ અવકાશ ટેકનોલોજીમાં વૈશ્વિક નેતા બનવાની ભારતની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આગામી મહિને ઈસરોની આ સંદર્ભે ભાવિ યોજનાઓની સમીક્ષા કરવા બેઠકો યોજાશે. મંત્રીએ ભાર મૂક્યો કે આ પ્રયાસો વિકસિત અને આત્મનિર્ભર ભારતના વિઝન સાથે પણ સુસંગત છે. ISROના ચેરમેન ડૉ. વી. નારાયણને કહ્યું કે શુક્લા આ મિશન માટે સંપૂર્ણપણે સજ્જ છે, જે ગગનયાન પ્રોજેક્ટ સહિત ભારતના ભવિષ્યના ક્રૂ મિશન માટે મૂલ્યવાન પ્રેક્ટિકલ અનુભવ પ્રદાન કરશે તેવી અપેક્ષા છે. IAF સાથે ડેકોરેટેડ ટેસ્ટ પાઈલટ શુક્લાને ISROના હ્યુમન સ્પેસફ્લાઈટ પ્રોગ્રામ (HSP) હેઠળ શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા હતા અને તેઓ ગગનયાન મિશન, ભારતના પ્રથમ સ્વદેશી ક્રૂ ઓર્બિટલ ફ્લાઈટ માટેના ટોચના દાવેદારો પૈકી એક છે.

### અમેરિકામાં એક લાખ લોકોને કેન્સર થવાની આશંકા

# સીટી સ્કેનના વધુ પડતા ઉપયોગથી લોકોને કેન્સર થવાની આશંકા : સ્ટડી

### અમેરિકામાં ૨૦૨૩માં ૯.૯૩ કરોડ લોકોની કમ્પ્યુટેડ ટોમોગ્રાફી એટલે કે સીટી સ્કેન કરાવ્યું હતું

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૯ ।

JAMA ઈન્ટરનલ મેડિસિન નામની પ્રતિષ્ઠિત જર્નલમાં પ્રકાશિત એક અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે, અમેરિકામાં સીટી સ્કેનના કારણે એક લાખ નવા કેન્સરના દર્દીઓ વધવાની આશંકા છે, જેમાં દસ હજાર જેટલા કેસ તો બાળકોના હોઈ શકે છે. અમેરિકામાં ૨૦૨૩માં ૯.૯૩ કરોડ લોકોની કમ્પ્યુટેડ ટોમોગ્રાફી એટલે કે સીટી સ્કેન કરવામાં આવ્યું હતું, જેમાંથી અનેક લોકોને કેન્સર થવાની શક્યતા વધી ગઈ છે. આ આંકડો આલ્કોહોલથી થતા કેન્સર જેટલો જ છે. અમેરિકામાં ૨૦૦૯થી સીટી સ્કેનના કારણે થતા કેન્સરમાં ૩૦%નો વધારો થયો છે. આ રિસર્ચમાં કહેવામાં આવ્યું છે કે, જો કોઈ વ્યક્તિને વારં વાર સીટી સ્કેન કરાવે છે, તો તે વ્યક્તિને કેન્સર થઈ શકે છે. તમને જણાવી દઈએ કે, આ રિસર્ચ કોઅમેરિકામાં દર્દીઓ પર થઈ રહેલા સ્કેનના આધારે કરવામાં આવ્યો છે. અમેરિકામાં કરવામાં આવેલા આ સંશોધનમાં કહેવામાં આવ્યું છે કે, કેન્સરના કેસમાં ૫ ટકા સીટી સ્કેન કરાવવાના કારણે થઈ શકે છે. આવા લોકોને કેન્સર થવાની આશંકા વધારે છે, જેઓએ તેમના જીવનમાં કેટલીયે વાર સીટી સ્કેન કરાવ્યું હતું. રિસર્ચમાં કહ્યું છે કે, સ્કેન દરમિયાન મશીનમાંથી નીકળતા રેડિયેશન કેન્સરનો ખતરો વધારે છે. જરુરી નથી કે, સીટી સ્કેન સંપૂર્ણરીતે નુકસાન કારક છે. આ એક ઉપયોગી અને જીવનરક્ષક ટેકનીક છે. પરંતુ જરરિયાતથી વધારે અથવા કોઈ કારણ વગર તેનો પ્રયોગ તમારા આરોગ્ય માટે ખતરો સાબિત થઈ શકે છે. આમ તો ડોક્ટર સામાન્ય રીતે ત્યારે જ સીટી સ્કેન કરાવવી સલાહ આપે છે જ્યારે ખૂબ જરુરી હોય. તેના બદલે તને MRI,અલ્ટ્રાસાઉન્ડ અથવા અન્ય ટેકનિકથી દર્દીના બીમારીની માહિતી મળી શકે છે, તો એવા વિકલ્પ યોગ્ય થઈ શકે છે. ડોક્ટર દ્વારા જો તમને કોઈ કારણવશ સીટી સ્કેન કરવાની સલાહ આપવામાં આવી હોય તો, ડોક્ટરને જરુર પૂછો કે આના સિવાય કોઈ વિકલ્પ છે કે નહીં. ડોક્ટરને જૂના સ્કેનની માહિતી આપો, જેથી કરીને બીજીવાર બચી શકાય.

### સરકારે GPS ટોલ કલેક્શનના અહેવાલો પર આપી સ્પષ્ટતા

# પહેલી મેથી બંધ નહીં થાય FASTag સુવિધા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયે સત્તાવાર ધોરણે ૧ મે, ૨૦૨૫થી FASTag સુવિધાઓ બંધ થઈ જવાની તેમજ તેના સ્થાને સેટેલાઈટ આધારિત જીપીએસ ટોલ કલેક્શનના અહેવાલોને પાયાવિહોણા ગણાવ્યા છે. મંત્રાલયે છેલ્લા ઘણા દિવસોથી ચર્ચિત જીપીએસ આધારિત જીએનએસએસ ટોલ કલેક્શનની વાતો પર સ્પષ્ટતા કરતાં માહિતી આપી છે કે, હાલ આવી કોઈ યોજના નથી. મંત્રાલયે જણાવ્યું કે, હાલ દેશભરમાં ક્યાંય સેટેલાઈટ આધારિત ટોલ કલેક્શન સુવિધા લાગુ કરવાની યોજના નથી. માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય તથા નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ આ મુદ્દે કોઈ નિર્ણય લીધો નથી. ૧ મે, ૨૦૨૫થી FASTag સુવિધાઓ બંધ થવાના અહેવાલો પાયાવિહોણા છે. સરકારે પરિપત્રમાં જણાવ્યું હતું કે, સરકાર નવું પડકારમુક્ત ટોલિંગ મિકેનિઝ્મ અપનાવવા વિચારણા કરી રહી છે. જેમાં તે વર્તમાન FASTag ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ઓટોમેટિક નંબર પ્લેટ રિકોગ્નિશન (ANPR) ટેક્નોલોજી સાથે એકીકૃત કરવા પર ફોકસ કરી રહી છે. આ એડવાન્સ સિસ્ટમની મદદથી ટોલ પ્લાઝા પર કોઈપણ પ્રકારનો સમય વેડફ્યા વિના સીમલેસ વ્હિકલ મુવમેન્ટ થઈ શકશે. જેનાથી સમયની બચત અને ટ્રાફિકમાં ઘટાડો થશે. ANPR-FASTag સિસ્ટમ હાઈ-રિઝોલ્યુશન કેમેરા સાથે જોડવામાં આવશે. જે દૂરથી આવતી ગાડીની નંબર પ્લેટ વાંચી FASTagને ઓટોમેટિક ટોલ ટેક્સ વસૂલવા આદેશ આપશે. આ મોડલ હેઠળ વાહનોએ ટોલ બુથમાં રોકાવાની જરૂર પડશે નહીં. અને ઝડપ થી ટોલ ટેક્સ ચૂકવાશે. મંત્રાલયે જણાવ્યું હતું કે, અમે ટોલની ચૂકવણીમાં નિષ્ફળ રહેનારા મોટોરિસ્ટને ઈ-નોટિસ પાઠવીશું. ટોલની ચૂકવણીના નિયમોનો ભંગ કરનારાનું FASTag સસ્પેન્ડ પણ થઈ શકે છે. તેમજ VAHAN સિસ્ટમ હેઠળ અન્ય દંડની જોગવાઈઓનો સામનો પણ કરવો પડશે. NHAI એ ANPR-FASTag સિસ્ટમના અમલીકરણ માટે બિડ્સ આમંત્રિત કર્યા છે. સરકાર આ સિસ્ટમના પર્ફોર્મન્સ, અસરકારકતા અને યુઝરના ફીડબેકના આધારે સત્તાવાર ધોરણે લાગુ કરશે. ત્યાં સુધી દેશભરના તમામ ટોલ પ્લાઝા પર વર્તમાન FASTag સિસ્ટમ ચાલુ રહેશે.

### સેંકડો તેજસ્વી વિદેશી વિદ્યાર્થીઓ પર અટકાયત અને દેશનિકાલનું જોખમ

# USએ ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીના વિઝા રદ કરતાં ખળભળાટ મચ્યો

### છેલ્લા 3 અઠવાડિયામાં ટ્રમ્પ સરકારે કોઈ કારણ આપ્યા વગર અચાનક વિઝા રદ કરી દેવાતાં કોર્ટમાં સેંકડો અરજીઓ થઈ



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૯ ।

અમેરિકાએ છેલ્લા ત્રણ અઠવાડિયામાં ૧૦૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના વિઝા અથવા લીગલ સ્ટેટસને રદ કરવાનો નિર્ણય લીધો છે. ટ્રમ્પ સરકારે કોઈ કારણ આપ્યા વગર ઓચિંતો આ નિર્ણય લીધો હોવાના દાવા સાથે અમેરિકાની વિવિધ કોર્ટમાં સેંકડો અરજીઓ દાખલ કરવામાં આવી છે. યુએસ સરકારના આ નિર્ણયથી સેંકડો તેજસ્વી વિદ્યાર્થીઓ પર અટકાયત અને દેશનિકાલનું જોખમ તોળાઈ રહ્યું છે. સરકારના આ નિર્ણયનો ભોગ બનેલા વિદ્યાર્થીઓ હાર્વર્ડ અને સ્ટેનફોર્ડ જેવી જાણીતી ખાનગી યુનિવર્સિટીથી માંડીને યુનિવર્સિટી ઓફ મેરીલેન્ડ અને ઓહાયો સ્ટેટ યુનિવર્સિટી જેવી સરકારી યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહ્યા છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ૧૬૦ કોલેજ-યુનિવર્સિટીના ૧૦૨૪ વિદ્યાર્થીના વિઝા અને લીગલ સ્ટેટસ અચાનક રદ કરી દેવાયા છે. માર્ચ મહિનાના છેલ્લા અઠવાડિયાથી આ કાર્યવાહી ઓચિંતી શરૂ થઈ હતી. સરકાર સામે કેસ માંડનારા વિદ્યાર્થીઓનો દાવો છે કે, વિઝા અને લીગલ સ્ટેટસ રદ કરવાના નિર્ણય બાબતે સરકાર તરફથી કોઈ કારણ અપાયું નથી. વિઝા રદ કરવા માટે અનેક સંભવિત પરિબળો જવાબદાર હોઈ શકે છે, પરંતુ કેટલીક કોલેજોનો દાવો છે કે, ટ્રાફિક ભંગ જેવા જૂના ક્ષુલ્લક કેસ સરકારે શોધ્યા છે અને તેના આધારે વિદ્યાર્થીઓના વિઝા આડેધડ રદ થઈ રહ્યા છે. સરકારી તંત્ર ઈરાદાપૂર્વક કેટલાક દેશના વિદ્યાર્થીઓને ટાર્ગેટ કરી રહ્યું હોવાનો દાવો પણ થઈ રહ્યો છે.ગત સપ્તાહે ન્યૂ હેમ્પશાયરના ફેડરલ જજે, ચીનના વિદ્યાર્તી શીઓટિઆન લ્યુના વિઝા રદ કરવાના સરકારના હુકમને અયોગ્ય ઠેરવ્યો હતો. જ્યોર્જિયા અને કેલિફોર્નિયામાં પણ આ પ્રકારના સંખ્યાબંધ કેસ થયા છે. કેટલાક હાઈપ્રોફાઈલ કેસમાં ટ્રમ્પ સરકારે પુરાવા પણ રજૂ કર્યા છે. કોલંબિયા યુનિવર્સિટીના એક્ટિવિસ્ટ મોહંમદ ખલીલે પેલેસ્ટાઈન તરફી ગતિવિધિઓ કરી હોવાનો અને ગેરકાયદે વસાહતીઓને ડીપોર્ટ કરવાના નિર્ણયનો વિરોધ કર્યો હોવાનો દાવો સરકારે કર્યો હતો. જો કે મોટા ભાગના કેસમાં વિદ્યાર્થીઓની સંડોવણી કોઈ વિવાદાસ્પદ કામગીરીમાં જણાઈ નથી.

# યમનમાં હુથી વિદ્રોહીઓ ઉપર અમેરિકાનો ભયાનક હવાઈ હુમલો

। (એજન્સી) યમન, તા.૧૯ ।

અમેરિકાએ યમનના રાસ ઈસા તેલ બંદર પર ભયાનક હવાઈ હુમલો કર્યો છે, જેમાં ઓછામાં ઓછા ૭૪ લોકોના મોત અને ૧૭૧ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ માહિતી યમનમાં સક્રિય હુથી વિદ્રોહીઓએ આપી છે. માહિતી મુજબ, આ હુમલો ગુરુવાર મોડી રાત્રે (૧૮ એપ્રિલ, ૨૦૨૫) એક બંદર પર કરાયો હતો. બંદર પર અનેક લોકો કામ કરી રહ્યા હતા, આ દરમિયાન અચાનક હવાઈ હુમલા થતા મોટી જાનહાનિ થઈ છે. અમેરિકી સેનાની સેન્ટ્રલ કમાન્ડે હુમલાની પુષ્ટિ કરતા કહ્યું કે, અમારો ઉદ્દેશ્ય હુથી વિદ્રોહીઓના ઈંધણ અને આર્થિક સંસાધનોને નબળા પાડવાનો હતો. અલ-જઝીરાના રિપોર્ટ અનુસાર, હુમલામાં બંદર અને તેની આસપાસના વિસ્તારોને ખાસ કરીને નિશાન બનાવવામાં આવ્યા હતા. બંદરના કર્મચારીઓ અને ટ્રક ડ્રાઈવરો પણ હુમલાની ઝપેટમાં આવી ગયા હતા. હકીકતમાં રાસ ઈસા બંદર યમન માટે ખૂબ જ મહત્ત્વનું છે, કારણ કે અહીંથી અર્થવ્યવસ્થા અને માનવતાવાદી સહાય પુરવઠાની કામગીરી ચાલતી હોય છે. દેશની ૭૦ ટકાથી વધુ આયાત આ બંદર પરથી થાય છે, જ્યારે ૮૦ ટકા માનવતાવાદી સહાય પણ આ જ બંદર પરથી આવે છે. હુમલા પછી આ વિસ્તારમાં ભારે વિરોધ જોવા મળ્યો છે.

# 'ફૂલે' ફિલ્મના વિરોધ વચ્ચે અનુરાગ કશ્યપની વિસ્ફોટક ટિપ્પણીથી વિવાદ

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

બોલીવુડ ફિલ્મ નિર્માતા અનુરાગ કશ્યપે બ્રાહ્મણ સમુદાયના એક વર્ગને નિશાન બનાવતી આઘાતજનક અને ઉશ્કેરણીજનક ટિપ્પણી કરીને વિવાદનું વંટોળ ઊભું કર્યું છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) અને કેટલાક બ્રાહ્મણ જૂથો દ્વારા કરવામાં આવેલી આકરી ટીકા બાદ, દિગ્દર્શક ફરી એકવાર રાષ્ટ્રીય ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. સમાજ સુધારક જ્યોતિરાવ અને સાવિત્રીબાઈ ફૂલે પર આધારિત બાયોપિક, ફુલેને લગતા વિવાદને લઈને અનુરાગ કશ્યપે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) અને બ્રાહ્મણ સમુદાયના એક વર્ગ પર નિશાન સાધ્યું છે.અનંત મહાદેવન દ્વારા દિગ્દર્શિત અને પ્રતીક ગાંધી અને




પત્રલેખા અભિનીત આ ફિલ્મ મૂળ ૧૧ એપ્રિલે રિલીઝ થવાની હતી પરંતુ વિરોધને કારણે તેને ૨૫ એપ્રિલ સુધી મુલતવી રાખવામાં આવી હતી. મહારાષ્ટ્રના બ્રાહ્મણ સમુદાયે ફિલ્મમાં ખોટા ચિત્રણનો આરોપ લગાવ્યા બાદ અનંત મહાદેવનની ફિલ્મ, ફુલેની રિલીઝમાં વિલંબ થયો છે. આ ફિલ્મમાં પ્રતિક ગાંધી જ્યોતિરાવ ફુલે તરીકે અને પત્રલેખા સાવિત્રીબાઈ ફુલેના પાત્રમાં છે, જે બે સમાજ સુધારકોના ક્રાંતિકારી યોગદાનને દર્શાવે છે. CBFC એ ૭ એપ્રિલના રોજ ફિલ્મને 'U' પ્રમાણપત્ર આપ્યું હતું, પરંતુ 'મહાર', 'માંગ', 'પેશવાઈ' જેવા જાતિ સંદર્ભો દૂર કરવા અને "૩,૦૦૦ વર્ષ જૂની ગુલામી" વાક્યને બદલવા સહિત અનેક સંપાદનોની માંગ કરી હતી. મહાદેવને પુષ્ટિ આપી કે આ ફેરફારો લાગુ કરવામાં આવ્યા છે. અનુરાગે ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝમાં લખ્યું, "મારા જીવનનું પહેલું નાટક જ્યોતિરાવ અને સાવિત્રીબાઈ ફૂલે પર હતું. ભાઈ, જો આ દેશમાં જાતિવાદ ન હોત, તો તેમને લડવાની શું જરૂર હતી? હવે આ બ્રાહ્મણ લોકો શરમ અનુભવી રહ્યા છે અથવા તેઓ શરમથી મરી રહ્યા છે અથવા તેઓ એક અલગ બ્રાહ્મણ ભારતમાં જીવી રહ્યા છે જે આપણે જોઈ રહ્યા છીએ." મને ખબર નથી પડતી કે તે કોણ છે.

# 'તમે તો નવો કાયદો શોધી કાઢ્યો' SCએ MP હાઇકોર્ટની ઝાટકણી કાઢી

### કાયદાના સામાન્ય ઉલ્લંઘનના કેસોમાં જામીનનો ઇનકાર કરતી ટ્રાયલ કોર્ટ અને હાઇકોર્ટ સામે પણ સુપ્રીમે સખત નારાજગી વ્યક્ત કરી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

મધ્યપ્રદેશ હાઈકોર્ટના એક આદેશ સામે રોષ ઠાલવતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે અમને આશ્ચર્ય થાય છે કે હાઈકોર્ટે એક નવો કાયદો શોધી કાઢ્યો છે, જેનો કોઈ આધાર નથી. મધ્યપ્રદેશ હાઈકોર્ટે તેના વિવાદાસ્પદ આદેશમાં જણાવ્યું હતું કે દોષિતની સજા સ્થગિત કરવાની કે જામીન આપવાની અરજીને ત્યારે જ મંજૂરી આપવામાં આવશે જ્યારે તે અડધી સજા પૂરી કરે. સુપ્રીમે જામીન મંજૂર કરતાં જણાવ્યું હતું કે હાઈકોર્ટમાં કેસોના ભરાવાને કારણે નજીકના ભવિષ્યમાં સજા સામેની અપીલની સુનાવણી થવાની શક્યતા ન હોય તો દોષિતને જામીન આપવા જોઈએ. અમને આશ્ચર્ય થાય છે કે હાઈકોર્ટે એક નવો કાયદો શોધી કાઢ્યો છે, જેનો કોઈ આધાર નથી. હાઈકોર્ટે કાયદાને યોગ્ય રીતે લાગુ કરવો જોઈતો હતો અને અરજદારને જામીન માટે સુપ્રીમ કોર્ટમાં આવવું પડે તેવી સ્થિતિ ઊભી કરવી જોઈતી ન હતી. હાઈકોર્ટના આદેશમાં જણાવાયું હતું કે અપીલકર્તાના પેન્ટના ખિસ્સામાંથી નકલી ચલણી નોટો મળી આવી છે અને તેના માટે કોઈ સ્પષ્ટતા નથી તે હકીકતને ધ્યાનમાં રાખીને સજા સસ્પેન્શન અને જામીન મંજૂર કરવા માટે કોઈ આધાર બનતો નથી. પ્રથમ અરજી નકારી કાઢ્યાના બે મહિનામાં જ બીજી અરજી કરી છે.

## વિશેષ

### વિજયભાઇ પટેલે બોરખલ ખાતે દમણગંગા વિભાગના ડેમની મુલાકાત લઇ ગુણવત્તા સભર કામગીરી કરવા સાથે લક્ષિત લાભાર્થી વિસ્તારને પાણી પહોંચે તેવી વ્યવસ્થા કરવા સુચનો કર્યા

# વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલે બોરખલ તેમજ દેવીનામાળ પાણી પુરવઠા જુથ યોજનાની સ્થળ મુલાકાત લઇ પાણી અંગેની સમીક્ષા કરી







। (માહિતી) ડાંગ ।

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા નગરની પાણી સમસ્યા બાબતે આજરોજ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલે બોરખલ ડેમ, અને દેવીનામાળ પાણી પુરવઠા જુથ યોજનાની આકસ્મિક સ્થળ મુલાકાત લઈ પાણી સમસ્યા હલ કરવા અંગે અધિકારીશ્રીઓને સુચનો કર્યાં હતાં. આહવા નગરમાં હાલ ભીસ્યા ડેમ, નીલશાક્યા ડેમ અને દેવીનામાળ ડેમમાંથી પાણી પુરૂ પાડવામાં આવી રહેલ છે. પરંતુ ઉનાળામાં ડેમમાં પાણી ખુટી જવાથી પાણી સમસ્યા ઉદભવે છે. જે સમસ્યા નિરાકરણ માટે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલે બોરવેલ શાખાને જણાવેલ હતું અને જે મુજબ દેવીનામાળ ડેમની આજુબાજુ પાણીનો સ્ત્રોત શોધી ત્રણ બોરની કામગીરી પુર્ણ કરવામાં આવી છે. જેને હયાત પાઈપલાઈનમાં જોડી આહવાને પાણી પુરુ પાડવામાં આવી રહ્યું છે. વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલે રૂબરૂ આ પાણી વ્યવસ્થાની સ્થળ મુલાકાત કરી હતી. આ સાથે જ છાપાઓમાં પ્રસિધ્ધ થયેલ અખબારી અહેવાલો બાદ બોરખલ ખાતે દમણગંગા વિભાગના ડેમની પણ મુલાકાત લઈ ગુણવત્તા સભર કામગીરી કરવા સાથે લક્ષીત લાભાર્થીના હેક્ટર વિસ્તારને પાણી પહોચેં તેવી વ્યવસ્થા કરવા અધિકારોને સુચનો કર્યા હતા. બોરખલ ખાતે દમણગંગા વિભાગ દ્વારા બનાવવામાં આવી રહેલ ડેમની લંબાઈ ૬૫ મીટર છે. અને ઊંચાઈ ત્રણ મીટર છે. આ ડેમ થી ૪૩ હેક્ટર વિસ્તારમાં લાભ થશે. ડાંગ જેવા વિશિષ્ટ ભૌગોલિક વિસ્તારમાં વસતા પ્રજાજનોને પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે સતત ચિંતિત અને પ્રયાસરત રાજ્ય અને કેન્દ્ર સરકારના ઉદ્દેશની પૂર્તિમાં જો કોઈ અધિકારી કે ઈજારદારની બેદરકારી બહાર આવશે તો તે સાંખી નહિ લેવાય, તેમ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલે સ્પષ્ટ પણે જણાવ્યું હતું. આ સાથે જ પાણી જેવા પ્રાણ પ્રશ્ને પાણી પુરવઠા, વાસ્મો, યાંત્રિક વિભાગ, સિંચાઈ જેવા વિભાગોના અધિકારીઓએ સ્થાનિક પદાધિકારીઓ સાથે સંકલન કેળવી, પાણીના વ્યય સામે પણ સાવચેતી કેળવવાની સૂચના આપી હતી. પાણીના એક એક ટીપાનો સદઉપયોગ થાય તે સુનિશ્ચિત કરવા સાથે પાઈપ લાઈનોના ભંગાણો, સંબંધિત ઈજારદાર સાથે મળી સત્વરે દૂરસ્ત કરવાની દરકાર લેવા પણ નાયબ મુખ્ય દંડકશ્રીએ સૂચના આપી હતી. વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલની આ મુલાકાત દરમિયાન આહવા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી સુરેશભાઈ ચૌધરી સહિત પાણી પુરવઠા વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ન્યૂઝ બ્રિફ

### ધારાસભ્ય મહેન્દ્ર પાડલિયાના વિરોધમાં પત્ર ફરતા થયા

। (એજન્સી) ધોરાજી, તા.૧૯ ।

અમરેલી બાદ ગુજરાતમાં વધુ એક લેટર કાંડથી ચકચાર મચી ગયો છે. ધારાસભ્ય મહેન્દ્ર પાડલિયા પર ગંભીર આક્ષેપ લાગ્યા છે. મહેન્દ્ર પાડલિયા ભ્રષ્ટાચારી અને ખંડણીખોર હોવાના આરોપ પત્રમાં કરાયા છે. ધારાસભ્યના નામનો લેટર ફરતો થતા ફરીથી ભાજપ માં રાજકારણ ગરમાયું છે. અમરેલી લેટરકાંડ બાદ વધુ એક લેટરકાંડ સામે આવ્યો છે. ઉપલેટા ધોરાજીના ધારાસભ્ય મહેન્દ્ર પાડલિયા સામે ગંભીર આક્ષેપો કરતો લેટર સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. ધારાસભ્ય મહેન્દ્ર પાડલીયા ભ્રષ્ટાચારની માજા મૂકી હોવાનો લેટરમાં ઉલ્લેખ કરાયો છે. સાથે જ ભ્રષ્ટાચારી ધારાસભ્યથી બચાવવા માંગ કરાયોનો ઉલ્લેખ કરાયો છે. નાના કોન્ટ્રાકટર અને દેશી દારૂ વેચાણ કરતા લોકો પાસેથી પણ ઉઘરાણા કરતા અને ૨ હજાર ૩ હજાર જેવી રકમ માટે ઉઘરાણા કરતા હોવાનું પત્રમાં લખાયં છે.

### બામણવા અને જરવલા ગામ વચ્ચે કેનાલ ઓવરફ્લો, ૫૦૦ વીઘામાં પાણી ફરી વળ્યા

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૧૯ ।

પાટડી તાલુકાના બામણવા અને જરવલા ગામ વચ્ચેથી પસાર થતી નર્મદા કેનાલ ઓવરફલો થતાં આસપાસના ખેતરોમાં પાણી ફરી વળતા ખેડુતોના પાકને મોટાપાયે નુકશાન પહોંચતા તંત્ર સામે રોષ જોવા મળ્યો હતો.ગુજરાતમાં ખેતરો સુધી પાણી પહોંચાડતા ખેડૂતો માટે આશીર્વાદરૂપ છે. પરંતુ, છેલ્લા કેટલાક સમયથી કેનાલો ઓવરફલો અને તૂટવાના કારણે ખેડૂતો માટે મુશ્કેલી પણ સર્જી રહી છે. બામણવા અને જરવલા ગામ વચ્ચે નર્મદાની કેનાલ ઓવરફલો થતાં ૧૦થી વધુ ખેડૂતોની અંદાજે ૫૦૦થી ૬૦૦ વિધા જમીન પર પાણી ફરી વળતાં ઘઉં સહિતના પાકને નુકસાની પહોંચ્યું હતું. તાલુકામાં અવાર-નવાર જાણ કર્યા વગર નર્મદા વિભાગ દ્વારા મુખ્ય તેમજ માઈનોર કેનાલ પાણી છોડવામાં આવતા ઓવરફલો થઈ પાણી ખેતરોમાં ફરી વળતા ખેડૂતોની હાલત કફોડી બની છે. ખેડૂતોએ વારંવાર કેનાલ ઓવરફલો થવાની સમસ્યાનો કાયમી ઉકેલની અને નુકસાની અંગે વળતર ચુકવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

અમદાવાદ-વડોદરા અને રાજકોટમાં રેલી યોજાઈ

# ભાજપની ભગીની સંસ્થાઓ પશ્ચિમ બંગાળ રમખાણો મુદ્દે રસ્તા પર ઉતરી

## વિશ્વ હિન્દુ પરિષદ - બજરંગ દળએ રેલી યોજી પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની માંગ કરી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।



પશ્ચિમ બંગાળમાં વક્ફ કાયદાના વિરોધની આડમાં હિન્દુઓ પર અત્યાચાર મામલે અમદાવાદ-વડોદરા અન રાજકોટમાં વિશ્વ હિન્દુ પરિષદ - બજરંગ દળએ રેલી યોજી પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની માંગ કરી હતી. અમદાવાદના સુભાષ બ્રિજ ખાતે મમતા બેનરજીનું પૂતળું બાળી વિરોધ નોંધાવતાં પોલીસ અને હિન્દુ સંગઠનો વચ્ચે ચકમક ઝરી હતી. તો બીજી તરફ વડોદરામાં યુસુફ પઠાણનો વિરોધ કરવા રસ્તે ઉતર્યા હતા, ત્યારબાદ બેનરો સાથે કલેક્ટર કચેરી સુધી રેલી કાઢી હતી. રેલી દરમિયાન જયશ્રી રામ નારા અને હનુમાન ચાલીસાનું પઠન કર્યું હતું. તો રાજકોટમાં પણ પશ્ચિમ બંગાળમાં હિન્દુઓની હત્યાની તપાસ એનઆઈએને સોંપવાની માંગ સાથે કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી.

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં વક્ફ સુધારા કાયદાના વિરોધમાં સાંપ્રદાયિક હિંસા ફાટી નીકળી હતી, જેમાં ૩ લોકોએ જીવ ગુમાવ્યા હતા. અસામાજિક તત્ત્વોએ ભારે હોબાળો મચાવ્યો અને ઘણા હિન્દુ પરિવારોને નિશાન બનાવ્યા હતા. ઘણા વાહનોને આગ ચાંપી દેવામાં આવી હતી અને ઘરોમાં તોડફોડ કરવામાં આવી હતી. જેથી ત્યાંના લોકો ડરી ગયા છે અને સ્થળાંતર કરી રહ્યા છે. જેના કારણે હિન્દુ સમાજમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. ત્યારે બંગાળ હિંસાના પડઘા ગુજરાતમાં પણ પડ્યા છે.

આજે (શનિવારે) અમદાવાદમાં સુભાષ બ્રિજ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કારોકરો વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ યોજ્યો હતો. આ દરમિયાન તેમણે સૂત્રોચ્ચાર દરમિયાન તેમણે મમતા બેનરજીનું પૂતળું બાળતાં પોલીસ અને હિન્દુ સંગઠનો વચ્ચે ચકમક ઝરી હતી. જોકે થોડીવારમાં મામલો શાંત પડી ગયો હતો. હાલમાં પોલીસ દ્વારા ડિટેઈન કરવાની કાર્યવાહી ચાલી રહી છે.

આ તરફ વડોદરાના ઓપી રોડ ખાતે પણ ભારે સૂત્રોચ્ચાર સાથે ધરણા પ્રદર્શન યોજ્યા બાદ બેનર-પોસ્ટર સાથે રેલી કાઢી કલેક્ટરને આવેદન પત્ર પાઠવી પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની માંગ કરી હતી. સંગઠનના અગ્રણીઓનું કહેવું છે કે, વક્ફ કાયદાના વિરોધની આડમાં પશ્ચિમ બંગાળ રાજ્ય સરકાર સમર્થિત હિન્દુ વિરોધી તોફાન મામલે ભારત સરકાર એક્શનમાં આવે, રાષ્ટ્રપતિ સંજ્ઞા લે, અને તૃણમૂલ કોંગ્રેસની સરકાર હટાવી પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ થાય. જાણિતા ક્રિકેટર અને પશ્ચિમ બંગાળના બેહરામપુર સીટ પરથી વિજેતા બનેલા ્સ્ઝ સાંસદ યુસુફ પઠાણ હિન્દુઓ પર અત્યાચારની નિંદા પણ ન કરી શકતા તેઓની વિરુદ્ધ લોકોમાં ચરુ ઉકળી રહ્યો હોય તેવી પરિસ્થિતિ છે. ત્યારે ભાજપની ભગીની સંસ્થાઓ યુસુફ પઠાણનો પણ વિરોધ કરવા રસ્તે ઉતરી છે.

RTOએ કરી ફરિયાદ

# મોટા ચિલોડા ખાતે ટેસ્ટીંગ સેન્ટરમાં અનફીટ ગાડીઓને ફીટ કરવાનું કૌંભાડ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૯ ।

જિલ્લાના આવેલા મોટા ચિલોડામાં આવેલા જીજી સ્ટોન ઓટોમેટેડ ટેસ્ટીંગ સેન્ટરમાં અનફીટ ગાડીઓને ફીટ કરવાનું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. આ જીજી ટેસ્ટીંગ સેન્ટર ચલાવતા સંચાલક દ્વારા ૬૬૯ વાહનોને સેન્ટરમાં લાવ્યા વિના જ ફીટનેસ પ્રમાણપત્ર આપવામાં પ્રકાશમાં આવ્યું છે. આમ ખોટી રીતે વાહનના ફોટા પાડી અપલોડ કરી ફી વસુલી ૭.૩૬ લાખ રૂપિયાની વસુલાત કરી સરકાર સાથે છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું છે. તેમજ જીજી સ્ટોન ઓટોમેટેડ ટેસ્ટીંગ સેન્ટરમાં એજન્સી દ્વારા વિવિધ પ્રકારે કુલ ૯૯૩ વાહનોને ખોટી રીતે સર્ટિફિકેટ આપી દેવાનું કૌભાંડ અંગે ગાંધીનગર RTO અધિકારી જાણ થતાં સેન્ટરના સંચાલક સામે ચિલોડા પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ સમગ્ર કૌભાંડ અંગે વિસ્તૃત માહિતી આપતા ગાંધીનગર RTO અધિકારી ડી.બી.વણકરે કહ્યું હતું કે, મળતી માહિતી મુજબ ગાંધીનગર પાસેના મોટા ચિલોડામાં એસએસ સ્ટોન ઓટોમેટેડ ટેસ્ટીંગ સ્ટેશનને ઓથોરાઇઝડ સેન્ટર આવેલું છે. આ સેન્ટરને વર્ષ ૨૦૨૩માં મંજૂરી આપવામાં આવી હતી. ત્યારે ફીટનેસ સેન્ટર રાજ્ય અથવા રાજ્ય બહાર નોંધાયેલા વાહનોનું સર્ટિફિકેટ આપી શકે છે. ત્યારે વાહન ચાલકે અરજી ફી ભર્યા પછી ફીટનેસ સેન્ટર ખાતે વાહન લાવ્યા પછી તેનું ફીટનેસ પ્રમાણપત્ર આપવાનુંથાયછે.પરંતુએસએસસ્ટોનટેસ્ટીંગ સ્ટેશનના સંચાલક દ્વારા ખોટી રીતે પ્રમાણ પત્ર આપવામાં કૌભાંડ આચરવામાં આવ્યું છે. સંચાલકે સેન્ટરમાં વાહન લાવ્યા વિના જ પ્રમાણપત્ર ઈશ્યૂ કરી દીધા છે. સ્ટેશન દ્વારા કુલ ૧૧૨૬ વાહનોના ફીટનેસ ટેસ્ટ લેવામાં આવ્યા હતા. જેમાં ૬૬૯ વાહનોના ટેસ્ટ લીધા વિના જ ફીટ કરી દેવામાં આવ્યા હતા. સેન્ટરના સીસીટીવી ચેક કરવામાં આવતા વાહનો ઓછા સેન્ટર ખાતે જોવા મળ્યા હતા. વાહનોના ટેસ્ટ લીધા વિના જ બારોબાર વાહનની ગેરહાજરીમાં ફોટો એડિટ કરીને ટેસ્ટ રિપોર્ટ બનાવવામાં આવતો હતો અને તેને અપલોડ કરી બનાવટી સરકારી દસ્તાવેજ તૈયાર કરતા હતા. ૬૬૯ વાહનોનો ટેસ્ટ લીધા વિના ફીટ કર્યા ૩૨૪ વાહનોને ફીટ જાહેર કરી રીન્યુ કર્યા ચિલોડાની એસએસ સ્ટોન ટેસ્ટીંગ સેન્ટર દ્વારા વાહનોને ફીટનેસ પ્રમાણપત્ર આપ્યું હોવાનું જાણકારી મળી છે.

એક ફૂલ દો માલી જેવી કહાનીનો કરૂણ અંજામ

# લાખીયાણી ગામ પાસે થયેલ યુવકની હત્યાનો ભેદ ઉકેલાયો

## એક યુવતીને બંને મિત્રો પ્રેમ કરતા હતા જેથી મિત્રએ મિત્રની હત્યા કરી : પોલીસે આરોપીની ધરપકડ કરી

। (માહિતી) બોટાદ, તા.૧૯ ।

લાખીયાણી ગામ પાસે થયેલ યુવકની હત્યાનો ભેદ ઉકેલાયો હતો, જેમાં એક યુવતીને બંને મિત્રો પ્રેમ કરતા હતા જેથી મિત્રએ મિત્રની હત્યા કરી હતી, બોટાદ પોલીસે ગણત્રરીની કલાકમાં આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે. બોટાદ જિલ્લાના લાખીયાણી ગામ નજીક ગઈકાલે સવારના સમયે એક યુવકની હત્યા કરેલી હાલતમા મૃતદેહ મળેલ. જેથી પોલીસને જાણ થતાં DYSP, રૂરલ પોલીસ, LCB, SOG સહિત પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયા હતા અને તપાસ કરતા યુવકના માથાના ભાગે મોટો પત્થર મારીને તેની હત્યા કરી હોવાનું બહાર આવતા પોલીસે મૃતકની તેમજ હત્યારાની ઓળખ અને હત્યાનું કારણ જાણવા માટે તપાસ શરૂ કરી હતી. મૃતક યુવાનના બહેને બોટાદ રૂરલ પોલીસને ફરીયાદ આપતા જણાવ્યું હતું કે મૃતક મેહુલ બુધાભાઈ તડવી ગામ સીગપુર હાલોલ, પંચમહાલ જિલ્લાના વતની છે અને બોટાદના લાખીયાણી ગામે ખેત મજુર તરીકે કામ કરતો હતો. તેમજ મૃતક યુવાનના મિત્ર રાકેશ પ્રવિણ ભીલ નસવાડીનો વતની છે. તેણે તેના મિત્રની હત્યા કરી હોવાનું જણાવતા બોટાદ રૂરલ પોલીસે રાકેશ પ્રવિણ ભીલ વિરૂધ્ધ હત્યાનો ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા. લાખીયાણી ગામે મેહુલ બુધાભાઈ તડવી નામના યુવકની થયેલ હત્યા ને મામલે બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષક ની સૂચનાથી પોલીસે DYSP, LCB, SOG સહિત અલગ અલગ ટીમો બનાવી આરોપીને પકડવા શોધખોળ શરૂ કરેલ ત્યારે પોલીસે હત્યારા રાકેશ પ્રવિણ ભીલ ની ધરપકડ કરી હતી.

# આજે GPSC ક્લાસ ૧-૨ની પરીક્ષા યોજાશે

। (માહિતી) અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC)ની ક્લાસ ૧-૨ની પરીક્ષા રવિવારે (૨૦ એપ્રિલ, ૨૦૨૫) યોજાશે. જેમાં ગુજરાતના ૨૧ જિલ્લામાં ૯૭ હજારથી વધુ ઉમેદવારો માટે પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષા કેન્દ્ર પર ઉમેદવારોને પોણા બે કલાક વહેલા પ્રવેશ આપવામાં આવશે. GPSCની ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ની જાહેરાત ક્રમાંક- ૨૪૦/૨૦૨૪-૨૫ની કુલ ૨૪૪ જગ્યા માટે આવતીકાલે રવિવારે પ્રિલિમિનરી પરીક્ષા યોજાશે. જેમાં GPSCની વર્ગ-૧ની ૩૯ અને વર્ગ-૨ની ૧૬૮ માટે પરીક્ષા યોજાશે. જેમાં ૧૨:૦૦થી ૩:૦૦ વાગ્યા સુધીમાં પરીક્ષા લેવામાં આવશે. જ્યારે દિવ્યાંગ ઉમેદવારો માટે ખાસ ભરતી ઝૂંબેશ હેઠળ કુલ ૩૭ જગ્યા પર ભરતી કરાશે. જેમાં વર્ગ-૧ માટે ૯ અને વર્ગ-૨ માટે ૨૮ જગ્યાઓ માટે પરીક્ષા લેવાશે. GPSCની ચેરમેન હસમુખ પટેલે કહ્યું કે, રાજ્યના ૪૦૫ પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષાના ઉમેદવારોની હાજરીમાં ઉત્તરવહી પેકિંગ કર્યા બાદ તેમાં સહી લેવામાં આવશે અને પછી પેકિંગની કામગીરી પૂર્ણ થયા બાદ જ ઉમેદવારોને બહાર જવા દેવામાં આવશે. જ્યારે દિવ્યાંગ ઉમેદાવારો માટે વ્યવસ્થા કરવામાં આવી છે. પરીક્ષાના આયોજનનો લઈને ગત ગુરુવારે દરેક જિલ્લાના અધિકારી સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી મિટિંગ કરીને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

હાંફેશ્વરના લોકોની ચીમકી

# અમને પાણી નહિ મળે તો નર્મદાનું પાણી આગળ પણ નહિ જવા દઈએ

## નર્મદાથી ૨૦૦ મીટર દૂર પાણી માટે લોકો તરસ્યા

। (માહિતી) છોટાઉદેપુર, તા.૧૯ ।

ઉનાળાની શરૂઆત થતા જ છોટાઉદેપુરના સરહદી વિસ્તાર કવાંટ તાલુકામા પાણીનો પોકાર શરૂ થયો છે. ગુજરાતની જીવાદોરી સમાન મા નર્મદા નદી કે જે છોટાઉદેપુરના હાફેશ્વર ગામેથી ગુજરાતમાં પ્રવેશે છે અને કચ્છ કાઠિયાવાડ સુધી તેનું પાણી સરકાર પહોંચાડે છે. પરંતુ હાફેશ્વર ગામના લોકોને જ પીવાનું અને સિંચાઈનું પાણી મળતું નથી. નર્મદાના કિનારે વસેલા લોકો માત્ર નદી જોઈ શકે છે. પરંતુ પાણી પી શક્તા નથી. હાફેશ્વરના લોકો નદી કિનારે જ તરસ્યા હોવાનુ સામે આવ્યું છે. છોટાઉદેપુરનો કવાંટ તાલુકામા ઉનાળાની શરૂઆત થતાં જ પાણી માટે મહિલાઓ વલખા મારતી નજરે પડે છે. ત્યારે નર્મદાના કિનારે વસેલું હાફેશ્વર ગામ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ગુજરાત બોર્ડ પર વસેલું ગામ છે. નર્મદા નદી પણ હાફેશ્વર ગામમાંથી જ ગુજરાતમાં પ્રવેશે છે. પરંતું ૨૦૦ મીટર દૂર આવેલ હાફેશ્વર ગામને જ નર્મદાનું પાણી મળતું નથી.

હાફેશ્વર ગામની ૭૦૦૦ ની વસ્તી છે અને ધાર્મિક સ્થળ પણ આવેલું છે અને પર્યટકો પણ મોટી સંખ્યામાં આવે છે. લોકો નર્મદા પરિક્રમા માટે પણ હાફેશ્વર ગામમાં આવેલ મંદિરમાં રોકાય છે. પરંતુ નર્મદાનું પાણી લોકોને મળતું નથી.

હાફેશ્વર ગામેથી નર્મદાનું પાણી દાહોદ, કચ્છ, કાઠીયાવાડ અને રાજસ્થાન સુધીને પહોંચાડવામાં આવ્યું છે. પરંતુ નર્મદાના કિનારે વસેલું હાફેશ્વર ગામને જ નર્મદાનું પાણી મળતું નથી.

ગામમાં કુલ ૧૨ જેટલા ફળિયા આવેલા છે, જેમાંથી બે જ ફળિયાને નર્મદાનું પાણી મળે છે. ૧૦ જેટલા ફળિયાને નર્મદાનું પાણી મળતું નથી, જેને લઈને મહિલાઓને ખીણમાંથી પાણી લાવવાનો વારો આવે છે. ગુજરાત સરકાર દ્વારા અને કેન્દ્ર સરકાર દ્વારા નલ સે જલ યોજના બહાર પાડવામાં આવી છે. પરંતુ આ યોજના માત્ર કાગળ પર જ હોય તેવું હાફેશ્વર ગામમાં જણાય છે. હાફેશ્વર ગામમાં ૧૦ જેટલા ફળિયાની અંદર નલ સે જલ યોજનાની કામગીરી કરવામાં ન આવી હોય તેવું ગ્રામજનો જણાવી રહ્યા છે. ગામમાં ઘરે ઘરે નળ પણ બેસાડવામાં નથી આવ્યા, પાઈપલાઈનો પણ નાખવામાં નથી આવી. જેને લઈને લોકોને ભારે તકલીફોનો સામનો કરવાનો વારો આવ્યો છે. હાફેશ્વર ગામ એ ડુંગરોથી ઘેરાયેલું ગામ છે. છુટા છવાયેલા ઘરો છે અને આદિવાસી વિસ્તાર ધરાવે છે. લોકોને પાણી ન મળતા ખીણમાંથી માથા પર બેડા મૂકીને ડુંગર ચઢી મહિલાઓ પાણી લાવવા માટે મજબૂર બની છે. હાફેશ્વર ગામની અંદર ૨૦ તારીખે એક યુવતીનું લગ્ન હોય પરંતુ પાણીના કારણે યુવતીના પરિવારજનો ચિંતિત બન્યા છે યુવતીના ઘરમાં માટીનું લીપન કરી રંગ રોગણ કરી દેવામાં આવ્યું છે. પરંતુ ગામમાં પાણીની કોઈ સુવિધા ન હોય જેને લઈને યુવતીના પરિવારજનો ચિંતિત બન્યા છે. હાલ જે ફળિયાના લોકો છે તે યુવતીના લગ્ન માટે કોતરમાંથી પાણી લાવી પાણીના બેરલો ભરી પાણી ભેગુ કરવા માટે મજબૂર બન્યા છે. હાફેશ્વર ગામમાં પાણીની તંગીને લઈને કવાંટ તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ પિન્ટુ રાઠવા પણ પહોંચ્યા હતા અને સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. નલ સે જલ યોજનાને સારી યોજના ગણાવી, પરંતુ તંત્ર અને અધિકારીઓ અને કોન્ટ્રાકટર મળીને જે નામની યોજના બનાવી દીધી છે. આ માત્ર એમના ફાયદા માટે જ બનાવમાં આવે છે. કવાંટ તાલુકામાં આદિવાસી લોકો સાથે અન્યાય થાય છે. આંખની સામે નર્મદાનું પાણી છે, પરંતુ અહીં જ મળતું નથી અને હજારો કિલોમીટર દૂર પહોંચાડી દેવામાં આવ્યું છે. જો કવાંટ તાલુકાના લોકોને નર્મદાનું પાણી નહીં મળે તો આગામી સમયમાં આ પાણી આગળ પણ નહિ જવા દેવા માટે ચીમકી આપી છે અને વહેલી તકે પાણી મળે તેવી માંગ કરી રહ્યા છે.

કુટુંબીઓએ મિત્રોને સાથે રાખી યુવાનની કરી હતી હત્યા

# પ્રેમ સબંધના કારણે રાજપરાના યુવાનની હત્યા કરનાર બે ઝડપાયા

। (એજન્સી) ભાવનગર, તા.૧૯ ।

ઘોઘાના રાજપરા-ખારા ગામે બે દિવસ પૂર્વે પ્રેમ સબંધના મામલે યુવાનની હત્યામાં સંડોવાયેલાં મુખ્ય બે આરોપીને પોલીસે ઝડપી પાડયા હતા. કૌટુંબિક સભ્યોએ મિત્રની મદદથી યુવાનની હત્યા કર્યાનું જાહેર થયા બાદ તમામ હત્યારા ફરાર હતા.

ઝડપાયેલાં બન્ને મુખ્ય હત્યારાને કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ આપ્યા છે. બનાવની વિગત એવી છે કે, ઘોઘા તાલુકાના રાજપરા ખારા ગામની સીમમાં આવેલી મલાર વાડી વિસ્તારમાં રહેતા રાકેશભાઈ ઝીણાભાઈ ચૌહાણ છેલ્લા ત્રણ વર્ષથી નાગધણીબા ગામના પોપટભાઈ ઓધાભાઈ પટેલની જમીનમાં ભાગ રાખી ખેતીવાડી કરતા હતા.દરમિયાનમાં રાકેશભાઈને તેમની બાજુમાં રહેતા તેમના કુટુંબી અશોકભાઈ લવજીભાઈ ચૌહાણની પુત્રી કાજલ સાથે પ્રેમ સબંધ હતો.આ સમગ્ર મામલે યુવતીના ભાઈ જયદીપ અને કુટુંબી નીતિન જેન્તીભાઈ ચૌહાણ સાથે બોલાચાલી અને ઝઘડો થતો હતો.પ્રેમ સંબંધ અને ઝઘડાની દાઝ રાખી ગત બુધવારની રાત્રિના આસપાસ મલાર વાડી વિસ્તારમાં આવેલ બાડી નાગધણીબા વાળી નળમાં જયદીપ ઉર્ફે ભકુડો અશોકભાઈ ચૌહાણ,નીતિન જેન્તીભાઇ ચૌહાણ અને તેના મિત્રોએ એકસંપ કરી રાકેશને તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી તેનું ઢીમ ઢાળી દીધું હતું.આ બનાવ અંગે મૃતકના ભાઈ અમિતભાઈએ ઘોઘા પોલીસ મથકમાં ઉક્ત શખ્સો વિરૂદ્ધ હત્યાની ફરિયાદ નોંધાવી હતી.

જમીન ફાળવણીમાં નિયમો નેવે મૂક્યાનો પણ આરોપ

# જિંદાલ ગ્રુપના જમીન કૌભાંડ કેસમાં દોષિત પૂર્વ કલેક્ટર પ્રદીપ શર્માને ૫ વર્ષની સજા

। (એજન્સી) ભુજ, તા.૧૯ ।

કચ્છ કલેકટરના કાર્યકાળ દરમિયાન પ્રદીપ શર્મા દ્વારા જિંદાલ શો પાઈપ કંપનીને આર્થિક ફાયદો પહોંચાડ્યો હોવાનો આરોપ હતો. આ ઉપરાંત ખોટી રીતે જમીન ફાળવણી કરી સરકારી તિજોરીને લાખોનું નુકસાન પહોંચાડવાના કેસમાં ભુજની કોર્ટે પ્રદીપ શર્માને દોષિત જાહેર કર્યા છે. ભુજની કોર્ટે સમાઘોઘા ખાતે આવેલી સો પાઈપ્સ લિમિટેડ જિંદાલ કંપનીને જમીન ફાળવણી મામલે કચ્છના પૂર્વ કલેક્ટર પ્રદીપ શર્મા તથા સહ આરોપીઓને ૫ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૦૦૦૦ નો દંડ ફટકાર્યો છે. પ્રદીપ શર્માએ જમીન ફાળવણીમાં નિયમો નેવે મૂક્યાનો પણ આરોપ હતો, જેને લઈને પોલીસે તપાસ કરી હતી અને આખરે તેમને ભુજની કોર્ટ દ્વારા દોષિત જાહેર કરવામાં આવ્યા છે. આ ચુકાદો ભુજ કોર્ટના ચોથા અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે સંભળાવ્યો હતો. પ્રદીપ શર્માની સાથે સાથે આ મામલે નટુભાઈ (તત્કાલીન નગરનિયોજક, ભુજ), નરેન્દ્ર પોપટલાલ (નાયબ મામલતદાર, કચ્છ) અને અજિત સિંહ ઝાલા (તત્કાલીન નિવાસી નાયબ કલેક્ટર, ભુજ) ને પણ દોષિત ઠેરવતા સજા ફટકારવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે પ્રદીપ શર્માને સરકારના પરિપત્ર અને હુકમ મુજબ ૨ હેક્ટર જમીન ૧૫ લાખ રૂપિયાની કિંમતે ઔદ્યોગિક હેતુ માટે જમીન મંજૂર કરવાની સત્તા મળી હતી. જેની સામે તેણમે ૪૭૧૭૩ ચો.મી. જમીન મંજૂરી કરી દીધી હતી.




